कर भला होगा भला
- છગનભા



વર્ષ : 7 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2017
સળંગ અંક : 37

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

આપણા પ્યારા નેતા, જેને આપણે બાપુ કહેતા તે રાષ્ટ્રપિતા હવે આપણી વચ્ચે નથી... આ દેશમાં ઝળહળી ઊઠેલી એ કોઈ સામાન્ય જ્યોતિ ન હતી. આ અનેક વર્ષો સુધી આ દેશને અજવાળનાર એ પ્રકાશ ઘણાં વધુ વર્ષો સુધી આ દેશને અજવાળશે અને હજાર વર્ષ પછી પણ એ પ્રકાશ આ દેશમાં જોઈ શકાશે અને જગત એ જોશે અને અગણિત હૃદયોને એ શાતા આપશે, કારણ એ પ્રકાશ સમકાલીન વર્તમાન કરતાં કંઈક વિશેષનું પ્રતીક હતો. જીવંત અને શાશ્વત સત્યોનો એ પ્રતિનિધિ હતો. આપણને સન્માર્ગે દોરતો, ભૂલભર્યા માર્ગેથી પાછાં વાળતો એ આ પ્રાચીન રાષ્ટ્રને સ્વાતંત્ર્ય બક્ષી ગયો... ગાંધીજીએ એમના મૃત્યુ દ્વારા જીવનની મહાન વસ્તુઓનું, જીવંત સત્યનું આપણને સ્મરણ કરાવ્યું છે અને આપણે જો તે યાદ રાખીશું તો ભારત કલ્યાણમાર્ગે હશે...

**– જવાહરલાલ નહેરુ**

✳

આપણી સ્મૃતિ – આપણું હૃદય સૌપ્રથમ રાજઘાટ પહોંચી જાય તો એ સ્વાભાવિક છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના સમયમાં આપણા જીવનમાંથી અનેક ક્લેશો પ્રગટવા પામ્યા. એ શમાવવાના પુરુષાર્થના મહાન પ્રતીક સમું રાજઘાટ છે. પુરાણા સમયમાં એક મહાનુભાવ શ્રીકૃષ્ણ-યમુનાને તટે જન્મ્યા હતા. જીવનભર ભારતની સેવાનાં કાર્યોમાં ગૂંથાયેલા રહ્યા, ક્યારેય સત્તાસ્થાન સ્વીકાર્યું નહીં. પોતે નિઃશસ્ત્ર રહી લોકકલ્યાણનાં સૂત્રો ધર્મ સંભાળે એ એમણે જોયું અને સંતે સૌરાષ્ટ્રના તીરે પારધીશર ઝીલીને વિદાય લીધી. આપણા જમાનામાં બીજા એક મહાત્મા સૌરાષ્ટ્રના સમુદ્રતટે જન્મ્યા, નિઃશસ્ત્ર યુદ્ધ જગાવીને માનવધર્મની સ્થાપના કરી સ્વજનની ગોળી ઝીલીને યમુનાને તીરે પોઢ્યા. એક આખું ચક્ર જાણે પૂરું થયું.

**– ઉમાશંકર જોષી**





તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ઓયોજિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કોલરશિપ એનાયત સમારોહ' પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો.



કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા સ્વાગત – પ્રવચન કરી રહ્યા છે.



સન્માનનીય દાતાશ્રીઓનો પરિચય કરાવતા અને પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ દાતાશ્રી ચંદુભાઈ પટેલનું અભિવાદન કરી રહ્યા છે.



મંડળના ચેરમેન અને વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે...

[અનુસંધાન કવર પૃષ્ઠ ૩]

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૭, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૭; સળંગ અંક : ૩૭

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ક્રિયાશીલ ગુજરાત (Vibrant Gujarat) – ૨૦૧૭ : શૈક્ષણિક બોધપાઠ — મણિભાઈ પ્રજાપતિ — ૧
- પ્રાસંગિક : શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ — ૪

૧. ગટરનિરીક્ષકનો રિપોર્ટ : મધર ઇન્ડિયા — મોહનલાલ પટેલ — ૬

૨. સદ્‌ગત કનુભાઈ ગાંધી અને મહાત્મા ગાંધીનો વેલો — પ્રકાશ ન. શાહ — ૧૭

૩. અનુવાદ - પ્રયુક્તિ અને પદ્ધતિના સંદર્ભમાં — ચંદ્રકાન્ત શેઠ — ૧૯

૪. માનવનિષ્ઠ કેળવણી - કેટલાક આયામો — મનસુખ સલ્લા — ૨૨

૫. મારા વિદ્યાગુરુ — પ્રિ. કેશુભાઈ પટેલ — ૨૪

૬. અલ્લડ સંતાનોનો અણઘડ ઉછેર — રણછોડ શાહ — ૨૬

૭. બૈજિક અને બીજાતીત સંખ્યાઓ — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૨૮

૮. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૨
- સિવિલ સોલ્જર જે. બી. વોરા.../ રાજ ભાસ્કર અને કનુભાઈ આચાર્ય — ૩૨
- વચન/સંપા. મૂળ કન્નડ : ડૉ. એમ. એમ. કલબુર્ગી; સંપા. ગુજરાતી અનુવાદ : ડૉ. શરીફા વીજળીવાળા, મુખ્ય અનુવાદકો : ડૉ. શરીફા વીજળીવાળા અને ડૉ. નીના ભાવનગરી
- Student's Treasure : Powerful Tools for a Successful Life / by Dr. Jaykrishna S. Patel

૯. સંસ્થા સમાચાર
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — ૩૮
- શાળા વિભાગ — ૪૨


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ક્રિયાશીલ ગુજરાત (Vibrant Gujarat) – ૨૦૧૭ : શૈક્ષણિક બોધપાઠ

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના બહુઆયામી વિકાસ હેતુ 'Vibrant Gujarat - ક્રિયાશીલ ગુજરાત'નું વૈશ્વિકસ્તરે પ્રતિ બે વર્ષના સમયાન્તરે વર્ષ ૨૦૦૩થી નિયમિત રીતે ભારે ભભક અને ધ્યેયનિષ્ઠા સાથે ક્રિયાશીલ આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્રત્યેક આયોજન જનજીવનમાં નવીન ચેતના અને ઉત્સાહનો સંચાર પેદા કરી જાય છે. આ સંબંધી ૮મું આયોજન તા. ૧૦-૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ના દિવસોમાં કરવામાં આવ્યું હતું. આ અન્વયે અન્ય પરંપરાગત કાર્યક્રમો ઉપરાંત ખાસ ધ્યાનાકર્ષક અને દષ્ટિવંત ઉપસ્થિતિ વિવિધ વિષયોમાં નોબેલ અવૉર્ડ મેળવનાર ૯ વૈજ્ઞાનિકો : હાર્ટમુટ મિશેલ - Hartmut Michel, રસાયણશાસ્ત્ર - ૧૯૮૮; હેરોલ્ડ વર્મસ - Herold Varmus, મેડિસિન - ૧૯૮૯; રીચર્ડ રોબર્ટ્સ - Richard Roberts, મેડિસિન - ૧૯૯૩; ડેવિસ ગ્રોસ - David Gross, ભૌતિકશાસ્ત્ર - ૨૦૦૪; એડા યોનાથ - Ada Yonath, રસાયણશાસ્ત્ર - ૨૦૦૯; વેંકટરામ રામકૃષ્ણન - Venkatrama Ramakrishnan, રસાયણશાસ્ત્ર - ૨૦૦૯; સર્જ આરોશ - Serge Haroche, ભૌતિકશાસ્ત્ર-૨૦૧૨; રેન્ડી શેકમેન - Randy Schekman, મેડિસિન-૨૦૧૩ અને વિલિયમ ઈ. મોર્નર - William E. Moerner, રસાયણશાસ્ત્ર - ૨૦૧૪ની હતી. નોંધવું રહ્યું કે આ બધા વૈજ્ઞાનિકો ગુજરાત સરકારના ખાસ આમંત્રણથી ઉપસ્થિત રહ્યા હતા અને તેમની સાથે 'Applied Reseach ? Fostering an Innovative

Environment' અને 'Local Research : Global Impact - Addressing Global Challenges' વિશે બે બેઠકોનું 'મહાત્મા મંદિર'માં તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાભાવિક છે કે આ બધા પ્રતિભાશાળી વૈજ્ઞાનિકોને ખાસ નિમંત્રિત કરવા પાછળનો મૂળભૂત હેતુ તેમની સાથે પ્રત્યક્ષ વિચાર-વિમર્શ કરી તેમના ચીંધ્યા માર્ગે સંશોધન કરવા પ્રવૃત્ત થવાનો રહ્યો છે. આ ઉપરાંત ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ ઍન્ડ ટૅક્નોલૉજી, ગુજરાત સરકાર અને નોબેલ મીડિયા એબીના સંયુક્ત ઉપક્રમે 'Nobel Prize Exhibition' સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું, જે તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધી ચાલુ રાખવામાં આવ્યું હતું. આ માટે આયોજકો આપણા વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે.

ગુજરાતને ક્રિયાશીલ રાખવા માટે નોબેલ અવૉર્ડ વિજેતાઓ સાથેની વિચારગોષ્ઠી એ એક દૃષ્ટિવંત અને ઉદાહરણસ્વરૂપ પહેલ હોઈ તે આવકાર્ય અને અભિનંદનીય બની રહે છે. આમ છતાં, તેમણે સૂચવેલ કેટલાંક પગલાં, જેમ કે - યુનિવર્સિટીઓને સંશોધન કેન્દ્રોમાં પરિવર્તિત કરવા અને આ માટે યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ખાસ ફંડ ફાળવવું, અદ્યતન ક્રિયાશીલ પ્રયોગશાળાઓ સ્થાપવી, સંશોધકોને ખાસ તકો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી, વૈજ્ઞાનિક સંશોધનો પાછળનો ખર્ચ સંગીત માટે ખર્ચાયેલ નાણા અને પ્રાપ્ત વળતરના દૃષ્ટિકોણથી જોવો, યુનિવર્સિટીઓના અધ્યાપકોને સંશોધન માટે ઉદારતાપૂર્વક ખાસ સવલતો આપવી વગેરે અનેકવિધ સૂચનોનો અમલ તાકિદે થાય તે જરૂરી છે, અન્યથા અર્થહીન પ્રયાસ બની રહેશે.

ગુજરાતને ક્રિયાશીલ રાખવા માટે નોબેલ અવૉર્ડ વિજેતાઓ ઉપરાંત અનેકવિધ વિષય ક્ષેત્રોમાં ગુજરાતમાં અને આપણા દેશમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત પ્રતિભાઓનો લાભ પણ લેવો જોઈએ. વૈજ્ઞાનિકો અને ટૅક્નોક્રેટ્સની સાથે માનવવિદ્યા અને સમાજવિદ્યા ક્ષેત્રોના વિદ્વાનોની પણ તેટલી જ અનિવાર્ય આવશ્યકતા બની રહે છે, તે નજરસમક્ષ રહેવું જોઈએ. આપણી શહેરી અને ગ્રામ્યસ્તરની કૉલેજો કે યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓના લાભાર્થે આપણી જ અસાધારણ બૌદ્ધિકપ્રતિભાઓ સાથે સમયાન્તરે પ્રત્યક્ષ વિચારગોષ્ઠીના આયોજન માટે 'Vibrant Gujarat Budget' ફાળવીને ખાસ કાર્ય આયોજન - action plan - તૈયાર કરવો જોઈએ. આવા વિદ્વાનોને તેમનું ગૌરવ જળવાય તે રીતે યુનિવર્સિટીઓના પરિસરોમાં તેમની અનુકૂળતા મુજબ આમંત્રીને કેટલાક દિવસો માટે તેમના નિવાસની ખાસ વ્યવસ્થા કરીને તેમની સાથે વિચાર-વિમર્શ કરવા સુયોગ્ય આયોજન કરવું હિતાવહ બની રહેશે અથવા સમયાન્તરે તેમનાં વ્યાખ્યાનો ગોઠવવાં જોઈએ. ગુજરાતના જ કેટલાક પ્રતિભાસંપન્ન વિદ્વાનો ઉદા., રાજનીતિ વિજ્ઞાન - લૉર્ડ ભીખુ પારેખ, હીરુભાઈ શેઠ વગેરે, ગુજરાતી સાહિત્ય - સિતાંશુ યશશ્ચંદ્ર, રઘુવીર ચૌધરી, નિરંજન ભગત, કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ, ચંદ્રકાન્ત ટોપીવાળા વગેરે, શિક્ષણ - રવીન્દ્ર દવે, ગુણવંત શાહ વગેરે, અર્થશાસ્ત્ર - યોગેન્દ્ર અલઘ, લૉર્ડ મેઘનાદ દેસાઈ, ઊર્જિત પટેલ વગેરે, કાનૂન - ઉપેન્દ્ર બક્ષી વગેરે, ગણિત - અરુણ વૈદ્ય વગેરે, પ્રશાસન - પ્રવીણ લહેરી, સુધીર માંકડ વગેરે, આદિવાસી અભ્યાસો - ગણેશ દેવી, અનુવાદ અને ગાંધી સાહિત્ય - ત્રિદીપ સુહૃદ, ન્યૂરો સર્જન - શાહ સુધીર વગેરેને મૂઠીભર કૉલેજો / યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ / અધ્યાપકોને બાદ કરતાં ભાગ્યે જ તેમને સાંભળ્યા હશે કે જોયા હશે !

વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રને ક્રિયાશીલ રાખવા માટે સૌપ્રથમ અનિવાર્યપણે જરૂર છે સુદૃઢ શિક્ષણવ્યવસ્થાની અને તે થકી ઉચ્ચ ગુણવત્તાશીલ મૂલ્યનિષ્ઠ શિક્ષણની. તાજેતરના દિવસોમાં જ ગુજરાતમાં યોજાયેલ ગુણોત્સવ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ બારડોલી પાસેના આફવા ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરતાં વિદ્યાર્થીઓ તેમના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપી શક્યા ન હતા. તેમણે કમ્પ્યૂટર સ્ક્રિન સાથેનો 'સ્માર્ટ ક્લાસ' જોઈને ટકોર કરી હતી કે 'ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓનું શિક્ષણ નબળું છે' (ગુજરાત સમાચાર, તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૧૭, પૃ. ૫). સઘન શિક્ષણ માટે નિયમાનુસાર ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વગેરેના શિક્ષકોની ભરતીની સાથે સાથે શિક્ષકો પોતાના ઉત્તરદાયિત્વનું ચુસ્ત રીતે પાલન કરે તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ. વ્યક્તિના જીવનનો અગત્યનો ઘડતરકાળ એવા પ્રાથમિક શિક્ષણના તબક્કામાં જ તેને અપેક્ષિત શિક્ષણ ન મળે તો સ્વાભાવિક રીતે જ તેનો વિકાસ અટકી જાય છે. આવા નબળા પ્રાથમિક શિક્ષણના કારણે જ માધ્યમિક શિક્ષણ લેનારની સંખ્યાનું પ્રમાણ ઓછું રહેવા પામે છે. આ જ સિલસિલો ઉચ્ચશિક્ષણ સુધી વધુ ને વધુ ઘટતા જતા સ્તરે જોવા મળી રહે છે અને છેલ્લે સંશોધન

માટે નહિવત વિદ્યાર્થીઓ પ્રવૃત્ત થાય છે. આ ચિત્રની સામે કઠોર સત્ય એ છે કે સરકારી પ્રાથમિક / માધ્યમિક શાળા, કૉલેજો અને અનુદાનિત કૉલેજોમાં વિશુદ્ધ પારદર્શિતા સાથે ગુણવત્તાના ધોરણે ઉચ્ચતમ લાયકાત ધરાવતા શિક્ષકો / અધ્યાપકોની ભરતી કરવામાં આવે છે. આમ છતાં આ શાળા / કૉલેજોમાં શિક્ષણનું બગડતું જતું સ્તર કેમ ? નીતિ નિર્ધારકો, શિક્ષણવિદો અને સંબંધિત શિક્ષકો / અધ્યાપકોએ સહચિંતન કરી માર્ગદર્શક નીતિનિયમો તૈયાર કરી તેની અમલવારી કરાવવી અનિવાર્ય બની રહે છે.

કૉલેજો અને યુનિવર્સિટીઓ તરફ નજર દોડાવતાં આપણને મોટા ભાગની કૉલેજો અને યુનિવર્સિટીઓમાં અધ્યાપકોની મોટા પ્રમાણમાં ઘટ જોવા મળે છે. માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને કૉલેજોમાં ગ્રંથપાલોની સેંકડો જગ્યાઓ પ્રાયઃ બબ્બે દસકાઓથી ખાલી રાખવામાં આવી રહી છે. આજનાં યુનિવર્સિટી ગ્રંથાલયો ગ્રંથપાલ અને વાચકો વિહોણા થઈ રહ્યાં છે. ગુજરાતની અનુદાનિત યુનિવર્સિટીઓ પૈકી ફક્ત બે જ યુનિવર્સિટીઓમાં યુનિવર્સિટી લાઇબ્રેરિયનો નિયુક્ત થયેલા છે. બાકીની કેટલીક યુનિવર્સિટીઓમાં ૧૦ કે તેથી વધુ વર્ષોથી જગ્યાઓ ભરવામાં આવી નથી. સરકારના પ્રત્યક્ષ કે પરોક્ષ અંકુશ હેઠળની છેલ્લા દસકા દરમિયાન કે તે પૂર્વે સ્થાપવામાં આવેલ વૈવિધ્યસભર અનેકાનેક યુનિવર્સિટીઓ ઉદા., તરીકે કામધેનુ, રક્ષાશક્તિ, આઈઆઈટીઈ, ફોરેન્સિક સાયન્સિસ વગેરેમાં યુનિવર્સિટી ગ્રંથપાલોની ભરતી થયાના કોઈ દૂરના પણ વાવડ નથી. યુનિવર્સિટીઓ માટે દર્શનીય અને ખરા અર્થમાં ઉપયોગી બની રહે અને સૌ સંબંધિતોને ક્રિયાશીલ રાખવામાં ચાવીરૂપ ભૂમિકા નિભાવે તે યુનિવર્સિટી ગ્રંથાલય જ છે. ગ્રંથપાલ વગરનાં ક્રિયાશીલ ગ્રંથાલયોની કલ્પના અને આ બંનેના અભાવમાં 'યુનિવર્સિટી'ના સાર્થક અસ્તિત્વનો ખ્યાલ જ ખોખલો બની રહે છે. શું આપણા નીતિનિર્ધારકો આ બાબતથી અનભિજ્ઞ હશે તેમ માની શકાય ખરું ? આ જ રીતે ઘણી યુનિવર્સિટીઓમાં કુલસચિવ, પરીક્ષા નિયામક, શારીરિક શિક્ષણ નિયામક, ચીફ એકાઉન્ટન્ટ અને સહાયક કર્મચારીઓની જગાઓ વર્ષોનાં વર્ષોથી ખાલી છે, પરિણામે યુનિવર્સિટીઓનું વ્યવસ્થાતંત્ર કથળી ગયું છે. આ બધી બાબતોને વળોટી જાય તે એ કે યુનિવર્સિટીઓનું ગૌરવ એવા કુલપતિઓની નિમણૂકમાં પણ અસાધારણ વિદ્વત્તા અને વહીવટીય દક્ષતાના સ્થાને અન્ય પરિબળોને ધ્યાને લેવામાં આવે છે, પરિણામે યુનિવર્સિટીઓની અને સાથે સાથે કુલપતિ-પદની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગતી જાય છે. કેટલાક અપવાદો બાદ કરતાં ખાનગી યુનિવર્સિટીઓ અને ખાનગી કૉલેજોમાં અધ્યાપકોની ભરતીમાં ગુણવત્તા અને શિક્ષણનું સ્તર પણ ચિંતાકારક બની રહ્યું છે 'NAAC' દ્વારા અપાતા ગ્રેડ પણ શંકાના દાયરાની બહાર નથી રહ્યા.

આપણી યુનિવર્સિટીઓને ખરા અર્થમાં ઉચ્ચશિક્ષણનાં અધ્યયન – અધ્યાપન અને સંશોધનનાં કેન્દ્રોમાં – જ્ઞાનનાં ઊર્જા કેન્દ્રોમાં પ્રસ્થાપિત કરવાં જરૂરી છે, આજના સમયની માંગ છે. અન્યથા ગુજરાતને બહુવિધ રીતે સોસાવું પડશે. વૈવિધ્યસભર સંખ્યાબંધ પાંગળી યુનિવર્સિટીઓના સ્થાને સમૃદ્ધ, ઉચ્ચગુણવત્તાશીલ અને ક્રિયાશીલ યુનિવર્સિટીઓ જ ગુજરાતને ક્રિયાશીલ બનાવવામાં ઉપકારક નીવડશે. આ માટે આપણી આઈઆઈટી, આઈઆઈએમ કે હાર્વર્ડ, ઓક્સફર્ડ, કેમ્બ્રિજના સ્તરની યુનિવર્સિટીઓને રોલ મોડલ તરીકે સ્વીકારીને આપણી યુનિવર્સિટીઓનો વિકાસ અને નવી યુનિવર્સિટીઓની સ્થાપના કરવી જોઈએ અથવા કમ સે કમ આપણી અનુદાનિત યુનિવર્સિટીઓ કે નવી સ્થાપવામાં આવનાર યુનિવર્સિટીઓ આપણા ઘર આંગણાની ગૌરવશીલ 'એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા'ની સમકક્ષ તો બનાવવી જ રહી !

આપણી આ બધી શિક્ષણસંસ્થાઓમાં નિયમિત અધ્યયન – અધ્યાપન – સંશોધનમાં બચી રહેલ 'ક્રિયાશીલતા'ની જાણકારી માટે સંશોધન હાથ ધરવા જેવું છે. આ સંશોધનનાં પરિણામો ભાવિ આયોજન માટે આંખ ઉઘાડનાર બોધપાઠરૂપ બની રહેશે. આજે કેટલાક અપવાદો બાદ કરતાં વર્ગખંડોમાં વિદ્યાવ્યાસંગનો અભાવ પ્રવર્તી રહ્યો છે. વિદ્યાર્થીઓની હાજરી સાવ પાંખી છતાં સંબંધિતોના પેટનું પાણી હલતું નથી. સેમેસ્ટર પ્રથાના અમલથી પરીક્ષા અને પરીક્ષણ એક માત્ર ઉદ્દેશ રહ્યો છે. અને તેમાંય પરિશુદ્ધતા કેટલી ! હકીકત એ છે કે પ્રત્યેક સ્તરે આપણામાં ઉત્તરદાયિત્વની ભાવના જ રહી નથી ! આજે આપણામાં ઘર કરી ગયેલી નિષ્ક્રિયતા યા કહો કે દુર્યોધનવૃત્તિ 'જાનામિ ધર્મમં ન ચ મે પ્રવૃત્તિઃ । જાનામિ અધર્મમં ન ચ મે નિવૃત્તિઃ ॥'ને દૂર કરીને જાતને ઢંઢોળીને 'સ્વધર્મ'ની ખોજ કરીને આપણા દેશને વિશ્વના વિકસિત દેશોની હરોળમાં અગ્રસ્થાને પ્રસ્થાપિત કરવા માટે ગીતાના મંત્ર - 'સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ'નું યથાર્થ પાલન એ જ આપણો ધ્યેયમંત્ર બની રહેવો જોઈએ અને તેમાં જ વ્યક્તિ કે રાષ્ટ્રનું કલ્યાણ સંનિહિત છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# પ્રાસંગિક

## શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આર્ષદ્રષ્ટા ચેરમૅન સદ્‌ગત માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની સ્મૃતિમાં મંડળ દ્વારા પ્રસ્થાપિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત કરવાના સમારોહનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ અને મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલની અધ્યક્ષતામાં ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના 'શેઠ ખીમજી વિશ્રામ સંસ્કારભવન'માં તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉચ્ચશિક્ષણની વિવિધ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ૪૭૬ વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ તથા ૮૯૬ વિદ્યાર્થીઓને ફી માફી પેટે આર્થિક સહાય તરીકે કુલ રૂ. ૧ કરોડ ૩૨ લાખના ચેક દાતાશ્રીઓ અને મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટરશ્રી ડી. ટી. કાપડિયાએ સૌનું હાર્દિક - શાબ્દિક સ્વાગત કરી યુનિવર્સિટીની વિકાસગાથા, વિશેષતાઓ અને ઉપલબ્ધિઓની ઝાંખી સંક્ષેપમાં પ્રસ્તુત કરી હતી. મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે આ મંડળને દાન આપનાર દાતાશ્રીઓ પ્રતિ ઋણસ્વીકાર કરતાં જણાવ્યું હતું કે આપણા સ્વયંભૂ દાતાશ્રીઓએ આપણને ખોબલે ખોબલે દાન આપ્યું છે અને તે થકી જ આપણે વિકાસ સાધી શક્યા છીએ. આ પ્રસંગે ઉપસ્થિતિ પ્રત્યેક દાતાશ્રીનો સંક્ષેપમાં છતાં સૂચક અને હૃદયસ્પર્શી પરિચય આપીને તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ - જોસેફ, (આખજ), શ્રી ચંદુભાઈ પટેલ – શ્રી બાબુભાઈ પટેલ – શ્રી વિષ્ણુભાઈ પટેલ (ભોખાસણ), બૅન્કર શ્રી નટુભાઈ પટેલ (કરજીસણ), ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ (શેરથા), શ્રી કૌશિકભાઈ પટેલ (ઝુલાસણ), બૅંકના ડિરેક્ટર શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી ભરતકુમાર પટેલ અને શ્રીમતી પ્રભાવતીબહેન પટેલ, શ્રી રસિકલાલ પટેલ અને શ્રીમતી તારાબહેન પટેલ, શ્રી ઘનશ્યામભાઈ પટેલ (કરજીસણ), શ્રી મનુભાઈ બળદેવદાસ પટેલ (ડીગુચા), શિવહરિ સ્કૂલ તથા ટૉય હાઉસના દાતા શ્રી અમૃતભાઈ પટેલ, 'ઉમિયા દર્શન'ના તંત્રી શ્રી પ્રભુદાસ પટેલ વગેરેનો સમાવેશ થાય છે.

પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં પ્રારંભમાં વીપીએમપીના દાતાશ્રી વિષ્ણુભાઈ પટેલે સદ્‌ગત ચેરમૅન સાહેબની સંસ્થાભક્તિ સંબંધી પોતાનાં સંસ્મરણો વર્ણવતાં જણાવ્યું હતું કે સાહેબ દાન માટે અમેરિકા આવ્યા હતા ત્યારે તેમણે અમેરિકાદર્શનનો મોહ છોડીને દાતાશ્રીઓને મળવાનું એક માત્ર ધ્યેય રાખ્યું હતું. મેં સાહેબને અમેરિકાનાં કેટલાંક દર્શનીય સ્થળો જોવા માટે સૂચન કર્યું હતું ત્યારે તેમણે મને રોકડું પરખાવ્યું હતું કે શું આપણે પ્રમુખ ક્લિન્ટનને મળવા જઈશું તો આપણને દાન આપશે ખરા ? જો 'ના' તો મારે મન મારી સંસ્થાને દાન આપનાર દાતા મહાન છે, નહીં કે ક્લિન્ટન. શ્રી બાબુભાઈ પટેલે માનવજીવનમાં શિક્ષણના મહત્ત્વ વિશે વાત કરી હતી, જ્યારે પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે પરિવર્તિત થતા જતા વિશ્વમાં પરિવર્તનોને સ્વીકારવાની અને તેની સાથે જીવનમાં પરિવર્તનો લાવવાની ક્ષમતા કેળવવા જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે એક સમય હતો કે આપણા ઘરોમાં વીજળી, ફોન વગેરે ન હતાં અને આજે આપણે કલ્પનાતિત વૈજ્ઞાનિક શોધખોળોનો લાભ મેળવી રહ્યા છીએ. સ્વપ્નો જોતાં અને તેને સાર્થક કરતાં શીખવું જોઈએ અને આ માટે ધ્યેયનિષ્ઠા સાથે સખત મહેનત જરૂરી છે. આપ સૌ જાણો છો કે એકડા વગરના સંખ્યાતિત મીંડાંનું કોઈ જ મૂલ્ય નથી. આપણા ભક્તકવિ નરસિંહ મહેતાનું ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...'

મને ખૂબ જ સ્પર્શી ગયેલું છે કે જેમાં ગીતા, કુરાન, બાઈબલ, ઉપનિષદ વગેરે ધર્મગ્રંથોનો સાર સમાયેલો છે. પ્રિય વિદ્યાર્થીમિત્રો તમે તમારા જીવનનું આ ભજનના હાર્દને અનુરૂપ ઘડતર કરો એ જ અભિલાષા છે. આ પ્રસંગે વાલી પ્રતિનિધિ તરીકે શ્રી કૌશિક રાવલ અને વિદ્યાર્થીઓનાં પ્રતિનિધિ તરીકે એક વિદ્યાર્થી અને ફિઝિયોથેરાપીની વિદ્યાર્થિની સબીરાએ ગદ્‌ગદિત સ્વરે ઋણસ્વીકારના ભાવ સાથે પોતાના પ્રતિભાવો જણાવ્યા હતા.

સમારોહના અંતમાં મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે ૨૦મી સદીની પ્રથમ પચીસીમાં પ્રવર્તી રહેલ સામાજિક કુરૂઢીઓ અને નહિવત શિક્ષણનું ચિત્ર દર્શાવીને આ સંસ્થાના વિકાસમાં પૂ. છગનભા અને તેમના કર્મઠ અને સેવાપરાયણ ઉત્તરાધિકારી કર્ણધારો સર્વ શ્રી પૂ. દાસકાકા, શ્રી ધનાફૂઆ, શ્રી માણેકલાલ એમ. પટેલ 'સાહેબ' વગેરે તથા દાતાશ્રીઓ વગેરેના પ્રદાનની સાભાર નોંધ લઈને સંક્ષેપમાં મંડળની વિકાસગાથા તથા તેના ધ્યેયો વર્ણવતાં જણાવ્યું હતું કે આ મંડળ 'કર ભલા હોગા ભલા'ના ધ્યેયમંત્રને વરેલું છે અને પૈસા વગર કોઈનુંય ભણતર ન અટકે તેની કાળજી લઈ રહ્યું છે. મને વિશ્વાસ છે કે પૂ. છગનભા સ્વર્ગમાં રહે રહે આ સંસ્થાનો વિકાસ જોઈને પ્રસન્નતા અનુભવીને આશીર્વાદની હેલી વરસાવતા રહેતા હશે. તેમના આશીર્વાદ જ આપણું પ્રેરક બળ બની રહ્યા છે. આપણી કાર્યશક્તિ અને નિષ્ઠાના કારણે સરકારે આપણને ગાંધીનગરમાં ૧ લાખ ૨૮ હજાર ચોરસ મીટર જમીન રાહતના ભાવે આપી છે તે બદલ ગુજરાત સરકારનું આ મંડળ આભારી છે. વધુમાં ગાંધીનગરની સરકારી શાળાઓના સંચાલનની જવાબદારી પણ વર્ષ ૨૦૧૫-૧૬થી આપણને સોંપી છે, જેનાં ઘણાં સારાં પરિણામો આપણને સાંપડ્યાં છે. આ ઉપરાંત આપણે આદિવાસી બાળકોના શિક્ષણના હિતને ધ્યાને લઈ નવસારીની પણ એક શાળા દત્તક લીધી છે. આર્થિક રીતે જરૂરતમંદ એવા આપણી સંસ્થાઓમાં અભ્યાસ કરતા ૧૭ વિદ્યાર્થીઓ કે જે અધવચ્ચે અભ્યાસ છોડવા માગતા હતા તેમને આ મંડળ દ્વારા સંપૂર્ણ ફી માફી આપવા ઉપરાંત પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તે હેતુસર તેમને અભ્યાસના સમય બાદ સંસ્થામાં પાર્ટ-ટાઇમ કામ આપીને પ્રતિમાસ રૂ. ૫૦૦૦ વેતન પણ ચૂકવવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીનું ઉત્તમ રીતે ઘડતર કરી શકે તે માટે અમે સૌ ચિંતિત છીએ. વિદ્યાર્થીઓનાં સુખ-દુઃખમાં અમે સહભાગી છીએ. મંડળની લાગણીઓ જાણવા માટે આપ સૌને આપણા 'સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત'ના જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૪ના અંકમાં મુરબ્બીશ્રી ડૉ. કનુભાઈ પટેલે 'સંવેદનના સૂર' શીર્ષક હેઠળ હાલમાં M. E. (Comp.)ના અંતિમ સત્રમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની હિમાની ત્રિવેદીએ પોતાના જીવનમાં બાલ્યવયથી વેઠેલ સંઘર્ષો અને તેનાં ઊંચાં અરમાનોની કારુણ્યસભર કથા આપ સૌને વાંચી જવા ભલામણ છે. હિમાની જ્યારે ધોરણ-૨માં અભ્યાસ કરતી હતી ત્યારે તેને જડબાના કૅન્સરનું ઑપરેશન કરી જડબું કાઢી નાખવામાં આવ્યું હતું. ડૉક્ટરોએ તેનાં માતાપિતાને જણાવી દીધું હતું કે અમે ઑપરેશન તો કરીએ છીએ ખરા પરંતુ તે હવે ૧૫ દિવસથી વધુ જીવી શકશે નહીં. આ હિમાનીએ હૉસ્પિટલમાં વાંચેલ સૂત્ર - 'We Can fight and cancer can be abolished'ને તેના જીવનનો પ્રમુખ આધારસ્તંભ બનાવી દીધો. પોતાનો અભ્યાસ ચાલુ રાખતાં સમયાન્તરે તેણીનીએ આપણી એલ. ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજમાં B. E. (Copm.)માં પ્રવેશ મેળવ્યો. તેના પિતાની આર્થિક સ્થિતિ અને હિમાનીની જિજીવિષાને જાણ્યા પછી મંડળ અને કૉલેજ તરફથી તેને ખાસ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું તેમજ બીજા સત્રથી જ તેણીનીને સંપૂર્ણ ફી માફી આપવામાં આવી રહી છે. આશ્ચર્ય તો એ છે કે આ વિદ્યાર્થિની અડગ ધ્યેય અને કઠોર પરિશ્રમના કારણે M. E.ના દ્વિતીય/તૃતીય સેમેસ્ટરમાં પ્રથમ ક્રમે પાસ થઈ. તેના જીવનની આ એક મોટી ઉપલબ્ધિ છે. વિદ્યાર્થી મિત્રો આપ સૌ હિમાનીના જીવનમાંથી પ્રેરણા લઈ ધ્યેયનિષ્ઠા સાથે અભ્યાસ કરશો તો તમે પણ તેના જેવી ઉચ્ચસિદ્ધિ હાંસલ કરી શકશો. આજે આપ સૌને જણાવતાં મને અત્યંત આનંદ થાય કે પૂ. છગનભાના પૌત્ર શ્રી દીપમભાઈ પટેલ પ્રતિવર્ષ રૂપિયા પાંચ લાખનું દાન તથા શેરા ફાઉન્ડેશન તરફથી શ્રી વિક્રમભાઈ સોમાની પ્રતિવર્ષ રૂપિયા પાંચ લાખ કે તેથી વધુ રકમનું દાન આ સંસ્થાને આપશે. આ બંને તાદાશ્રીઓ પ્રતિ અંતઃકરણપૂર્વ આભારની લાગણી વ્યક્ત કરું છું.

કાર્યક્રમના અંતમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવ શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# ગટરનિરીક્ષકનો રિપોર્ટ : મધર ઈન્ડિયા

**મોહનલાલ પટેલ**

ઈ. સ. ૧૯૨૬માં અમેરિકાની મિસ કેથેરિન મેયોએ ભારતની મુલાકાત લીધી અને ઈ. સ. ૧૯૨૭માં આ મુલાકાતને આધારે એણે લખેલું પુસ્તક 'મધર ઇન્ડિયા' પ્રગટ થયું. પુસ્તકે ચર્ચાનો એક ભારે વંટોળ જગાવ્યો. યુરોપ, અમેરિકા અને ભારતમાં એ ઘણું વંચાયું. એ જ વર્ષમાં ઉપરાઉપરી એની ચાર આવૃત્તિઓ પ્રગટ થઈ. ગાંધીજીએ એ પુસ્તકને - **''ગટર નિરીક્ષકનો રિપોર્ટ'' - Drain Inspector's Report કહીને એની કડક ટીકા કરી.** એમણે કહ્યું, એ પુસ્તક ભારતને બદનામ કરવાના હેતુથી લખાયું છે, અસત્ય અને ખોટી હકીકતોથી ભરપૂર છે, એની લેખિકાએ ખોટાં તારણ કાઢ્યાં છે, વિધાનોને ખોટા સંદર્ભમાં રજૂ કર્યાં છે જે કંઈ આક્ષેપો કર્યા છે એના માટે પ્રમાણભૂત ઉદાહરણો આપ્યાં નથી.

ગાંધીજીની આ ટીકાથી મિસ મેયો રોષે ભરાઈ અને એણે ગાંધીજીની ટીકાના પ્રત્યુત્તરરૂપે 'લિબર્ટી' નામના સાપ્તાહિકમાં લેખ લખ્યો. ઈ. સ. ૧૯૨૮ના જાન્યુઆરીની ૩૧મી તારીખે એ લેખ લિબર્ટીમાં પ્રગટ થયો. લિબર્ટી એ શિકાગો ટ્રિબ્યુનની માલિકીનું પત્ર. એનો ફેલાવો પણ ઘણો હતો. લિબર્ટીના લેખમાં મિસ મેયોનો ઝનૂનપૂર્વકનો રોષ ઠલવાયેલો જણાય છે. એમાં એણે ગાંધીજી ઉપર અંગત આક્ષેપો કર્યા હતા. એમાં એણે ગાંધીજીને જુઠ્ઠા કહેવા સુધીની ધૃષ્ટતા કરી હતી. જુઠ્ઠા કહેવાનું કારણ હાસ્યાસ્પદ હતું. મિસ મેયોએ ગાંધીજીની રૂબરૂ મુલાકાત લીધી એ પછી વિદાય લેતાં એણે અમેરિકાની પ્રજાજોગ સંદેશ માગ્યો હતો. મિસ મેયોનું કહેવું એવું હતું કે એ વખતે મિ. ગાંધીએ 'રેંટિયાનું ગુંજન એ જ મારો સંદેશ છે.' એમ કહ્યું હતું અને હવે એ ફરી જાય છે. પોતે એવો કોઈ સંદેશો આપ્યો હોવાનો ઇન્કાર કરે છે. લિબર્ટીના લેખમાં મિસ મેયોએ ગાંધીજી ઉપર આક્ષેપાત્મક બીજા બખાળા પણ કાઢ્યા હતા. એણે લખ્યું હતું કે મિ. ગાંધી પ્રજાના રાજકીય નેતા હોવાનો ડોળ કરી રહ્યા છે. પણ તે લાંબો સમય ચાલી શકે એમ નથી. હિન્દુસ્તાનના કરોડો લોકો ઉપર મિ. ગાંધીની અસર કાળક્રમે ઘટતી જશે. વળી, એણે ઇંગ્લૅન્ડના 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ના અભિપ્રાયનો હવાલો આપીને કહ્યું હતું, 'માન્ચેસ્ટર ગાર્ડિયન અને મિ. ગાંધી ભલે ઇંગ્લૅન્ડની પ્રજાને સ્વીકારી શકે તેવાં જ તથ્ય તેમની સમક્ષ રજૂ કરવા ઇચ્છતાં હોય, પરંતુ અમેરિકાની પ્રજા નિર્ભેળ સત્ય જાણવા ઇચ્છે છે. અને એ સત્ય મારા પુસ્તકમાંથી અમેરિકાની પ્રજાને મળી રહેશે. (માન્ચેસ્ટર ગાર્ડિયને મધર ઇન્ડિયા પુસ્તક માટે લખ્યું હતું કે આ પુસ્તક વાંચીને હિન્દુસ્તાનની પ્રજાએ યાદ રાખવા જેવું અને પશ્ચિમની પ્રજાએ ભૂલી જવા જેવું છે.)

એક સમયે જબરદસ્ત વંટોળ જગાવનારું આ પુસ્તક આજે તો નામશેષ રહ્યું હોય એવું પણ જણાતું નથી. આજની બબ્બે પેઢીઓ (૫૦ વર્ષની વય સુધીના લોકો) તો એ પુસ્તકના નામોલ્લેખ વખતે ભાષાકોશના માત્ર બે શબ્દો સાંભળતી હોય તેમ નિર્લેપભાવે સાંભળી રહે છે.

**ગાંધીજીએ એ પુસ્તકને ગટર નિરીક્ષકનો અહેવાલ કહીને અમેરિકા અને ઇંગ્લૅન્ડની પ્રજા ન વાંચે એમ ઇચ્છ્યું હતું. પણ ભારતવાસીઓને એ પુસ્તક વાંચવાની સલાહ આપી હતી.** એ પુસ્તકમાં એવું તે શું હતું કે ગાંધીજી પરદેશીઓને ન વાંચવાનું કહીને દેશવાસીઓને વાંચવાની સલાહ આપતા હતા ?

એ પુસ્તકમાં ઘણુંબધું અતિશયોક્તિભર્યું, ભારતમાં અપવાદરૂપે જ જોવા મળતું હોય એવું, ઘણુંબધું ચીતરાયેલું છે. વિષયની દૃષ્ટિએ જોઈએ તો એમાં

બાળમરણ, બાળલગ્ન, સંમતિવયનો કાયદો, બાળવિધવા, આરોગ્ય, પડદાની પ્રથા, નિરક્ષરતા, કેટલીક કુરૂઢિઓ, વહેમ, અંધશ્રદ્ધા, અસ્પૃશ્યતા, પ્રસૂતા સ્ત્રીઓની હાલત, ગાય, ગરીબી, દેવદાસીની પ્રથા, હિન્દુ-મુસ્લિમ વૈમનસ્ય, દેશી રજવાડાં, રાજકારણ વગેરે જેવા ઘણા વિષયોને એણે આવરી લીધા છે.

પોતે જ કાંઈ લખ્યું એ પ્રમાણભૂત અહેવાલો અને જાત અનુભવોને આધારે જ લખ્યું છે તેથી વિશ્વસનીય છે એવું વાચકોના મન ઉપર ઠસાવવા એણે પ્રથમ પ્રકરણમાં લખ્યું છે - ''હું આખા દેશમાં એક સ્થળેથી બીજા સ્થળે વારંવાર ફરી છું. મેં ભારતીય અને બ્રિટિશ આરોગ્ય અધિકારીઓ સાથે ચર્ચા કરી છે. એ ક્ષેત્રના નાનામાં નાના માણસો સાથે એમના કાર્યક્ષેત્રમાં ફરી છું. આમાં શહેરો અને ગામડાંઓનો સમાવેશ થાય છે. મેં દવાખાનાંઓની મુલાકાત લીધી છે અને ડૉક્ટરો સાથે વાર્તાલાપ કર્યો છે. (દર્દીઓના) કેટલાક કિસ્સાઓનો મેં અભ્યાસ કર્યો છે. છેક વાયવ્ય સરહદના પ્રાન્તોથી માંડીને મદ્રાસ સુધીના જિલ્લા કમિશનરોની સાથે રહીને એમની કાર્યવાહીઓનું નિરીક્ષણ કર્યું છે. ક્યારેક ગામડાના ખેડૂતો સાથે બેઠી છું. ક્યારેક ભારતીય મ્યુનિસિપાલિટીના બોર્ડની મીટિંગોમાં હાજરી આપી છે. કૉર્ટોમાં ઉપસ્થિત રહી ભારતીય જીવનની ઝાંખી મેળવી છે. અંગ્રેજ નર્સો સાથે હું બજારોમાં ફરી છું. રાજદરબારોમાં ગઈ છું. અંતઃપુરની મુલાકાતો પણ મેં લીધી છે. પ્રસૂતા સ્ત્રીઓની હાલત નજરે નિહાળી છે. બાળકો અને માંદાંઓની કેવી દેખભાળ થાય છે એનો મેં અભ્યાસ કર્યો છે. ખોરાક અને સ્વચ્છતા બાબતે મેં નોંધ લીધી છે. મેં ખેતીનાં સ્થળો જોયાં છે ઢોરનું જતન કેવી રીતે થાય છે એ પણ જોયું છે. મેં સ્કૂલોની મુલાકાત લીધી છે. શિક્ષકો સાથે ચર્ચા કરી છે. મેં ધારાસભાની બેઠકમાં હાજરી આપી છે. ભારતના મોટા મોટા નેતાઓ, રાજકારણીઓ, રાજાઓ, ધાર્મિક નેતાઓ સાથે મુક્તપણે ચર્ચા કરીને એમનાં નિખાલસ મંતવ્યો જાણ્યાં છે.

આ બધા નિખાલસ આદાનપ્રદાન અને નિરીક્ષણના આધારે હું સમજી શકી છું કે ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમની સૌની અલગ અલગ ખાસિયતો હોય છે, પણ કેટલીય બાબતો સર્વત્ર સમાન છે.. છેલ્લા મંતવ્યનો અર્થ એ થયો કે સારાય ભારતને લાગુ પડે એવી બાબતોને મિસ મેયોએ પોતાના પુસ્તકમાં આલેખી છે.

મિસ મેયોએ ઉપર કહેલા પુરુષાર્થની વાતોથી એક એવો આભાસ ઊભો થાય છે કે આ સ્ત્રીએ વિગતોના નિરૂપણ માટે ભારે ચોકસાઈ રાખી છે. એવો આભાસ થાય એવી બીજી ઘણી પ્રયુક્તિઓ એણે રચી છે. જેમ કે પુસ્તકમાં ઠેરઠેર પાદટીપોમાં સરકાર કે અર્ધસરકારી સંસ્થાઓ તરફથી બહાર પડેલા અહેવાલો, ઠરાવો વગેરે ટાંક્યા છે. પણ પુસ્તક ચોકસાઈથી વાંચતાં જણાયા વિના રહેતું નથી કે એ સિવાયનું બીજું ઘણુંબધું અધ્ધરતાલ લખાયેલું છે. આ સ્ત્રી એટલી તો હોશિયાર છે કે, જ્યારે ભારતને મોટામાં મોટી ગાળ દેવી હોય ત્યારે એ બીજાના મુખે જ ઉચ્ચારાવે છે. અર્થાત્ બીજા કોઈને ટાંકે છે. આખા ભારતમાં ફરીફરીને તત્કાલીન ભારતને ચીતર્યાનો દેખાવ કર્યો છે. પણ ભારતને બદનામ કરવા માટે ૩૦૦ કે તેથીય વધારે વર્ષ પુરાણી વાતો લખીને ભારતને હીન ચીતરવામાં કંઈ બાકી રાખ્યું નથી. જેમ કે એણે ઈ. સ. ૧૫૮૦થી ૧૫૯૦ દરમિયાન ભારતની મુલાકાતે આવેલા વાન લિન્શોટને ભારતની ગરીબી અને દુષ્કાળ વખતે લોકોની હાલતના કરેલા વર્ણનનો સીધો ઉતારો આપ્યો છે. જેમાંની કેટલીક વિગત આ પ્રમાણે છે : ''..ચોમાસું નિષ્ફળ જાય છે ત્યારે એ લોકો (ભારતના લોકો) વધારે દુઃખમય સ્થિતિમાં મુકાય છે... એ લોકો ખોરાકની શોધમાં જાનવરની જેમ ભટકે છે. એક રૂપિયા કરતાંય ઓછી કિંમતમાં પોતાનાં બાળકોને વેચી મારે છે. ભૂખમરામાંથી બચવા પોતાની જાતને વેચવા નીકળેલા લોકોને કારણે ગુલામોની ખરીદી ધીકતી બની રહે છે. જો એ એમ ન કરે તો જે સામાન્ય છે એ સ્થિતિનો ભોગ બને છે. સામાન્ય સ્થિતિ એટલે માણસ માણસનું ભક્ષણ કરે તે !''

ઈ. સ. ૧૬૩૧ના દુષ્કાળના સમયનું અબ્દ-અલ-હમીદે જે વર્ણન કર્યું છે તે મિસ મેયોએ પોતાના પુસ્તકમાં આ રીતે ઉતાર્યું છે : ''... માણસોનાં દળેલાં હાડકાંનું લોટમાં મિશ્રણ કરીને વેચવામાં આવતું... ખોરાકની તંગી એટલે સુધી પહોંચી હતી કે માણસો એકબીજાને ખાવા લાગ્યાં હતાં. પુત્રના માંસભક્ષણ આડે પુત્રપ્રેમ આવતો નહીં...''

એ જ દુષ્કાળના વર્ણનમાં મિસ મેયોએ ક્રિસ્ટોફર રીડના આ શબ્દો ટાંક્યા છે : ''જીવતા માણસો, મરેલા

માણસોને ખાતા હતા. માણસો મુસાફરીએ નીકળવાની હિંમત નહોતા કરતા, કારણ કે એમને ભય હતો કે કોઈક એમને મારીને ખાઈ જશે.''

એ દુષ્કાળની વાત કરતાં પિટર મુન્ડીએ ગુજરાતની વાત લખી છે. એના આ શબ્દો મિસ મેયોએ ટાંક્યા છે : ''...સ્ત્રીઓ પોતાનાં બાળકોને રાંધતી જોવા મળતી હતી... સ્ત્રી કે પુરુષ મળે કે તરત એના શરીરના અંગોના ટુકડા કરી દેવામાં આવતા હતા.'' (જેથી એનો ભક્ષ્ય કરી શકાય.)

આ હકીકતોમાં રહેલા સત્યાસત્યની વાત જુદી છે. પણ ૧૯૨૬ના ભારતની વાત કરવામાં આ હકીકતોના નિરૂપણનું ઔચિત્ય કેટલું ? આ બધું લખીને મિસ મેયો ભારતના માનસનું દર્શન કરાવવા માગે છે ? એવો ઇરાદો હોય તોપણ તે ઉચિત નથી. કારણ કે સાચું હોય તોપણ અસાધારણ પરિસ્થિતિનું એ પરિણામ છે. નરભક્ષણ એ ભારતના લોકોનું સ્વભાવગત લક્ષણ નથી. લેખિકાને દુષ્કાળનું વર્ણન કરવું હોય તો વાત જુદી છે. નજર સામે જે લક્ષ્ય છે એ તો જુદું જ છે. એ તો એણે ઈ. સ. ૧૯૨૫ના ઑક્ટોબરમાં લંડનમાં ઇન્ડિયા ઑફિસના અધિકારી આગળ કહ્યું હતું કે પોતે એક અજાણ્યા મુસાફર તરીકે ભારતમાં ઘૂમવા માગે છે. પોતાને કંઈ શિલ્પ-સ્થાપત્યનો અભ્યાસ કરવો નથી, કે કોઈ ફિલસૂફો કે કવિઓને મળવું નથી. મારે તો લોકોને મળવું છે, એમને પ્રશ્નો પૂછવા છે. હું રાજકારણનું માણસ નથી. મારે તો અમેરિકાના એક સામાન્ય નાગરિક તરીકે ભારતની પ્રજા વિશે જાણીને અમેરિકાની પ્રજાને વાકેફ કરવી છે...

વાત આમ તો મેલ વગરની ચોખ્ખી છે. પણ દાનત સાફ નથી. ચિત્ત એક પૂર્વગ્રહથી જકડાયેલું છે. પશ્ચિમના લોકોને ભારતની હીન દશા અને ગરીબીનું આલેખન કરવામાં એક જાતનો ઉમંગ હોય છે. રુડયાર્ડ કિપ્લીંગે 'White man's Burden'માં એ જ કર્યું છે. પૉલ આર. હેરલીચે એના પુસ્તક 'The Population Bomb'નું પહેલું પ્રકરણ ભારતની ગરીબી ઉપર લખ્યું છે. પ્રકરણ બે પાનાનું છે. પણ એમાં એણે દિલ્હીના ભિખારીઓનું જુગુપ્સાપ્રેરક વર્ણન કર્યું છે. થોડા સમય પહેલાં કલકત્તા નજીક પહાડપુરના ફિલ્મ યુનિટમાં 'The City of Joy' ફિલ્મના શૂટિંગ વખતે એને અટકાવવા માટે જે તોફાન થયું એનું કારણ તો ભારતની ગરીબીનું ફિલ્મીકરણ થયું હતું તે હતું !

મિસ મેયોએ ભારતની ગરીબીના આલેખનમાં ઠેરઠેર ઘેરા રંગો પૂર્યા છે. ઘણાં જુગુપ્સાપ્રેરક ચિત્રો દોર્યાં છે. પુસ્તકનો આરંભ જ એક જુગુપ્સાપ્રેરક પ્રકરણથી કર્યો છે.

ગાંધીજીએ 'મધર ઇન્ડિયા'ને ગટર નિરીક્ષકનો રિપોર્ટ કહ્યો એ સર્વથા સાચું છે. કોઈ પણ દેશમાં સારાંનરસાં એમ બે પાસાં તો હોવાનાં જ. મિસ મેયોએ ભારતના સારા પાસાની કોઈ વિગત આપી નથી. એ તરફ એણે દૃષ્ટિ જ કરી નથી. એની નજર તો જે કુત્સિત છે, જે જુગુપ્સાપ્રેરક છે, જે હીણું છે, જે દૂષિત છે ત્યાં જ પડી છે. અર્થાત્ લેખિકાએ ભારતમાં ફરી ફરીને માત્ર ગંદવાડ જ જોયો છે, અને એને ચૂંથ્યો છે. અગાઉ કહ્યું તેમ એણે રજૂ કરેલી કેટલીક હકીકતો સત્યથી વેગળી છે, કેટલીક અતિશયોક્તિભરી છે, કેટલીક ખોટાં તારણોવાળી છે. અને કેટલીક અનુચિત સમયસંદર્ભમાં મુકાયેલી છે. આ બધાંનું વિશ્લેષણ કરવાનું અહીં શક્ય નથી. આપણે તો મિસ મેયોએ લખેલી કેટલીક વિગતો જોઈશું. સત્યાસત્ય કે ઔચિત્ય-અનૌચિત્ય વાચકે નક્કી કરી લેવા જેવું છે. મિસ મેયોએ કહેલી વાતો આપણે એટલા માટે વાંચવા જેવી છે કે આપણી સંસ્કૃતિની શ્રેષ્ઠતાની બાંગ પોકારતી વખતે આ હકીકતો આપણા ધ્યાન બહાર ન રહે.

પુસ્તકનો આરંભ 'ધ બસ ટુ માંડલે'થી થાય છે. એમાં કલકત્તાના કાલીઘાટ પરના કાલીમંદિરના સ્થળ પરની માનવ-પ્રવૃત્તિઓનું વર્ણન છે. મિસ મેયોની આ સ્થળની મુલાકાત વખતે હાલદાર અટકધારી એક બ્રાહ્મણ એની સાથે છે. એ મિસ મેયોને આ મંદિર અંગેની કેટલી વિગતો અને સમજ આપે છે. પછી એને મંદિરમાં લઈ જાય છે. અહીં મિસ મેયો બલિના બકરાના વધનું દૃશ્ય જુએ છે. એનું જે વર્ણન એણે કર્યું છે એને ટૂંકમાં આમ કહી શકાય : બકરાંનો વધ કરનારાઓની પાછળ સંતાનપ્રાપ્તિની આકાંક્ષાવાળી એક સ્ત્રી ઊભી હતી. વધ પછી ફર્શ પર રેડાયેલા લોહી ઉપર લાંબી થઈને એ સૂઈ ગઈ અને જીભથી લોહી ચાટવા લાગી. બીજી એક સ્ત્રીએ પેલા લોહીમાં કપડું રગદોળ્યું અને પોતાના બ્લાઉઝમાં ઉર:પ્રદેશ પર ઠાંસી દીધું લોહીના રેલા ફર્શ ઉપર ઠીકઠીક લંબાતા હતા. એ રેલાઓ ઉપર અર્ધો ડઝન જેટલાં

રોગિષ્ટ અને ભૂખ્યાં કૂતરાં તૂટી પડ્યાં હતાં.

હાલદારે મિસ મેયોને વિગત આપી : ''રોજરોજ અહીં દોઢસોથી બસો બકરાંનો વધ થાય છે.''

આ પછી હાલદાર મિસ મેયોને સ્મશાન ઘાટ બતાવીને પાણીના કુંડ સુધી લઈ જાય છે. આ કુંડમાં ગંગાનું પવિત્ર જળ છે, પણ અત્યંત ગંદું છે. એમાં સ્નાન કરનારાંઓની ભીડ છે. પાણી નીચે કાદવ છે, કેટલાક લોકો તળિયેથી બે હાથમાં કાદવ કાઢે છે, લોકોએ કુંડમાં ફેંકેલા સિક્કા મેળવી લેવાનો એમનો પ્રયાસ છે. કેટલાક લોકો સ્નાન કરતી વખતે ચુલુક (ચાંગળું)માં પાણી લઈને પી જાય છે. મિસ મેયો એ દશ્ય જોઈ રહી છે. એ દરમિયાન એક માણસ બે બકરાં સાથે કુંડમાં ઊતરે છે. હાલદાર મિસ મેયોને સમજાવે છે : આ બલિનાં બકરાં છે, તેમનો વધ થાય એ પહેલાં એમને કુંડમાં નવડાવી પવિત્ર કરવાં પડે.

ત્યાંથી ખસ્યા પછી મિસ મેયોએ મંદિર બહારની દીવાલ આગળ એક વિચિત્ર દશ્ય જોયું. દીવાલમાં એક કાણું હતું. એ કાણાની નીચે એક પથરો જડેલો હતો. એના ઉપર ગુલાબની પાંદડીઓ અને ફૂલ વેરેલાં હતાં અને ત્યાં કેટલાક સિક્કા નખાયેલા હતા. એ કાણામાંથી ગંદું પાણી નીકળ્યા કરતું. એક સ્ત્રીએ બાજઝડપે આવીને ત્યાં એક પ્યાલો ધરી દીધો અને એમાં પેલું પાણી પી લીધું.

હાલદારે સમજૂતી આપી : 'એ ગંગાનું પવિત્ર પાણી છે. વળી, એ કાલીના ચરણ-પ્રક્ષાલિત જળ છે અને પૂજારીઓનાં ચરણ પણ એ જળ વડે ધોવાયેલાં છે એટલે એ વધારે પવિત્ર બન્યું છે. તાવ અને મરડા પર એ ઉત્તમ ઔષધ ગણાય છે. માંદા માણસો અહીં આવીને એ પાણી પીએ છે. જે અહીં સુધી આવી ન શકે એવા હોય એમના માટે મિત્રો એ પાણી લઈ જાય છે.

આવી અંધશ્રદ્ધાથી ભરપૂર અને જુગુપ્સાપ્રેરક વર્ણનો તો પુસ્તકમાં અનેક જગ્યાએ થયાં છે.

પતિના જાતીય અત્યાચારનો ભોગ બનેલી દસ-બાર વર્ષની ઉંમરની પત્નીઓ(!)નાં વર્ણન કમકમાટીભર્યાં અને આઘાતજનક છે. (સંમતિવયના કાયદાનું કારણરૂપ બનેલો ફૂલમણિદાસીનો કિસ્સો આ પુસ્તકમાં નથી. એ એક આશ્ચર્ય છે. કુમળી વયની ફૂલમણિદાસી પ્રૌઢવયના પતિના જાતીય અત્યાચારનો ભોગ બનીને મૃત્યુ પામી હતી એ જાણીતી ઘટના છે.) આઠથી તેર વર્ષની પરિણીત બાળાઓની થયેલી શારીરિક બેહાલીનું વર્ણન મિસ મેયોએ કર્યું છે. પતિના અત્યાચારને કારણે કેટલીક બાળાઓનાં ચિરાયેલાં ગુપ્તાંગોનાં, અંદરની રચનાનાં, તૂટેલાં હાડકાંનાં, પતિના રોગનો ભોગ બનેલા એ અવયવનાં કંપારી ઉપજાવે એવાં આલેખનો લેખિકાએ કર્યાં છે. કેટલીક બાળાઓ તો આવા અત્યાચાર પછી ઊભી રહી શકતી નહોતી. કોઈકને તો હાથ અને ઢીંચણના આધારે (ભાંખોડિયાભેર) દવાખાના સુધી લાવવામાં આવી હતી. એક તેર વર્ષની છોકરીને બીજી પ્રસૂતિમાં બે મરેલાં બાળકો અવતર્યાં હતાં. એની હાલતનો ચિતાર હૈયાને હલાવી મૂકે એવો છે. આવી છોકરીઓની હાલતનું વર્ણન મિસ મેયોએ પુસ્તકના પ્રકરણમાં તો કર્યું જ છે. પણ બાકી રહેતું હોય એમ પુસ્તકના છેડે એક અલગ પરિશિષ્ટમાં એણે ક્રમવાર કેસ અને હાલતની નોંધ કરી છે. આ બધું વર્ણન અહીં કરવા જેવું નથી. પણ જેમાં અત્યાચારનો ભોગ બનનારી બાળાની માનસિક સ્થિતિનો ચિતાર છે એવા બે કિસ્સા વિશે જોઈશું.

એક દવાખાનાની મુલાકાત વખતે મિસ મેયોએ એક પલંગ ઉપર એક કિશોરીને સૂતેલી જોઈ. પક્ષીના નહોર જેવાં એનાં શુષ્ક આંગળાં એક કાગળના રમકડા ઉપર ભીંસાયેલાં હતાં. એને જોઈને મિસ મેયોએ લેડી ડૉક્ટરને પૂછ્યું : ''આનું શું છે ?''

ડૉક્ટરે વિગત કહેવા માંડી : ''આ એક પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની છે. અભ્યાસમાં એ અત્યંત તેજસ્વી હતી. એણે ઇનામ પણ મેળવેલાં છે. એનો પતિ પચાસ વર્ષની ઉંમરનો છે. પાંચેક મહિના પહેલાં વૅકેશન પડ્યું એટલે આ છોકરીનાં મા-બાપે એને સાસરે મોકલી. એનો પતિ સમાજમાં ખૂબ પ્રતિષ્ઠિત ગણાય છે. પણ અમારી દૃષ્ટિએ એ જાનવર છે. એ જાનવર આ છોકરી ઉપર અત્યાચાર કરતો રહ્યો. આઘાતથી છોકરીની માનસિક હાલત બગડતી રહી. આખરે એનું ચિત્ત શૂન્ય બની ગયું. એ મૂંગીમંતર બની ગઈ. એક શબ્દ પણ એ બોલતી નહોતી. છેવટે એની એક બહેન યુક્તિપૂર્વક ચોરીછૂપીથી અહીં લઈ આવી. એ એટલી બધી ડઘાઈ ગઈ હતી કે એ અમારાથી પણ ભય પામતી હતી.

એક દિવસ એની સમવયસ્ક એક છોકરી એની

બાજુના પલંગમાં દર્દી તરીકે આવી. એ છોકરી સાથે હું પ્રેમથી બોલતી હતી. એની સાથે ગમ્મત કરતી હતી. આ ડઘાઈ ગયેલી છોકરી અમારો વ્યવહાર જોતી હતી. ધીરેધીરે એના મનમાં વસવા લાગ્યું કે અમે અહીં કામ કરનારાં માણસો રાક્ષસ નથી. એક દિવસ એણે મારી સામે જોઈને સ્મિત કર્યું અને એનો કેસ સુધરતો ચાલ્યો. હજુ એના શારીરિક ઘા તો પૂરા રુઝાયા નથી ત્યાં આઘાતજનક સમાચાર તો એ આવ્યા કે એનો પતિ લગ્નના હકો ભોગવવા માટે આ છોકરીનો કબજો મેળવવા માટે કૉર્ટે જવાનો છે.

ઉપરનો કિસ્સો શહેરની અને શિક્ષિત વ્યક્તિનો છે. પણ એથીય વધુ ઘૃણાજનક એક ગામડાનો કિસ્સો મિસ મેયોએ નોંધ્યો છે. એ કિસ્સામાં છોકરી દસ વર્ષની છે. એના પતિના અત્યાચારનો ભોગ એ બનતી રહી હતી. છોકરી એને અનુકૂળ ન બનતી જણાય ત્યારે એ ક્રૂર રીતે એને મારતો. આના કારણે એ છોકરીના ચિત્ત ઉપર આઘાતની ભારે અસર થઈ. આખરે છોકરી કશા કામની ન જણાતાં પેલો નરાધમ એને ખભા પર નાખીને જંગલમાં લઈ ગયો. અને એક ઝાડીમાં ફેંકી દીધી. એક ભારતીય આ દૃશ્ય જોઈ ગયો હતો. એણે એક અંગ્રેજ સ્ત્રીને આ હકીકત કહી. અંગ્રેજ સ્ત્રી જંગલમાં પહોંચી અને એ છોકરીને લઈ આવી. એણે એની ખૂબ પ્રેમપૂર્વક સારસંભાળ લેવા માંડી. પ્રેમની હૂંફથી એક વર્ષને અંતે એ છોકરી માનસિક રીતે પૂરી સ્વસ્થ થઈ ગઈ. હવે એ બીજી છોકરીઓ સાથે બગીચામાં રમે છે, દોડે છે અને આનંદથી રહે છે.

કુમળી વયની બાળાઓ ઉપરના જાતીય અત્યાચારો દૂર થાય એ માટે કાયદો લાવવાનો એક પ્રયત્ન ઈ. સ. ૧૮૯૧માં થયેલો. પત્ની સાથેના શારીરિક સંબંધ માટે સંમતિવય ૧૪ વર્ષની કરવાનો એમાં સરકાર તરફથી પ્રયત્ન થયેલો. એમાં કેટલીક વિચારશીલ અને સુધારાવાદી વ્યક્તિઓનું સરકારને પીઠબળ હતું પણ પ્રચંડ વિરોધના કારણે સરકાર એમાં પૂરેપૂરી સફળ થઈ શકી નહોતી. ઈ. સ. ૧૯૨૫માં ફરીથી ધારાસભામાં બિનસરકારી વિધેયક તરીકે એ પ્રશ્ન રજૂ થયો. એ ખરડામાં પત્નીની ઉંમર ૧૪ વર્ષની ન થાય ત્યાં સુધી એની સાથેના શારીરિક સંબંધ પર પ્રતિબંધની જોગવાઈ હતી. ખરડો રજૂ થયો અને રૂઢિચુસ્ત સભ્યો તરફથી એનો પ્રચંડ વિરોધ થયો. ઉગ્ર લાગણીઓ પ્રગટ થઈ. ધારાસભામાં થયેલી ચર્ચા મિસ મેયોએ 'Marbles and Tops' શીર્ષક હેઠળના પ્રકરણમાં આપી છે. ધારાસભામાં ખરડાની તરફેણ અને વિરુદ્ધમાં વિચારો રજૂ થયા હતા. અલબત્ત, વિરુદ્ધમાં બોલનારાની સંખ્યા ઘણી મોટી હતી. કોઈકે કહ્યું, ''પતિ અને પત્નીને જુદાં પાડવાનો તમને શો હક છે ? તમે આપણી પરંપરા અને આદર્શો ઉપર તરાપ મારશો, પણ અમે એને અમલી નહીં બનવા દઈએ.' તો વળી કોઈકે કહ્યું, 'સમાજનો મોટો ભાગ રૂઢિચુસ્ત લોકોનો છે. બાળપત્નીના રક્ષણનો કાયદો પતિ-પત્નીના લગ્નજીવનના પવિત્ર હકો ઉપર તરાપ ગણાશે. એનો અમલ અશક્ય છે. એના કારણે રક્તપાત થશે અને અંધાધૂંધી ફેલાશે...''

ધારાસભામાં થયેલી ચર્ચામાંથી મિસ મેયોએ, ભારતની પ્રજાને બદનામ કરે તેવાં તારણો કાઢ્યાં છે. જે પૈકી એક એવું છે જેમાં એવું ફલિત થાય છે કે, કન્યાનું કૌમાર્ય એના પોતાના ઘરમાં પણ સલામત નથી. એક ભારતીય સભ્યના શબ્દો ટાંકતાં એ કહે છે : ''... પિતા પોતાની દીકરીને ઘરમાં રાખવાની હિંમત કરી શકતો નથી, એને ભય છે કે એનું કૌમાર્ય ઘરમાં જ ખંડિત થશે. સંયુક્ત કુટુંબમાં જ્યાં એક જ ઘરમાં છોકરાઓ - ભાઈ, પિતરાઈ ભાઈઓ, કાકાઓ રહેતા હોય ત્યાં આવું ખાસ બને છે.''

આ તારણને ખાસ પ્રકાશિત કરવા પાછળ મિસ મેયોનો શો હેતુ છે એ સમજી શકાય એવું છે. આ સ્ત્રી આપણા મુખે આપણી પ્રજાને બદનામ કરવાના તરીકા બરાબર જાણે છે.

સંમતિવયના કાયદાનું બિનસરકારી વિધેયક વિરોધના ભારે વંટોળના કારણે ઊડી ગયું. પણ ફરીથી થોડા ફેરફાર સાથે સરકારી વિધેયક તરીકે રજૂ થયું એમાં પરિણીત છોકરી માટે સંમતિવય ૧૩ વર્ષની અને લગ્ન સિવાયની છોકરીની વયમર્યાદા ૧૪ વર્ષની રાખવામાં આવી અને એ ખરડો પસાર થઈને ઈ. સ. ૧૯૨૫નો સંમતિવયનો કાયદો બન્યો.

ભારતમાં બાળમરણમાં છોકરીઓના મરણનું પ્રમાણ ઘણું મોટું હોવાની ચર્ચા કરતાં મિસ મેયો એનાં મુખ્ય બે કારણ ગણાવે છે. એક તો છોકરીઓને ઉછેરવામાં અક્ષમ્ય દુર્લક્ષ અને બીજું, બાળહત્યા.

બાળહત્યા કાયદાથી ગુનો બનતો હોવા છતાં ખાનગીમાં એ પ્રવૃત્તિ સતત ચાલતી રહેતી હોવાનું જણાવી એણે કેટલાક દાખલા ટાંક્યા છે. એમાં એક દાખલો ભરતપુર રાજ્યનો છે. ભરતપુરના સગીર રાજાની બહેનનાં લગ્ન હતાં. કુટુંબના સભ્યોની ઇચ્છા એ લગ્ન પાછળ છએક લાખ રૂપિયા ખર્ચવાની હતી. રાજા સગીર હોવાથી રાજ્યનો વહીવટ પોલિટિકલ એજન્ટ દ્વારા ચાલતો હતો. એટલે ખર્ચ માટે એની મંજૂરી જોઈએ. રાજ્યની કાઉન્સિલે તો મંજૂરી આપી દીધી હતી, પણ પોલિટિકલ એજન્ટ અને કમિશનરે વાંધો લીધો. ખર્ચનો પ્રશ્ન પૂરી કાઉન્સિલ આગળ મૂકવામાં આવ્યો. કમિશનરે કાઉન્સિલના સૌથી વૃદ્ધ અને સ્થાનિક સભ્યને અગાઉની રાજકુમારીઓના લગ્નમાં થયેલા ખર્ચની વિગત પૂછી. જવાબમાં સભ્યે કહ્યું, ''અગાઉ કોઈ આવો પ્રશ્ન ઉપસ્થિત થયો નહોતો.''

કમિશનરે કહ્યું, ''એ કેમ બને ? આ રાજ્ય તો બસો વર્ષથીયે વધારે પુરાણું છે. એમાં કોઈ છોકરીઓ જન્મી જ નથી ?''

જરા ક્ષોભ સાથે સભ્યે કહ્યું, ''એવું નથી સાહેબ, તમે અમારા રિવાજ જાણો છો. છોકરીઓ તો જન્મી હતી, પણ એમને જીવવા દેવામાં આવી નહોતી.''

બીજા એક કિસ્સામાં એક જમીનદારે મિસ મેયોને કહ્યું હતું : ''મારે બાર બાળકો હતાં. દસ છોકરીઓ, જે જીવી ન શકી. એમનો બોજો કોણ ઉપાડે ? પણ બે છોકરાઓને મેં સાચવી લીધા.''

બાળકીઓ પ્રત્યે લોકો કેવું અમાનવીય અને ક્રૂર વલણ દાખવતા હતા એનો એક કિસ્સો મિસ મેયોએ આ પ્રમાણે આપ્યો છે :

બંગાળમાં એક પાંચ-છ વર્ષની છોકરી કૂવામાં પડી ગઈ હતી. એના માથા પર ઘા થયો હતો. છોકરીની મા એને લોહી નીંગરતી હાલતમાં દવાખાને લઈ આવી હતી. બે દિવસમાં છોકરીને ધનુર શરૂ થયું. છોકરીની ભયભીત મા એના પડખામાં રહીને ભગવાનને પ્રાર્થનાઓ કરી રહી હતી. અંગ્રેજ લેડી ડૉક્ટર આ છોકરીને બચાવી લેવા બધા જ પ્રયત્નો કરી રહી હતી.

એવામાં એ સ્ત્રીનો પતિ ત્યાં આવ્યો. એણે ડૉક્ટરને કહ્યું, ''હું મારી પત્નીને લેવા આવ્યો છું.''

ડૉક્ટરે કહ્યું : ''છોકરી અને પત્નીની હાલત તો જુઓ. તમે શું કહેવા માગો છો ?''

''હું મારી પત્નીને અત્યારે જ ઘરે લઈ જવા માગું છું. મારે એની સાથે લગ્નજીવનના હકો ભોગવવા છે.''

''જો આ બાળકીની મા એને છોડી જશે તો બાળકી મરી જશે.''

છોકરી જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહી હતી છતાં એ બધી વાત સમજી ગઈ હોય એમ એની માને ચુસ્તપણે વળગી પડી.

પત્નીએ એના પતિના પગ પકડી લીધા. એ એને ચૂમવા અને એની ચરણરજ માથે ચડાવવા લાગી, રડતાં રડતાં કાકલૂદી કરવા લાગી, ''સ્વામી, સ્વામી દયા કરો.''

નિષ્ઠુર પતિ બોલ્યો : ''હું કહું છું, ચાલ. મારે તારી જરૂર છે.''

''સ્વામી, આ બાળક...''

પગથી પત્નીને લાત મારી પતિ બોલ્યો, ''કહી દીધું તને...''

અને ત્યાંથી ખસીને એ ખંડ બહાર નીકળી ગયો.

સ્ત્રી ઊભી થઈ. છોકરી ચીસ પાડી ઊઠી.

ડૉક્ટરે કહ્યું, ''તું તારા પતિના કહ્યા પ્રમાણે ચાલીશ ?''

રડતાં રડતાં એ સ્ત્રીએ જવાબ આપ્યો : ''એમની વાત ટાળવાની મારી હિંમત નથી.''

આટલું કહી, ઘૂમટો તાણીને એક પાલતુ જાનવરની જેમ એ સ્ત્રી એના પતિની પાછળ ભાગી.

ભારતીય સ્ત્રીની હાલતનો ચિતાર આપવા મિસ મેયોએ પદ્મપુરાણમાંથી એકસામટા સંખ્યાબંધ ફકરાઓ ટાંક્યા છે. જે પૈકી બે ફકરા આ પ્રમાણે છે :

''સ્ત્રી માટે આ જગત ઉપર એના પતિ કરતાં બીજો કોઈ પરમેશ્વર નથી. એના માટે પતિની આજ્ઞામાં રહીને એને પ્રસન્ન રાખવા જેવું બીજું કોઈ ઉત્તમ કાર્ય નથી. એના જીવનનું સાચું ધ્યેય એ જ છે.''

''એનો પતિ ભલે વિકૃત અંગોવાળો હોય, વૃદ્ધ હોય, અશક્ત હોય, ઘાતકી રીતભાતવાળો હોય, રોગિષ્ઠ હોય, ચારિત્ર્યભ્રષ્ટ હોય, અનૈતિક હોય, દારૂડિયો હોય, જુગારી હોય, વેશ્યાગમન કે પરદારાગમન કરનારો હોય, ઘર માટે જરા પણ લાગણી ધરાવતો ન હોય, પાગલની જેમ લવારા કરતો હોય, પ્રતિષ્ઠા વિનાનો હોય, આંધળો, બહેરો, બોબડો કે લૂલો લંગડો હોય, ટૂંકમાં કોઈ પણ પ્રકારની દુષ્ટતા ધરાવતો હોય, સ્ત્રીએ પોતાના પતિને

પરમેશ્વર તરીકે જોવો જોઈએ. એના ચારિત્ર્ય તરફ લક્ષ આપ્યા સિવાય એની સર્વપ્રકારે સેવા કરીને એને પ્રસન્ન કરવો જોઈએ.''

મિસ મેયોએ ભારતમાં વિધવાઓની કરુણાપ્રેરક હાલત વિશે પણ ઠીક ઠીક લખ્યું છે. એ વખતે ભારતમાં વિધવાઓની સંખ્યા ૨,૬૮,૩૪,૮૩૮ હોવાનું એણે જણાવ્યું છે. આમાં બાળવિધવાઓની સંખ્યા ઘણી મોટી હોવાનું અનુમાન છે. ભારતમાં એવી ઘણી બાળવિધવાઓ હતી કે ત્રણ-ચાર વર્ષની ઉંમરમાં જ વિધવા બની ચૂકી હોય. આવી બાળાઓને જીવનભર વૈધવ્ય ગાળવું પડે એના જેવી કરુણ સ્થિતિ બીજી શી હોય ? ઘરમાં યોજાતા મહત્ત્વના પ્રસંગોએ વિધવાની હાજરી અનિષ્ટ ગણાય. એને જીવનભર પરાધીન અને અપમાનિત જીવન ગુજારવું પડે. ઘરનો ઢસરડો એના માથે, માંદા સભ્યોની સેવા એણે જ કરવાની. ઘરના બધા માણસોનાં અપમાનભર્યાં વચન એણે સાંભળવાનાં. મિસ મેયોની નોંધ પ્રમાણે તો એને ફક્ત એક જ વખત ભોજન મળે અને તે પણ હલકા પ્રકારનું ! વળી, મિસ મેયોએ ફ્રેન્ચ મુસાફર બર્નિયરના આધારે એક વિચિત્ર વાત લખી છે. એણે કહ્યું કે, સ્ત્રીઓ પોતાના પતિને ઝેર ન આપે માટે વિધવાઓને આટઆટલો ત્રાસ આપવામાં આવે છે. આના સમર્થનમાં એણે એક હિન્દુનો મત ટાંક્યો છે. એ હિન્દુનું એવું કહેવું હતું કે અમને અમારી પત્નીઓ ઝેર આપે એની અમને સતત બીક રહે છે. એટલે અમારા શાણા પૂર્વજોએ સમજપૂર્વક વિધવાઓ માટે આવી આકરી સજાની ગોઠવણ કરી છે. આવી આકરી યાતના એમની નજર આગળ હોય તો પતિને ઝેર આપીને એ વિધવા બનવાની હિંમત ન કરે. આ વાતના અનુસંધાનમાં મિસ મેયો કહે છે, ''હિન્દુસ્તાનના ઘણા ભાગની જેલોમાં મેં સ્ત્રી વોર્ડોમાં પતિના ખૂનના ગુના બદલ સજા ભોગવતી સ્ત્રીઓ જોઈ છે.'' જોકે એના કારણમાં માનસિક રુગ્ણતા કે હિસ્ટીરિયાનો આવેગ જ જણાય છે.

વિધવા-વિવાહની વાત કરનારા અને એ માટે ઘણો પુરુષાર્થ કરનારા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને સતીનો રિવાજ નાબૂદ કરવામાં ઘણો મોટો ભાગ ભજવનાર રાજા રામમોહનરાયને મિસ મેયોએ સારી રીતે બિરદાવ્યા છે. રાજા રામમોહનરાયે લોક-જુવાળની વિરુદ્ધ જઈને સતીની પ્રથા દૂર કરવાનો કાયદો કરાવવામાં સરકારને ઘણી મદદ કરી હતી. સતી પ્રથાની તરફેણ કરનારા રૂઢિચુસ્ત લોકો ન્યાયના છેલ્લામાં છેલ્લા અંગ-લંડનની દ્વિષી કાઉન્સિલ સુધી પહોંચ્યા હતા. એ હકીકતનો ઉલ્લેખ પણ મિસ મેયોએ કર્યો છે.

બ્રિટિશ પ્રાંતોના ગવર્નરોએ તો છેક ૧૮૨૯થી સતી થવા ઉપર રોક લગાવી દીધી હતી. પણ વિધવાઓને સમાજ અને કુટુંબ તરફથી આપવામાં આવતો ત્રાસ જોઈને કેટલીક તાજી વિધવા થયેલી સ્ત્રીઓ શરીર ઉપર કેરોસીન છાંટીને બળી મરતી હતી. અને સમાજ આંખ આડા કાન કરીને ઉત્તેજન આપતો હતો. સમાજ તો એમ જ માનતો હતો કે આવાં પગલાંમાં સરકારી ફરમાનોનું ઉલ્લંઘન કરીને દૈવી કાયદાનું પાલન થાય છે.

પુસ્તકનું સૌથી વધારે ઉદ્વેગપ્રેરક અને આંચકો આપનારું પ્રકરણ 'મધર ઇન્ડિયા' છે. એ પ્રકરણમાં પ્રસૂતા, દાયણ અને રૂઢિચુસ્ત લોકમાનસનો ચિતાર છે. એ સમયના લોકમાનસની દૃષ્ટિએ બાળકનો જન્મ આપનાર પ્રસૂતા અપવિત્ર ગણાતી હતી અને બાળકનો જન્મ કરાવનાર દાયણ પણ અપવિત્ર. અપવિત્ર વ્યક્તિ જ આ કાર્ય કરી શકે. અસ્પૃશ્ય હોય તે જ આ કાર્ય કરી શકે. વિધવા સ્ત્રીઓ પણ આ કાર્ય ન કરી શકે. કારણ કે એ વિધવા હોવાને કારણે એની નજર દૂષિત ગણાય. એવી નજર બાળક ઉપર ન પડવી જોઈએ. જે સ્ત્રીનું એક પણ બાળક મરી ગયું હોય એવી સ્ત્રી પણ દાયણ તરીકે કામ ન કરી શકે.

દાયણને જ્યારે બોલાવવામાં આવે ત્યારે સૌપહેલાં તો એ પોતાનાં કપડાં બદલી નાખે છે. ગંધાતા ગાભા ધારણ કરી લે છે. ઘણી પ્રસૂતિઓ દરમિયાન પહેરેલાં અને ધોયા વિનાનાં જ એ કપડાં હોય છે. જાતજાતના રોગોનાં જંતુઓથી ભરપૂર પણ ખરાં.

જ્યારે બાળકના પ્રસવની ઘડી આવે છે ત્યારે સ્ત્રીને એક અંધારી ઓરડીમાં ભાંગેલા-તૂટેલા ખાટલામાં સુવડાવવામાં આવે છે. માત્ર પ્રસવ સમયે જ એ ખાટલાનો ઉપયોગ થાય છે. પ્રસૂતા અપવિત્ર ગણાતી હોવાથી એ જે જે વસ્તુઓને સ્પર્શ કરે તે તે વસ્તુ ઘરમાં ઉપયોગમાં લેવાતી નથી. એટલે પ્રસૂતા સારું વસ્ત્ર પહેરી શકતી નથી. તેથી તેને ઊતરેલાં, ફાટેલાં વસ્ત્રો આપવામાં આવે છે.

દાયણ પ્રસૂતાની ઓરડીમાં દાખલ થાય ત્યારે એ પહેલું કામ ઓરડીને હવા-અજવાળા વિનાની કરવાનું કરે

છે. ઓરડી અંધારાવાળી તો હોય જ છે, છતાં ક્યાંય એકાદ કાણું રહી ગયું હોય તો તેને ઘાસ કે છાણથી પૂરી દે છે. જેથી તાજી હવા ઓરડીમાં દાખલ ન થાય, તાજી હવાથી પ્રસૂતાને તાવ આવી જાય છે એવી માન્યતાને લીધે આમ કરવામાં આવે છે. પ્રસૂતાના ખાટલાની આગળ એક ફાટેલાતૂટેલા અને ગંધાતા કપડાથી એ એક પડદો બાંધી દે છે. જેથી રહ્યુંસહ્યું અજવાળું પણ દૂર થઈ જાય. પછી કોડિયું સળગાવે છે. જેથી કામકાજ પૂરતું અજવાળું મળી રહે. એ પછી એક પાત્રમાં એ કોલસા સળગાવીને પ્રસૂતાના ખાટલા નીચે મૂકે છે. એમાંથી નીકળતો વાયુ પ્રસૂતા માટે નુકસાનકારક તો ખરો જ. પ્રસવ (ડિલિવરી)માં વિલંબ થાય તો એનું કારણ શોધવા દાયણ પોતાનો હાથ પ્રસૂતાના શરીરમાં નાખે છે. દાયણનાં આંગળાં ઉપર વીંટીઓ અને કાંડા ઉપર બંગડીઓ હોય તે નુકસાન કર્યા વગર ન રહે. જો પ્રસવમાં વધારે વિલંબ થાય તો બીજી અને જરૂર પડે ત્રીજી દાયણને બોલાવવામાં આવે છે અને બાળકને ખેંચીને બહાર કાઢવામાં આવે છે. આમ કરવામાં ક્યારેક બાળકના છૂટા થઈ ગયેલા હાથ કે પગ બહાર આવે છે. આ પ્રવૃત્તિમાં પ્રસૂતાનાં અંદરનાં અંગોને ભારે નુકસાન થાય છે. ક્યારેક પ્રસવ કરાવવાની આવી મહેનત ત્રણ, ચાર, પાંક કે છ દિવસ સુધી ચાલે છે. આ દરમિયાન પ્રસૂતાને કશી વૈદ્યકીય સારવાર આપવામાં આવતી નથી. દાયણ પોતાની રીતો અજમાવે છે. કણક બાંધતી હોય એમ મૂઠીઓ વાળીને એ પ્રસૂતાના શરીરને ખૂંદે છે, ભીંત સરસી ટટ્ટાર ઊભી રાખીને માથાથી ભેટાં મારે છે, જમીન ઉપર ઊભી કરીને એના હાથ જંઘાઓ વચ્ચે જોરથી દબાવે છે. જમીન પર સુવડાવીને એના પર ચાલે છે, હૉલિહોક છોડનાં મૂળિયાં, ગંદી દોરી, ગંદા ગાભા, માટી, લવિંગ કે તેજાના જેવા ઉત્તેજક પદાર્થો ભેળવેલી માટી વગેરેના ગોળા બનાવીને ગર્ભાશયમાં ઠાંસે છે. દેશના કોઈ કોઈ પ્રદેશમાં તો આ માટે બકરાના વાળ, વીંછીનો ડંખ, વાંદરાની ખોપરી અને સાપની કાંચળી અક્સીર ઉપાય ગણાય છે.

આવા ઉપાયો ક્યારેક ગર્ભાશયનો માર્ગ અંશતઃ અથવા પૂર્ણપણે બંધ કરી દે છે.

પ્રસૂતા અને બાળકને જોડતું દોરડું કાપવાની ક્રિયા સૌથી વધારે અપવિત્ર ગણાય છે. આ કાર્ય માટે ચીરેલા વાંસની પટ્ટી અથવા જૂના ડબ્બાના પતરાનો ટુકડો અથવા કાટ ખાધેલો ખીલો અથવા કાચનો ટુકડો વગેરેનો ઉપયોગ થાય છે. કાપેલા ભાગ ઉપર કશી પાટાપીંડી થતી નથી. ક્યારેક એના પર માટી, કોલસો કે ગાયનું છાણ લગાવવામાં આવે છે.

આશ્ચર્યની વાત એ છે કે ભણેલાગણેલા યુરોપ જઈને ભણતરની ઉપાધિ મેળવેલા માણસોની પત્નીઓને પણ પ્રસવ વખતે ઉપર જણાવેલી પ્રક્રિયામાંથી જ પસાર થવું પડે છે. મિસ મેયોએ એક એવું ઉદાહરણ ટાંક્યું છે જેમાં પતિ ઇંગ્લૅન્ડની યુનિવર્સિટીમાંથી એમ.ડી. થયેલો ડૉક્ટર છે. વળી, પીએચ.ડી. પણ થયેલો છે. સરકારમાં મેડિકલ ઑફિસર છે. પણ પત્નીની પ્રસૂતિ તો પેલી અણઘડ દાયણના હાથે જ કરાવવી પડી છે. જેમાં બાળક જન્મતાં જ મૃત્યુ પામ્યું છે અને પત્ની એ પછીના તાવમાં મરણ પામી છે.

દર પેઢી દરમિયાન ૩૨,૦૦,૦૦૦ સ્ત્રીઓ પ્રસૂતિમાં મરણ પામે છે એવું મિસ મેયોએ અન્ય એક પ્રકરણમાં નોંધ્યું છે.

પડદા પદ્ધતિની વાતમાં મિસ મેયોએ લખ્યું છે કે, ભારતમાં એ સમયે (ઈ. સ. ૧૯૨૬) ૪ કરોડ સ્ત્રીઓ પડદામાં હતી અને જે સ્ત્રીઓએ લગ્ન પછી મૃત્યુના દિવસ સુધી બહારની દુનિયા જોઈ જ ન હોય એવી સ્ત્રીઓ ઓછામાં ઓછી ૧,૧૨,૫૦,૦૦૦ હતી અને વધારેમાં વધારે ૧,૭૨,૯૦,૦૦૦ હતી. એમાં જેમણે પતિ સિવાય અન્ય પુરુષનું મુખ પણ ન જોયું હોય એવી સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. અહીં મેયોએ એક ભારતીય ડૉક્ટરના શબ્દોને ટાંકતાં લખ્યું છે : ''અજ્ઞાન અને પડદાના રિવાજે ભારતીય સ્ત્રીઓને જાનવરની કક્ષામાં મૂકી દીધી છે. એ પોતાની સંભાળ રાખી શકતી નથી. એને પોતાની મરજી જેવું કંઈ નથી. એ એના પુરુષ માલિકની ગુલામ છે.''

સ્ત્રી કેળવણી બાબતમાં મિસ મેયોએ પ્રજાની ઉદાસીનતા વિશે ઘણું લખ્યું છે... પ્રજા કેળવણીની તરફેણમાં જરા પણ નથી. ધનાઢ્યો પણ કેળવણી પાછળ પૈસો ખર્ચવાનું વલણ ધરાવતા નથી. એ વાત કરતાં મેયો લાહોરની એક ગર્લ્સ સ્કૂલની ભારતીય આચાર્યના શબ્દો આ રીતે ટાંકે છે : ''અમે ભારતના લોકો અમારી છોકરીઓના ભણતર પાછળ કશો ખર્ચ કરવા તૈયાર

નથી. સૌથી શ્રીમંત વાલી પણ ભણવાનાં પુસ્તકોના પૈસા આપતા નથી. પુસ્તકો અને બીજી અભ્યાસસામગ્રી અમારે અહીંથી મફત આપવી પડે છે. એમ ન કરીએ તો અમને એક પણ વિદ્યાર્થિની ન મળે ! શાળા સરકારી ગ્રાન્ટ અને ઇંગ્લૅન્ડથી મળતી દાનની રકમ ઉપર નભે છે.''

આ વિક્ટોરિયા સ્કૂલ અને ક્વીન મેરી સ્કૂલ જેવી છોકરીઓની શાળાઓ ચુસ્ત પડદા સ્કૂલો હતી. જ્યાં પુરુષ ઇન્સ્પેક્ટર પણ પ્રવેશી શકતા નહોતા. સંસ્કૃતના અભ્યાસ માટે અત્યંત વૃદ્ધ પંડિતોને રાખવામાં આવતા, એમની આગળ ખૂબ લાંબો અને જાડો પડદો રાખવામાં આવતો. પડદા પાછળ રહીને એ અધ્યાપન કરાવતા.

સ્ત્રી–કેળવણીના આંકડા આપતાં મિસ મેયો લખે છે કે ઈ. સ. ૧૯૨૪-૨૫માં સારાયે મુંબઈ ઇલાકામાં સ્ત્રીઓની સંખ્યાના માત્ર ૨.૧૪ ટકા છોકરીઓ સ્કૂલોમાં અભ્યાસ કરતી હતી. અને ઈ. સ. ૧૯૧૯માં તો હિન્દુઓમાં એ સંખ્યા ૦.૯ અને મુસ્લિમોમાં ૧.૧ ટકા હતી !

મિસ મેયોએ જ્ઞાતિઓ વચ્ચે અને એમની વચ્ચેના ભેદ વિશે કેટલીક વાતો લખી છે. મદ્રાસ ઇલાકામાં બ્રાહ્મણોના કટ્ટર વિરોધી એક દ્રવિડે કહેલી વાત એણે આ પ્રમાણે લખી છે : ''જો અંગ્રેજો અહીંથી ચાલ્યા જાય તો અમારી દશા અગાઉ જેવી ભૂંડી જ થઈ જાય. તગડા ધાર્મિક કર્મકાંડીઓ (બ્રાહ્મણો)ની એડી નીચે ગુલામની જેમ અમે પિસાવાના... ભારતનો હિન્દુ જન્મથી મૃત્યુ સુધીમાં જેટલા પૈસા રાજ્યમાં ભરે છે એના કરતાં અનેકગણાં વધારે નાણાં એ બ્રાહ્મણને આપે છે. બાળકના જન્મ વખતે, નામાભિધાન વખતે, બાબરી ઉતરાવતી વખતે, બાળક ખોરાક (Solid Food) લેતું થાય ત્યારે, એ ચાલતું થાય ત્યારે, પહેલી વર્ષગાંઠ વખતે, નિશાળે બેસે ત્યારે... આવા જીવનના અનેક પ્રસંગોએ બ્રાહ્મણોને દાન-દક્ષિણાના રૂપમાં ધન આપવું પડે છે.''

મૃતાત્માઓને તૃપ્ત કરવા માટે પણ બ્રાહ્મણનો આશ્રય લેવો પડે છે, કારણ કે આ લોકમાં તમે બ્રાહ્મણને જે ખવડાવો-પિવડાવો કે આનંદ-પ્રમોદ કરાવો તે ઉપર રહેલા પૂર્વજો પામે છે.

હિન્દુ સમાજમાં અસ્પૃશ્યતાનું એક શરમજનક કલંક છે એનો ઇન્કાર થઈ શકે તેમ નથી. પણ મિસ મેયોએ તો એ કલંકને એટલું વધારીને આલેખ્યું છે જે ક્યારેક તો ગળે ઊતરે એવું નથી અને ક્યારેક તો જે ભૌતિક રીતે શક્ય ન હોય એવી હકીકતો તેણે લખી છે. એણે લખ્યું છે, ''... અસ્પૃશ્ય માણસ જાહેર માર્ગનો ઉપયોગ કરી શકતો નથી. એ દુકાનમાં પણ પ્રવેશી શકતો નથી. એણે પોતાની ખરીદી માટે પણ વાંકોચૂકો માર્ગ લેવો પડે છે. એને કામ આપવામાં પણ આવતું નથી. એ કશું વેચી શકતો નથી. મજૂરી પણ કરી શકતો નથી. એણે ફક્ત ભીખ જ માગવી પડે છે. ભીખ માગવા માટે પણ રસ્તાનો ઉપયોગ કરી શકતો નથી. રસ્તાથી દૂર ઊભા રહીને ત્યાંથી પસાર થનાર સાંભળી શકે એ રીતે બૂમ મારીને ભીખ માગવી પડે છે. ભીખ આપનાર સિક્કો ઉછાળીને દૂર ફેંકે છે. સિક્કો ફેંકનાર જ્યારે નજરથી અદશ્ય થાય અને રસ્તો સૂનો થાય ત્યારે ભીખ માગનાર દોડી આવીને સિક્કો ઉઠાવી લે છે અને મૂળ જગ્યાએ ભાગી જાય છે.

અસ્પૃશ્ય માણસે જાહેર રસ્તાથી ૨૦૦ વાર દૂર રહેવું પડે છે. કોઈ કારણસર એ જાહેર રસ્તાથી ૨૦૦ વારની મર્યાદાની અંદર હોય તો એણે રસ્તા ઉપર થોડી રેતીના ભાર નીચે લીલું પાંદડું મૂકી રાખવું પડે. કોઈ બ્રાહ્મણ એ રસ્તેથી પસાર થતો હોય તો તે પાંદડાનું સિગ્નલ જોઈને બૂમ પાડે એટલે પેલો અસ્પૃશ્ય આદમી દૂર ભાગીને જાહેર કરે કે, 'હું બસો વાર દૂર છું. હવે આગળ વધવાની કૃપા કરો.'

ઉચ્ચ શિક્ષણ અને બેકારીની બાબતમાં મિસ મેયો લખે છે કે ભારતના લોકો નોકરી કે આર્થિક ઉપાર્જન ખાતર જ ઉચ્ચ શિક્ષણ લે છે. જેમાં નોકરીની તક વધારે હોય અને અભ્યાસક્રમો તરફ એમનો વધારે ઝોક હોય છે. ઈ. સ. ૧૯૨૩-૨૪માં બ્રિટિશ પ્રાંતોની ૧૩ યુનિવર્સિટીઓમાંથી ૧૧,૨૨૨ ગ્રેજ્યુએટ બહાર આવ્યા એમાં ૭,૮૨૨ આર્ટ્સ અને વિજ્ઞાનના, ૨,૦૪૬ કાયદાના, ૪૪૬ તબીબીવિજ્ઞાનના, ૧૪૦ એન્જિનિયરિંગ અભ્યાસક્રમના, ૫૪૬ શિક્ષણના, ૧૩૬ વાણિજ્યના અને ૮૬ ખેતી વિષયના ગ્રેજ્યુએટ હતા. ખેતીનો વિષય કેમ ઓછો પસંદ કરવામાં આવે છે એવા એક પ્રશ્નના જવાબમાં ખેતીવાડીની એક શિક્ષણ સંસ્થાના ડાયરેક્ટરે કહ્યું હતું : ''જો અમે સરકારી નોકરીની ખાતરી આપીએ તો અમારી સંસ્થા ભણનારાઓથી ઊભરાવા લાગે.''

એ દિવસોમાં પણ બેકારીનો પ્રશ્ન ભારે મૂંઝવણભર્યો તો હતો જ. ''કૉલેજનું શિક્ષણ પામેલો માણસ ઇજ્જતદાર બની જતો. એટલે એ સરકારી નોકરી સિવાય બીજો કોઈ ધંધો કરવામાં હિણપત સમાજતો. બધાને નોકરી મળી શકતી નહીં એટલે બેકાર યુવક કુટુંબ ઉપર બોજારૂપ બનતો અને ક્યારેક આપઘાત પણ કરી બેસતો. આપઘાતનો આવો એક કિસ્સો મિસ મેયોએ નોંધ્યો છે.

ગાયના સંદર્ભમાં મિસ મેયોએ પૂરાં બે પ્રકરણ લખ્યાં છે : એક વિદ્વાન હિન્દુના શબ્દો ટાંકતાં એણે લખ્યું છે : ''પૂર્વગ્રહ કહો, ઉત્કટ લાગણી કહો, સર્વોચ્ચ ધાર્મિકતા કહો પણ એક નિઃશંક હકીકત છે કે ગાયની પવિત્રતા જેવી કોઈ બાબત હિન્દુ માનસમાં ઊંડાં મૂળિયાં નાખી શકી નથી.''

રાજા કે રંક સૌને માટે ગાય એ પવિત્ર માતા છે. મૃત્યુ સમયે ગાય હાજર હોવી જોઈએ. છેલ્લા શ્વાસ લેતી વખતે ગાયનું પૂંછડું હાથમાં હોવું જોઈએ. આટલા માટે જ કાશ્મીરના મહારાજાના અંતકાળે અનેક પ્રયત્નો છતાં ગાય એમના ખંડમાં ન આવી ત્યારે મહારાજાને ગાયની પાસે લઈ જવા પડ્યા હતા. ગ્વાલિયરના મહારાજા નવી રેલવે લાઇન પર એન્જિન ચલાવતા હતા ત્યારે એક ગાય રેલવેના પાટા ઉપર કૂદીને પડી અને કપાઈ ગઈ. મહારાજાને એનું જીવનભર દુઃખ રહ્યું. એમના મનમાં એવી એક ગ્રંથિ બંધાઈ ગઈ હતી કે પોતે ગમે તેટલું તપ, શુદ્ધીકરણ, બ્રાહ્મણોને દાન કરશે તોપણ એનું પૂરેપૂરું પ્રાયશ્ચિત્ત નહીં કરી શકે !

ભારતીય પ્રજાની ગાય પ્રત્યેની ધર્મભાવનાનો ચિતાર આપવા મિસ મેયો એબે દુબાઈને ટાંકતાં લખે છે : ''કોઈ પણ પ્રકારની અપવિત્રતા દૂર કરવા માટે હિન્દુઓ ગાયના મૂત્રને શ્રેષ્ઠ માને છે. મેં ઘણી વાર હિન્દુઓને ગૌમૂત્ર મેળવવા ગાયની પાછળ ગૌચર સુધી જતા જોયા છે. પિત્તળના વાસણમાં ગૌમૂત્ર મેળવ્યા પછી એ સીધા ઘેર પહોંચી જાય છે. મેં ઘણાને ખોબામાં ગૌમૂત્ર ઝીલીને પીતા જોયાં છે. એ પીધા પછી બાકીનું મૂત્ર ચહેરા ઉપર ઘસે છે અને માથા ઉપર ચડાવે છે. આમ કરવામાં એ લોકો બાહ્ય અને આંતરિક મલિનતાઓ દૂર થવાનું માને છે.

હિન્દુઓ ગાય પ્રત્યે આટલી ધાર્મિક શ્રદ્ધા ધરાવતા હોવા છતાં એના પ્રત્યે કેટલી ક્રૂરતા દાખવે છે એનો મિસ મેયોએ લંબાણપૂર્વક ચિતાર આપ્યો છે. વધારે દૂધ મેળવવા જાતજાતના તરીકા કમકમાટી ઉપજાવે એવા ક્રૂર છે અને કદી માની શકાય એવા નથી. બીજી એક વિચિત્ર વાત પણ મિસ મેયોએ લખી છે તે એ કે ગાયને ખોરાક-પાણી આપ્યા વિના માત્ર આંબાનાં પાંદડાં ખવડાવીને એ લીલા રંગનું મૂત્ર મેળવે છે. ગાયના આ મૂત્રની ઘણી કિંમત ઊપજે છે.

ગાયના નર વાછરડા પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતાનો ચિતાર મિસ મેયોએ અતિશયોક્તિથી અને કમકમાટી ઉપજાવે એવી રીતે કર્યો છે. વાછડો ગાયનું થોડું દૂધ પીએ એ ગાયના માલિકોને પોસાતું નથી એટલે એ લોકો રાત્રે વાછરડાને જાહેર લત્તા ઉપર મૂકી આવે છે. વાછરડો લત્તામાં ભૂખે-તરસે મરી જાય છે.

મિસ મેયોના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં વાછરડાને ભૂખથી મારી નાખવામાં આવે છે. જ્યારે અન્ય પ્રાંતોમાં એને જંગલમાં મૂકી આવવામાં આવે છે. ત્યાં એ હિંસક પ્રાણીઓનો ભક્ષ્ય બની જાય છે.

ઝાઝી ગાયો રાખનારને વાછરડાની જરૂર હોતી નથી. પાપની બીકે એ વાછરડાને પોતે મારી નાખતો નથી. પણ બીજો ઉપાય અજમાવે છે. વાછરડાને એ પા અથવા અર્ધો પ્યાલો દૂધ આપે છે. છેવટે વાછરડો ભૂખથી મરી જાય છે. વાત એટલેથી જ અટકતી નથી. ગાય વાછરડાને જુએ તો જ દૂધ આપે છે એટલે આ માટે પેલો માલિક વાછરડાનું ચામડું ઉતારી લે છે અને એ ચામડામાં ઘાસ કે ભૂસું ભરે છે અને પગના સ્થાને ચાર લાકડીઓ ખોસે છે. આ બનાવટી વાછરડાને એ દોહતી વખતે ગાય સમક્ષ ઊભો કરે છે.

જ્યાં ગાયોની સંખ્યા વધારે હોય ત્યાં તો તાજા જન્મેલા વાછરડાઓને સ્થળના નાકે આવતી કચરાગાડીમાં કચરા સાથે ઢબૂરીને નાખી દે છે.

વધતા જતા હિન્દુ-મુસ્લિમ વૈમનસ્યને કેન્દ્રમાં રાખીને મિસ મેયોએ બે પ્રકરણો લખ્યાં છે. ઇન્ડિયા કાઉન્સિલ ઍક્ટ (મોર્લે-મિન્ટો યોજના) પછી બે કોમો વચ્ચે વૈમનસ્ય વધ્યું હતું. ધીરેધીરે સ્વરાજ્ય આવે અને અંગ્રેજો ચાલ્યા જાય તો હિન્દુઓ બહુમતીમાં હોવાના કારણે પારવાર મુસીબતો વેઠવાની થાય એવી એક ભીતિ મુસ્લિમોના મનમાં પ્રગટી હતી અને એ લોકો

સ્વરાજ્યવાંચ્છુ હિન્દુઓ તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોવા લાગ્યા હતા. મોપલા કાંડ તેમ જ લખનૌ શહેરમાં આરતી તેમ જ નમાજના એક જ સમયના કારણે ઊભી થયેલી તંગદિલી એ વૈમનસ્યનું પરિણામ હતાં. (લખનૌ શહેરમાં નવા થયેલા બગીચામાં એક મંદિર હતું. એને જેમનું તેમ રહેવા દેવામાં આવ્યું હતું. સાંજે ત્યાં ઘંટારવ સાથે આરતી થતી હતી. મુસ્લિમોએ એ બગીચામાં નમાજ પઢવા માટે જગ્યાની માગણી કરી હતી. જે સરકારે માન્ય રાખીને મંદિરની સામેની બાજુની જગ્યા આપી હતી. સાંજની નમાજ અને આરતીનો સમય લગભગ એક જ હતો. આરતી ટાણે ઘંટારવ વગેરેના અવાજનો મુસ્લિમોને વાંધો હતો.)

હિન્દુ-મુસ્લિમ વૈમનસ્યને મિસ મેયોએ આ રીતે ચગાવ્યું છે : ''આજે આખા દેશમાં મુસલમાનો કહે છે : 'અમે પરદેશીઓ છીએ, વિજેતાઓ છીએ, લડાયક પ્રજા છીએ. અમારી સંખ્યા ઓછી છે તેથી શું થયું ? સંખ્યા મહત્ત્વની છે કે માણસ ? જ્યારે બ્રિટિશરો જશે ત્યારે અમે હિન્દુસ્તાન ઉપર રાજ કરીશું.''

ઈ. સ. ૧૯૨૫ના ડિસેમ્બરની ૨૬મી તારીખે કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનના પ્રમુખસ્થાનેથી, મુસ્લિમ ભાઈઓ તરફથી અલગ શૈક્ષણિક, મુલકી અને રાજકીય હકોની થતી માગણી તરફ હિન્દુ કોમની નારાજગી અને ખેદનો ઉલ્લેખ થયો.

એ પછી થોડા દિવસ બાદ ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગના અધિવેશનના પ્રમુખસ્થાનેથી સર અબ્દુલરહીમે કડક શબ્દોમાં જવાબ આપ્યો. મિસ મેયોએ એમના પ્રવચનની ઘણી વિગતો એના પુસ્તકમાં છાપી છે. એનો પહેલો ફકરો આ પ્રમાણે છે : ''હિન્દુ અને મુસલમાન એ ઇંગ્લૅન્ડના કેથોલિક અને પ્રોટેસ્ટંટ જેવા બે પંથ નથી. પણ બે અલગ કોમો કે પ્રજાઓ છે. એમનો જીવન પ્રત્યેનો અભિગમ, એમની પૃથક સંસ્કૃતિઓ, એમની સભ્યતા, સામાજિક ટેવો, એમની પરંપરાઓ અને ઇતિહાસ એમનો ધર્મની જે ભિન્નતા છે તેના કરતાં જરાય ઓછાં ભિન્ન નથી. એ અમને એવા સંપૂર્ણપણે જુદાં રાખે છે તે એક જ દેશમાં દસ હજાર વર્ષથી સાથે રહેવા છતાં અમને એક રાષ્ટ્રમાં જોડાવાના કારણરૂપ ભાગ્યે જ કંઈ બન્યું હોય.''

અને આગળ વધતાં એક ફકરામાં લખ્યું છે : ''અમારામાંનો કોઈ હિન્દુસ્તાની મુસલમાન, તુર્કો વચ્ચે મુસાફરી કરે છે ત્યારે એને એકદમ ઘર જેવું વાતાવરણ લાગે છે. અને અમે ન ટેવાયા હોઈએ એવું કશું જોવા મળતું નથી. જ્યારે એથી ઊલટું હિન્દુસ્તાનમાં અમે કોઈ લત્તામાંથી પસાર થઈએ છીએ અને શહેરમાં જ્યાં હિન્દુઓ વસતા હોય એવા ભાગમાં દાખલ થઈએ છીએ ત્યારે સર્વ સામાજિક બાબતોમાં અમે પરદેશી હોઈએ એવો અહેસાસ થાય છે.''

'મધર ઇન્ડિયા' કુલ છત્રીસ પ્રકરણોનું એક દળદાર પુસ્તક છે. એમાં મિસ મેયોએ જે લખ્યું એની બધી વિગતો વિશે અહીં લખવું શક્ય નથી. પણ આપણે જે વિગતો જોઈ એટલા પરથી સહેજે જોઈ શકાશે કે ગાંધીજીએ એ પુસ્તક વિશે જે ટીકા કરી છે એ તદ્દન સાચી છે. લેખિકાની નજર માત્ર ગંદી અને કુત્સિત વિગતો પર પડી છે. વળી, એણે જે લખ્યું છે એમાં ઘણું માની શકાય એવું પણ નથી. પુસ્તકમાં મિસ મેયોનું પોતાનું બહુ ઓછું છે. મોટા ભાગનું તો બીજાઓનાં અવતરણો કે ઉદાહરણોરૂપે જ અપાયું છે. આમ છતાં આ પુસ્તક આપણે એટલા માટે વાંચવા જેવું છે કે એમાં રહેલી કેટલીક બાબતો આપણી આંખ ઉઘાડનારી છે.

આ પુસ્તક ભારતના લોકોના મન ઉપર ઘા કરશે એવી મિસ મેયોને પહેલેથી જ દહેશત છે. એટલે તો પોતાના બચાવમાં એણે છેલ્લું પ્રકરણ લખ્યું છે. એમાં એણે લખ્યું છે કે આ બધી વિગતોનો સહેલાઈથી ઇન્કાર કરી શકાય પણ એને આઘીપાછી કરી શકાય એમ નથી કે ખોટી પુરવાર કરી શકાય એમ પણ નથી.


**મોહનલાલ પટેલ**
**૫૦૧/૨૧ સત્યાગ્રહ છાવણી,**
**સેટેલાઈટ, ભાવનિર્ઝર પાસે, અમદાવાદ-૧૫**
**મો. ૯૯૦૪૪૮૦૫૨૨**


*સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુક્ત થવાનો સતત પ્રયાસ, પછી ભલે તે સરકાર પરદેશી હોય કે દેશની. જો લોકો જીવનની દરેક વિગતના નિયમન માટે સ્વરાજ સરકાર તરફ જોશે તો સ્વરાજમાં ઝાઝો સાર નહીં હોય. [યંગ ઇન્ડિયા, ૬-૮-૧૯૨૫]*

# સદ્‌ગત કનુભાઈ ગાંધી અને મહાત્મા ગાંધીનો વેલો

પ્રકાશ ન. શાહ

આજે કનુભાઈ ગાંધીના સ્મરણ માટે આપણે એકત્ર થયા છીએ. આપણું એકત્ર થવું સ્વાભાવિક છે કેમ કે કનુભાઈ ગાંધી પરિવારના હતા માટે આપણને સ્વાભાવિક સંધાન રહે.

આ કનુભાઈ, એટલે ખરેખર કહાનદાસ. ગાંધીજીએ એમનું નામ પાડેલું કહાન. રામદાસ અને નિર્મળાબહેનના પુત્ર કહાન. પણ પછી ટૂંકમાં બધા કનુ કહેવા માંડ્યા. ગાંધી કુટુંબનાં બધાં બાળકો આનંદી, તોફાની, ખેપાની હતાં. વિલક્ષણ બાળકો. કહાનદાસ પણ એમાંના એક. પણ કનુભાઈને એક મોટો આનંદ, કૃતાર્થતા, ગૌરવ એનાં કે પરિવારનાં જે બાળકો હતાં એમાં છેલ્લાં વર્ષોમાં બાપુ સાથે રહેવાનું મળ્યું તે એમને મળ્યું. બા-બાપુનો ખોળો ખૂંદવાનો અને સેવા કરવાનો લહાવો એમને વધારે મળ્યો.

કહાનદાસની એક બીજી વિશિષ્ટતા મારે કહેવી જોઈએ. પરદેશ ગયા, સારું ભણ્યા અને પોતાની પસંદગીના ક્ષેત્રમાં ગયા. એ એવી ગાદી પર જન્મ્યા'તા કે જ્યાંથી દિલ્લી હંમેશાં ઢૂંકડું હોઈ શકે પણ મહાત્મા ગાંધીના આખા વેલાની ખૂબી એ રહી કે એમણે કદાપિ એ તરફ નજર ન કરી. પોતાના ક્ષેત્રમાં, પોતાને આવડ્યું તે કરવું અને નિર્વાહ કરવો. આ પરિવારના બધા લોકો આમ સરસ રીતે કામ કરી રહ્યા છે. કનુભાઈનાં બહેન સુમિત્રા કુલકર્ણી. એ આઈએએસ ઑફિસર હતાં. પછી કૉંગ્રેસના સમયમાં રાજ્યસભાનાં સભ્ય થયાં. એ પછી એનડીએ સરકાર આવી ત્યારે બંધારણ સુધારવાની ચર્ચા ચાલી ત્યારે એની સમિતિમાં પણ કામ કર્યું. પણ આ આખો પરિવાર કોઈ ને કોઈ રીતે પોતાના રસરુચિના ક્ષેત્રમાં કાર્યરત રહ્યો. દેવદાસ ગાંધીના દીકરા રાજમોહન ગાંધીએ ગયા વર્ષે જ આપણે ત્યાં ગૂજરાત વિદ્યાપીઠના એક સમયના આચાર્ય કૃપાલાની વિશે સરસ વાતો કરી હતી. તો આ પરિવારની ખૂબી એ છે કે રાજકારણમાં જવું અને સત્તાના કેન્દ્રમાં રહેવું એની સરળતા હતી, છતાં તેનાથી એકંદરે કિનારો કર્યો. સુમિત્રાબહેન તો થોડાંય સક્રિય થયાં પણ કહાનદાસે તો બિલકુલ કિનારો કર્યો અને પોતાને ગમતી કામગીરીમાં ગયા.

એક ગેલબ્રેથ (જોહ્‌ન કેનેથ ગેલબ્રેથ (૧૯૦૮-૨૦૦૬), જોહ્‌ન કેનેડીના કાર્યકાળ (૧૯૬૧-૧૯૬૩) દરમિયાન અમેરિકાના ભારત ખાતેના રાજદૂત. કૅનેડિયન મૂળના ગેલબ્રેથ વિશ્વસ્તરે જાણીતા અર્થશાસ્ત્રી અને પબ્લિક ઇન્ટલેક્ચ્યુઅલ હતા. ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૦૧માં તેમને પદ્મવિભૂષણથી સન્માનવામાં આવ્યા હતા.) હતા. એ જ્યારે અમેરિકાના ભારત ખાતેના રાજદૂત હતા ત્યારે એમણે યોજના કરી કે ભારતના તેજસ્વી વિદ્યાર્થીઓની અમેરિકામાં ભણવા માટેની વ્યવસ્થા કરવી. એ યોજનાને અન્વયે જે વિદ્યાર્થીઓ પસંદ થયા તેમાં કહાનદાસના પણ ક્વૉલિફિકેશન્સ એવા હતા કે તેઓ પસંદ થયા અને એમઆઈટીમાં ભણ્યા. એમઆઈટી એટલે બૌદ્ધિક સંપદાની રીતે દુનિયાના જે પાંચસાત કૅમ્પસ કહી શકાય, એમાં ભણ્યા અને નાસામાં વૈજ્ઞાનિક તરીકે જોડાયા. નિવૃત્ત થયા પછી ૨૦૧૪માં વતન પાછા ફર્યા. પછી સ્વાસ્થ્યના પ્રશ્નો, બીજા પ્રશ્નો, અને બધાં છાપાં લખે છે કે કાળજી લીધી—ના લીધી પણ એમનું સ્વાસ્થ્ય અને તેને કારણે મનની અસંતુલિત અને આંદોલિત સ્થિતિ, તેને કારણે તેઓ અને તેમનાં પત્ની શિવલક્ષ્મી ક્યાંય સ્થિર થઈને રહી શક્યાં નહીં. આપણે ત્યાં ગાંધીસંસ્થાઓ-આશ્રમસંસ્થાઓએ ઘણી સેવા કરી. ગાંધીઆશ્રમમાંય રહ્યાં. ભાઈ ધીમંત બઢિયા જેવા લોકોએ વ્યક્તિગત કાળજી પણ લીધી હશે. પછી દિલ્લીમાં ગાંધી નિધિમાં રહ્યા. બોચાસણ આશ્રમમાં રહ્યા. પણ ક્યાંય એમનું મન ગોઠે નહીં, પ્રશ્નો રહ્યા કરે અને

જગ્યા બદલાયા કરે. દિલ્લીમાં એક વૃદ્ધાશ્રમમાં હતા ત્યારે મીડિયાને જરા તડાકો પડ્યો, કારણ કે કોઈ ઉત્સાહી ભાઈએ એમની અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે વાત કરાવી. નરેન્દ્ર મોદીએ ખબર પૂછ્યા અને તમારી કાળજી લઈશું એમ કહ્યું. પણ એ પછીના જે અહેવાલો છે તેમાં કાળજી લીધાના કોઈ સમાચાર નથી, પણ છેલ્લે સુરતમાં રાધાકૃષ્ણ મંદિરમાં સચવાયા, તબિયત બગડતાં હૉસ્પિટલમાં ખસેડાયા. પંજાબી સમાજે, કૉંગ્રેસ અને ભાજપે પક્ષ તરીકે, ક્યાંકને ક્યાંક તેમની સારવાર અને સુવિધામાં રસ લેવાનો પ્રયાસ કર્યો. પણ એ રીતે ૨૨મી ઑક્ટોબરના હેમરેજ પછી આ સાતમી નવેમ્બરે આપણી વચ્ચેથી ગયા.

અહીં મારે બે સાદી વાત તમને કહેવી છે. કનુભાઈ એટલે કહાનદાસના જીવનનું સરવૈયું – એમનો આનંદ, બા-બાપુના ખોળામાં રમવામાં અને સેવા કરવામાં. છેલ્લામાં છેલ્લાં કોઈ બાળકને તક મળી હોય તો એ એમને મળી. બીજી એમની વિશેષતા કોઈ જાહેરક્ષેત્રમાં ગયા વગર એક વૈજ્ઞાનિક તરીકેની જિંદગી સારી રીતે એમણે પૂરી કરી. એક જાણીતા કુટુંબમાં જન્મ્યા પછી પ્રમાણમાં સામાન્ય જિંદગી જીવવાનું વલણ કેળવવું બહુ અઘરું હોય છે. ઉચ્ચ કક્ષાની કારકિર્દી અને–હાઈફાઈ વીઆઈપી – અંગ્રેજીમાં કહે છે ને કે 'ગ્લેર ઑફ પબ્લિસિટી', એવું તો એમનું જીવન હતું નહીં. પછી સ્વાસ્થ્યના પ્રશ્નો અને પછી મીડિયાની કરામત – માંદા છે, કોઈ કાળજી નથી લેતું. કાળજી તો બધે જ લેવાતી હોય પણ મીડિયા સમાચાર શાને બનાવે ! આપણે પત્રકારત્વમાં જૂની કહેવત છે, પત્રકારત્વના વિદ્યાર્થીઓ જાણતા હશે કે કૂતરું માણસને કરડે એ સમાચાર નથી પણ માણસ કૂતરાને કરડે એ સમાચાર છે એટલે એ રીતે કહાનદાસ નૉર્મલ લાઇફ જીવતા હોય તો એ સમાચાર નથી પણ માંદા પડ્યા અને હવે કોઈ આવતું નથી, એ ખરું કે ખોટું ઊભું કરો તો એ સમાચાર. પણ કહાનદાસના જીવનનો આનંદ અને ગૌરવ જે હતાં તે–૨૦૧૪ સુધી શરીર ચાલ્યું અને મન વિક્ષિપ્ત દશામાં ન આવ્યું અને મનની એક પ્રકારની સ્કેઝોફેનિક સ્થિતિ ન થઈ ત્યાં સુધી–વીઆઈપી બેડાની બહાર જીવવું પસંદ કર્યું. એ એમની વિશેષતા. એટલે જે 'સગા દીઠા મેં શાહઆલમના, શેરીએ ભીખ માંગતા' એવો વિલાપ મીડિયા કરે છે, એનું કોઈ કારણ નથી... બીજાં સંતાનો જે છે એ પણ પોતાની રીતે સરસ રીતે કાર્યરત છે. દાખલા તરીકે ગોપાલકૃષ્ણ ગાંધી, એ કોણ છે. હમણાં મેં રાજમોહન ગાંધીનો ઉલ્લેખ કર્યો, એમના ભાઈ ગોપાલકૃષ્ણ. એટલે દેવદાસના પુત્ર. એ પ. બંગાળના રાજ્યપાલ થયા હતા એમની સનદી સેવાના કારણે. ક્વૉલિફાઇડ ઑફિસર હતા અને એમ કરતાં કરતાં આગળ રાજ્યપાલ થયા. એ વખતે એવી શક્યતા હતી કે થોડા વખતમાં ઉપરાષ્ટ્રપતિ પદે અને પછી કદાચ રાષ્ટ્રપતિ પદે એ પહોંચશે પણ નંદીગ્રામ અને સિંગુરનો જે પ્રશ્ન થયો એમાં રાજ્યપાલે એ વખતની સરકારને ઠપકો આપ્યો અને પોતે રસ લઈને સરકારને બાયપાસ કરીને, સામાન્ય નાગરિકને ઉપયોગી થયા. એટલે જે સરકાર એમને કેન્દ્રમાં રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિ બનાવવાની ગણતરીમાં હતી એ સરકારે એ વિચાર પડતો મૂક્યો. એમને આ પરિણામની ખબર હતી પણ એક સૈદ્ધાંતિક ભૂમિકાને વળગી રહ્યા કે જ્યાં હું બંધારણીય વડો છું ત્યાંની સરકાર જો ખોટી રીતે વર્તી હોય તો મારે નાગરિકોની તરફેણમાં દરમિયાન થવું જોઈએ.

આ કુટુંબના બીજા સભ્યોની પણ ઓછીવત્તી વાત થઈ શકે પણ મોહને જેને કહાન કહ્યા એમને યાદ કરીને આ પ્રકારના પરિવારમાંથી આવતાં બાળકોની જે બે વિશેષતા – વાત્સલ્ય ને સેવાનો બાળપણનો ભાવ અને પોતાની કામગીરી કરીને એ રીતે જીવવાનો ભાવ, એ બે વિલક્ષણતા નોંધું છું. એ રીતે કનુભાઈને યાદ કરીએ. આ રીતે 'યાદ કરીએ' એ કોઈ ચાલુ અર્થમાં નથી અને એકદમ શોકવશ કોઈ નિવાપાંજલિ આપું છું એમેય નથી. શરીર તો પોતાનો ધર્મ બજાવે જ છે અને યથાસમયે જતું હોય છે પણ આવે વખતે આપણે એ વ્યક્તિ, તેનો સમય અને તેના આસપાસનાઓની થોડી વાત સમજવાનો પ્રયાસ કરીએ. અને એ રીતે આપણી બિરાદરી અને અંજલિનો ભાવ કાયમ રહે, એ ભાવથી વિદ્યાપીઠ પરિવાર અને વિદ્યાપીઠ પરિસરમાં બે શબ્દો કહ્યા છે. કનુભાઈને એટલે કે કહાનદાસને મારા અને આપણા સૌ વતી નમ્ર શ્રદ્ધાંજલિ આપું છું.

**(નવજીવનનો અક્ષરદેહ, ડિસેમ્બર ૨૦૧૬, પૃ. ૨૩, ૨૪, ૨૬માંથી સાભાર)**

**પ્રકાશ ન. શાહ, 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૦૯**
**ફોન : ૦૭૯-૨૬૬૨૮૦૬**

# અનુવાદ - પ્રયુક્તિ અને પદ્ધતિના સંદર્ભમાં

ચંદ્રકાન્ત શેઠ

અનુવાદની સૈદ્ધાન્તિક – શાસ્ત્રીય ચર્ચાઓ ભલે ચાલતી રહે, પરંતુ એવી ચર્ચાઓ માત્રથી સારા – શ્રદ્ધેય અનુવાદ કરવાની શક્તિ સાંપડે છે એમ માની શકાય નહીં. શસ્ત્રાસ્ત્રોના જ્ઞાનમાત્રથી ઉત્તમ સૈનિક થવાતું નથી. તરણશાસ્ત્રોના અધ્યયન માત્રથી ઉત્તમ તરવૈયા થવાતું નથી. વીરતા, નિર્ભયતા, સાહસિકતા જેવી ગુણસંપત્તિ હોય; લડવૈયાનું શીલ હોય તો ઉત્તમ સૈનિક થવાય. પાણીમાં તરવા માટે પડાય તો ઉત્તમ તરવૈયા થવાય. અનુવાદનું શાસ્ત્ર વાંચ્યાથી નહીં; અનુવાદનું કાર્ય કરવાથી, તેનો અનુભવ કરવાથી અનુવાદશક્તિ કેળવાય અને ઉત્તમ અનુવાદક થઈ શકાય. કવિ નર્મદે જેમ નિબંધો લખવા સહેલા નથી એમ કહેલું તેમ આપણે પણ કહી શકીએ સારા અનુવાદ કરવા એ સહેલું કામ નથી.

જેમ બધા મનુષ્યો કવિઓ થતા નથી, બધા મનુષ્યો શિક્ષકો થતા નથી તેમ બધા મનુષ્યો અનુવાદકો પણ થતા નથી. જેમ કેટલાકમાં કાવ્ય કરવાની તેમ કેટલાકમાં અનુવાદ કરવાની વૃત્તિ-શક્તિ નૈસર્ગિક કે ઈશ્વરદત્ત હોય છે. 'લખતાં લહિયો થાય' - એ ન્યાયે અનુવાદ કરવાનો મહાવરો રાખવાથી અમુક હદ સુધી અનુવાદ કરવા માટેની હથોટી કેળવાય છે ખરી, પરંતુ ઉત્તમ અનુવાદ માટે તો ઉત્તમ પ્રકારની અનુવાદક-પ્રતિભા – એક પ્રકારની અનુસર્જકતા અનિવાર્ય હોય છે. જેમ કવિને કવિતાના સર્જનમાં તેમ અનુવાદકને અનુવાદ કરવામાં મજા પડવી જોઈએ. સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી જેવી અન્ય કોઈ ભાષામાં – પરભાષામાં કશુંક સુંદર, અફલાતૂન વાંચ્યું હોય તો સાચા અનુવાદકને એ વાંચેલું પોતાની માતૃભાષામાં સરસ રીતે ઉતારી લેવાની વૃત્તિ કે ઊર્મિ ઊઠવી જોઈએ. અનુવાદકાર્ય માટેની સ્વાભાવિક રુચિ અનુવાદકમાં હોવી જ જોઈએ. વળી અનુવાદકાર્ય કરવાની પૂરતી ક્ષમતા પોતાનામાં હોવા બાબતે અનુવાદકને પાકો આત્મવિશ્વાસ કે ઊંડી આત્મશ્રદ્ધા હોવાં જોઈએ. અનુવાદકમાં અનિવાર્યતયા દ્વૈભાષિકતા કે અનેકભાષિતા હોવાની. કેટફર્ડ કહે છે તેમ, અનુવાદકને જે કૃતિનો અનુવાદ કરવાનો હોય તે મૂળ ભાષાનો – સ્રોત – ભાષા (Source Language - SL)નો તેમ જ જેમાં અનુવાદ કરવાનો હોય તે લક્ષ્યભાષા (Target Language - TL)નો પૂરતો પરિચય ને પરચો હોય એ અનિવાર્ય છે. SL અને TLના પૂરતા ને પાકા પરિચય વિના સારો અનુવાદ શક્ય જ નથી. અનુવાદકમાં એ રીતે SL અને TLની વ્યક્તિતાની – એમની ખૂબીઓ તથા ખાસિયતોની પૂરી જાણકારી જોઈએ જ. અનુવાદકમાં જે કૃતિનો એ અનુવાદ કરવા માગતો હોય તે કૃતિ પ્રત્યે અને જે ભાષામાં એ અનુવાદ કરવા માગતો હોય એ ભાષા પ્રત્યે ઊંડી દિલચસ્પી હોવી જોઈએ. જેમ તરવૈયા તરણહોજમાં ઝંપલાવતાં તરવાની બધી યુક્તિ-પ્રયુક્તિઓને – બધી હિકમતો-કરામતોને તરવાના કામે લગાડે છે તેમ અનુવાદક પણ અનુવાદકાર્યમાં ઝંપલાવતાં, સહજતયા જ અનુવાદકાર્યની બધી જ યુક્તિ-પ્રયુક્તિઓને કામે લગાડે છે. અનુવાદક સામે એક જ મકસદ હોય છે – ઉત્તમ પ્રકારે અનુવાદકાર્ય સિદ્ધ કરવું; મૂળ કૃતિની લગોલગ જઈ શકે – એનું યથાતથ પ્રતિબિંબ પાડી શકે એવો શ્રદ્ધેય અનુવાદ તૈયાર કરવો. એ માટે એ પોતાનાથી જે કંઈ થઈ શકે તે બધું જ કરી છૂટવાનો; નિશાનચૂક ન થાય એ માટે એ બરોબર સાવધાન ને સજ્જ રહેવાનો. SLનો જેવો

પ્રભાવ એવો TLમાં દેખાવ કરવાનો સારા અનુવાદકનો પ્રયત્ન હોય જ.

આ અનુવાદપ્રક્રિયા પણ સર્જનપ્રક્રિયાની જેમ જ રસપ્રદ ને રોમાંચક થઈ રહે છે. એમાં શબ્દોની મૃગયા - hunting of the words હોય છે. Right word at the right place - યોગ્ય શબ્દ યોગ્ય સ્થળે પ્રયોજાય એ માટેની ઉત્કટ મથામણ હોય છે. કેટલીક રીતે અનુવાદકળામાં અનુસર્જનકળા (transcreation)ની ખૂબીઓ ને ખાસિયતો જોવા મળે છે. એમાં સમુચિત પર્યાયીકરણની પ્રક્રિયાનાં ઊંડાણ તેમ જ વ્યાપ-વિસ્તરણ જોઈ શકાય. અનુવાદકળા આમ તો તરવા જેવી 'આપકળા' લેખાય છે. નગીનદાસે તો એમની અનુવાદવિષયક પુસ્તિકાનું નામ જ 'અનુવાદકળા' રાખ્યું છે. અનુવાદમાં માર્મિકતા ત્યારે જ આવે છે જ્યારે એમાં અનુવાદકની 'આતમસૂઝ' અને 'કોઠાસૂઝ' પ્રયુક્ત થઈ હોય. 'હેલિકોપ્ટર'નો 'અધ્ધરિયું' પર્યાય કોઠાસૂઝ વિના ન આવે. 'જજમેન્ટ ઇન લિટરેચર'નો 'સાહિત્યવિવેક' એ રીતનો પર્યાય આતમસૂઝ વિના ન આવે. અનુવાદમાં કેટલીક રીતે આપસૂઝનું પ્રવર્તન જોઈ શકાય. નગીનદાસને અનુવાદમાં કેવળ શાસ્ત્રીયતા પર્યાપ્ત ન લાગી હોય એવું જણાય છે. બીજી બાજુ, શાસ્ત્રીયતા વિના પણ અનુવાદપ્રવૃત્તિનો જે ઘડતરવિકાસ થયો છે તે ન થઈ શકત એ પણ દીવા જેવું સ્પષ્ટ છે. અનુવાદની તાલીમ કેટલીક હદે આપી શકાય છે એ હકીકત આ પ્રક્રિયાની વૈજ્ઞાનિકતા-શાસ્ત્રીયતા સિદ્ધ કરે છે. તેથી જ અનુવાદકાર્યના સંદર્ભમાં આચાર્ય શ્રી મોહનભાઈ શં. પટેલે 'અનુવાદવિજ્ઞાન' શબ્દ પ્રયોજ્યો છે. વસ્તુતઃ તો જેમ વિવેચનમાં તેમ અનુવાદકાર્યમાં કળા તેમ જ વિજ્ઞાન બંનેય સમન્વિત રૂપમાં જોઈ શકાય છે. અનુવાદમાં અનુસર્જકતાનો ફાળો ઘણો અગત્યનો છે. તેની સાધક-બાધક ચર્ચા ઘણી થઈ શકે.

પ્રા. નગીનદાસ પારેખ અનુવાદના વર્ગો લેતા હતા. ત્યારે તેઓ અનુવાદકાર્ય માટે જે પ્રયુક્તિ ને પદ્ધતિ અજમાવતા હતા તેની વાત અહીં અસ્થાને નહીં લાગે.

પ્રથમ તેઓ અનુવાદકળાના છાત્રો તરીકે અમે છીએ તે ખ્યાલમાં રાખીને અનુવાદ માટેના કોઈ પરિચ્છેદની પસંદગી કરતા હતા. એક સંનિષ્ઠ પ્રાધ્યાપક તરીકે અનુવાદ કરવાની અમારી છાત્ર તરીકેની ક્ષમતાનો ક્યાસ એમણે કાઢી જ લીધો હોય. એ રીતે અનુવાદ કરવા માટેની કૃતિની પસંદગી પણ ઘણો મહત્ત્વનો મુદ્દો બની રહે છે. કેટલીક એવી કૃતિઓ હોય છે, જેમનો અનુવાદ અશક્યવત્ હોય છે; દા. ત., આપણી કેટલીક મંત્રાત્મક ઉક્તિઓ અથવા મંત્રકવિતા – **'श्रीकृष्णः शरणं मम ।' 'ॐ नमो भगवते वासुदेवाय ।'** જેવીનો કે 'ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચૂંદલડી' - આ ન્હાનાલાલની કાવ્યપંક્તિનો અનુવાદ ઘણો મુશ્કેલ. એમાંયે અંગ્રેજી જેવી પાશ્ચાત્ય સંસ્કૃતિની ભાષામાં તો 'ચૂંદલડી'નો પર્યાયવાચી શબ્દ લાવવો જ મુશ્કેલ. આપણા 'કળશ', 'બ્રહ્મ' 'યજ્ઞ' જેવા ભારતીય સંસ્કાર ને સંસ્કૃતિની પીમળવાળા શબ્દોના પર્યાય તો અંગ્રેજી જેવી સમૃદ્ધ ભાષામાં પણ સાંપડવા અશક્ય. એ રીતે અંગ્રેજી 'ક્રૉસ' શબ્દનો અસરકારક પર્યાય ગુજરાતીમાં આપી શકાય એમ હું ધારતો નથી. દરેક ભાષાની પોતપોતાની અલગ તાસીર ને વ્યક્તિતા હોય છે. સમજદાર અનુવાદક તેની ઉપેક્ષા જરા પણ ન કરી શકે.

પ્રા. નગીનદાસ વર્ગમાં અનુવાદ માટેના જે પરિચ્છેદ અમને પસંદ કરીને આપતા તેમાં અનુવાદકળાના એક અધિકારી શિક્ષક તરીકે તેમની ઉત્કૃષ્ટ સૂઝ-સમજ અમે જોઈ શકતા હતા. એ રીતે આપેલા પરિચ્છેદ અમે છાત્રો એકાધિક વાર વાંચતા. અઘરા શબ્દો રેખાંકિત કરી તેમના અર્થ અમે કોશની મદદથી મેળવતા– વિવેકપુરઃસર કામ કરવાનું હોય છે. ત્રાજવાનો ધડો કરવામાં આવે, એની ધારણ બાંધવામાં આવે પછી જ તોલવાનું કામ કરાય એમ અનુવાદકે મૂળ કૃતિનું પોતાના સંવિતમાં સં-ધારણ કરીને જ અનુવાદકાર્ય કરવાનું રહે છે.

આમ છતાં અનુવાદ એ અનુ-વાદ છે. એ કોઈ રીતે મૂળ કૃતિનું સ્થાન ન જ લઈ શકે; એનો વિકલ્પ ન બની શકે. ગમે તેટલો સારો અનુવાદ થાય, પણ એમાં કેટલેક અંશે સમાધાન કરવાનું તો થાય જ;

દા. ત., અંગ્રેજીમાં બાઈબલમાંના સોલોમનના ગીત માટેના 'Song of the songs' - શબ્દપ્રયોગનો શો અનુવાદ કરવો એ પ્રશ્ન હતો. 'રાજા' શબ્દ હોત તો 'રાજાનોય રાજા' એમ કરી શકાત. અહીં તો 'ગીત' શબ્દ છે. 'ગીતોનુંયે ગીત' એવો અનુવાદ તો ઠીક ન લાગે. 'ગીતરાજ' જેવો શબ્દ પણ ન ચાલે; છેવટે 'સર્વોત્તમ ગીત' એવો અનુવાદ કરીને મન મનાવવું પડ્યું. અનુવાદકાર્યમાં અવારનવાર અત્રતત્ર બાંધછોડ કરવાની રહે છે; તેથી જ કહેવામાં આવ્યું છે : 'All translations are compromise' - અનુવાદમાત્રમાં કશીક તો બાંધછોડ હોવાની.

અનુવાદકાર્ય ઘણી જવાબદારીવાળું કાર્ય છે. એક બાજુ મૂળ કૃતિ, એનો કર્તા અને એની ભાષા છે; બીજી બાજુ અનુવાદકની સામે એની પોતાની ભાષા અને એનો વાચક-પાઠક કે ભાવક-શ્રોતા વર્ગ છે. અનુવાદકે આ બંને બાજુઓ વચ્ચે અનૂદિત કૃતિ દ્વારા સેતુબંધ રચવાનો રહે છે. કોઈને અન્યાય ન થાય, હાનિ કે ક્ષતિ ન પહોંચે એ પ્રકારે ઉત્કૃષ્ટ રીતે સહૃદયધર્મનું પરિપાલન કરતાં કરતાં આ કાર્ય કરવાનું રહે છે. મત્સ્યવેધ જેવું અઘરું કાર્ય છે અનુવાદનું. જેમ કવિ માટે કહેવાય છે તેમ અનુવાદક માટે પણ કહી શકાય : 'કેવો મોટો ભાર છે અનુવાદકના માથે !'

અનુવાદકે અનુવાદ કરતી વેળા કોના માટે તે કરવાનો થાય છે એ નક્કી કરી લેવાનું રહે છે. તેણે તેનું 'ટાર્જેટ ઑડિયન્સ' – તેના ભાવક વર્ગની કક્ષાને પણ ધ્યાનમાં લેવાની રહે છે. વળી તે પોતે શબ્દશઃ અનુવાદ કરવા માગે છે (શબ્દાનુસારી અનુવાદ), અર્થાનુસારી કે ભાવાનુસારી અનુવાદ કરવા માગે છે કે સારાનુવાદ, તે પણ અનુવાદકાર્યના પ્રારંભે જ નક્કી કરી લેવાનું રહે છે. અનુવાદક ગદ્યનો ગદ્યમાં કે પદ્યમાં અથવા પદ્યનો પદ્યમાં કે ગદ્યમાં અનુવાદ કરવા માગે છે તે પણ પહેલેથી જ નક્કી કરવું જરૂરી હોય છે. છેવટે તો જેવી બૉલિંગ એવી બૅટિંગ – એવો ન્યાય અનુવાદકાર્યમાં પણ ચાલતો હોય છે ! SLમાં મૂળ કૃતિનું જેવું સ્વરૂપ, TLમાં એનું એ પ્રમાણેનું અનુ-રૂપ. જોકે આ ભૂમિકાએ પણ અનુવાદકને અનુવાદમાં સાધક-બાધક અનેકાનેક સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વોનો મુકાબલો તો કરવાનો રહે જ છે. છેવટે અનુવાદકાર્યમાંયે એક પ્રકારનું મુકાબલાનું – confrontationનું તત્ત્વ પણ જોવા મળે છે.

આજે સંચારમાધ્યમોનો કૂદકે ને ભૂસકે વ્યાપ-વિસ્તાર વધતો રહ્યો છે. દુનિયા જાણે મુઠ્ઠીમાં આવી ગયાનો ભાવ થાય છે. પ્રજા પ્રજા વચ્ચે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે હવે ઘણી ઝડપથી સંબંધો-સંપર્કો થઈ શકતા હોય છે. સાંસ્કૃતિક આદાન-પ્રદાનની ગતિ ને માત્રા ખૂબ જ વધતાં જાય છે. આ પરિસ્થિતિમાં અનુવાદકાર્યનું મહત્ત્વ અને એની ઉપયોગિતા ને પ્રભાવકતા ખૂબ જ વધવા લાગ્યાં છે. આ પરિસ્થિતિમાં દેશવિદેશની કળા-વિજ્ઞાન-તત્ત્વજ્ઞાન આદિની મહાન કૃતિઓ પ્રતિ વિવિધ ભાષા-ભાષી લોકોનું ધ્યાન જાય એ ખૂબ જરૂરી છે. અનુવાદકાર્ય માનવસેવા, વિશ્વસેવા ને સંસ્કૃતિસેવાનું સર્વોત્તમ માધ્યમ બને એવી એની ગુંજાશ છે. અનુવાદકાર્યના વિકાસ-વિસ્તારમાં હવે તો યંત્રતંત્ર પણ ઘણાં સહાયક થતાં આવે છે. યંત્રાનુવાદની ટૅક્નિક પણ વિકસી રહી છે. 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' અનુવાદકાર્યમાં કેવી ને કેટલી ઉપકારક થાય એ પણ હવે જોવાનું છે.

જ્યાં સુધી માનવતા ને વૈશ્વિકતાના સંબંધ-સંદર્ભનું તથા સંવાદ-સંપર્કનું ચલણ છે ત્યાં સુધી અનુવાદકાર્યના સત્તાપ્રભાવને જરાયે આંચ આવવાની નથી; બલકે એનું ઉત્તરદાયિત્વ અને એની ઉપયોગિતા ને ઉપકારકતા વધુ ને વધુ લાગતી રહેવાની છે. મૂળ કૃતિની સાથે સાથે, એના જે જે શ્રદ્ધેય કે ઉત્તમ અનુવાદો થયા હોય તે ભાવનધર્મે વાંચતા રહેવાથી અનુવાદકાર્યના કળબળનું, એની ચાલચલગતનું સમ્યક જ્ઞાન મળીને રહેશે; એટલું જ નહીં, એ જ્ઞાન ભાવિ અનુવાદકાર્યમાં પ્રેરક તેમ જ માર્ગદર્શક પણ થઈને રહેશે.

**(લેખક કૃત 'સાહિત્ય : સંસ્કૃતિ અને સમાજના પરિસરમાં' અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૧૬, પૃ. ૩૯-૪૪માંથી સાભાર)**

**ચંદ્રકાન્ત શેઠ, બી/૮, પૂર્ણેશ્વર ફ્લેટસ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૩૦૦૯૨૮**

# માનવનિષ્ઠ કેળવણી - કેટલાક આયામો

મનસુખ સલ્લા

**(ક) શિક્ષક : વ્યક્તિગત ભૂમિકાએ**

૧. શિક્ષક વિચાર અને કાર્ય વચ્ચેનું અંતર ઘટાડવા પ્રયત્નશીલ હશે.

૨. માનવનિષ્ઠ કેળવણીની સમજ વધુ વ્યાપક થાય અને દૃઢ થાય તે માટે સતત અધ્યયન કરશે. એવા વિચારકોના સાહિત્યનું સેવન કરશે.

૩. જાત સાથે પ્રામાણિકતા વધે તે માટે જાગ્રત રહેશે. સતત આંતરનિરીક્ષણ કરશે.

૪. વિદ્યાર્થીઓને સમજવા માટે મન ખુલ્લું રાખશે. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વિકસે એવી દૃષ્ટિ રાખશે.

૫. વિદ્યાર્થી સાથેનો સંબંધ, વિષય શિક્ષણ, શિક્ષણના હેતુઓ, પદ્ધતિઓ, પરીક્ષાસ્વરૂપ, કાર્યક્રમ આયોજન અંગેના પ્રયોગો કરવા માટે તત્પર રહેશે.

૬. આ દિશામાં વિચારનારા, પ્રયોગ કરનારા શિક્ષકોનો સહકાર લેવા ઉત્સુક રહેશે.

૭. અનુભવોની તારવણી કરી તેની નોંધ કરશે. મર્યાદા કે નિષ્ફળતાને પણ અનુભવ ગણીને તેમાંથી શીખવા પ્રયત્ન કરશે.

**(ખ) શિક્ષકનો વિદ્યાર્થી સાથેનો સંબંધ**

૧. શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથેનો સંબંધ પ્રેમનો હશે. મોટાભાઈમાંથી મિત્રની ભૂમિકાએ પહોંચી શકાય તેવો પ્રયત્ન કરશે.

૨. દરેક વિદ્યાર્થીમાં શુભ, શ્રેયસ્કર, ઉત્તમ તત્ત્વો રહેલાં છે તેવો વિશ્વાસ રાખશે.

૩. વિદ્યાર્થી ગમે તે કક્ષાએ હોય પણ ત્યાંથી વિકસિત થઈ શકે છે તેવી શ્રદ્ધા ધરાવતો હશે.

૪. વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારમાં ભય કે લાલચ કે તુલનાના કોઈ પણ માધ્યમનો ઉપયોગ નહીં કરે. દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર એકમ ગણશે. બીજા વિદ્યાર્થી સાથે તેની તુલના નહીં કરે.

૫. વિદ્યાર્થીને શારીરિક સજા તો નહીં જ કરે, સાથે જ વિદ્યાર્થીને અપમાનિત નહીં કરે, ઉતારી નહીં પાડે, તકવંચિત નહીં રાખે, તેના ગૌરવને હણશે નહીં.

૬. વિદ્યાર્થીને કાંઈક ભણાવી દેવું છે તેવું ધ્યેય નહીં રાખે, પરંતુ વિદ્યાર્થી જાતે શીખતો અને વિચારતો થાય એ માટે ચિંતન અને પ્રયોગો કરતા રહેશે.

૭. વિદ્યાર્થીઓને જવાબદારી સોંપીને જવાબદાર બનવાની તાલીમ આપશે.

૮. વિદ્યાર્થીઓની સાથે પોતે પણ શીખી રહ્યા છે તેવા ભાવથી કાર્ય કરશે.

**(ગ) વિષય શિક્ષણ અંગે નવી નજર**

૧. વિદ્યાર્થી જાતે શીખી રહ્યો છે તેમાં પોતે ક્યાંક માર્ગદર્શક, ક્યાંક મદદકર્તા, ક્યાંક મિત્ર, ક્યાંક નિરીક્ષક કે ક્યાંક માત્ર આયોજકની ભૂમિકા એ છે કે તેવું સ્વીકારીને વર્ગકાર્ય કરશે.

૨. વિદ્યાર્થીઓ સમૂહમાં – પરસ્પર કેમ શીખી શકે એ માટેની પદ્ધતિઓ સમજશે – વિકસાવશે.

૩. વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન તરફ વધુ ને વધુ કેમ વળે તે માટેના પ્રયોગો કરશે. શું કેમ શીખવું તેનું આયોજન વિદ્યાર્થીઓ પાસે કરાવશે.

૪. વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરશે. વિષયના કયા એકમ માટે કઈ પદ્ધતિ ઉપયુક્ત છે તેના પ્રયોગો કરશે.

૫. વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાથી શીખવાની પ્રક્રિયા સરળ, રસિક અને અસરકારક કેમ થઈ શકે તેના પ્રયોગો કરશે. તેના ઉપયોગ અંગે વધુ જાણવા સતત ઉત્સુક રહેશે. (દા. ત., પુસ્તકો, ઇન્ટરનેટ, સીડી, ટીવી, ચાર્ટ્સ, નકશા, નમૂના વગેરે)

૬. વિદ્યાર્થીઓ માત્ર યાદ રાખવાને બદલે પ્રશ્નના ઉત્તરના વિવિધ વિકલ્પો શોધવા તરફ વળે એવું ભાવાવરણ અને સંબંધ-સ્વરૂપ નીપજાવશે.

૭. વિદ્યાર્થી શીખવામાં ભૂલો કરે, મર્યાદા બતાવે કે કાંઈક ઊલટું કરે ત્યારે શિક્ષક ધીરજ નહીં ખુએ, પણ એને વધુ સારી રીતે શીખવવાની તક ગણશે.

૮. શિક્ષકનું લક્ષ્ય માત્ર વિષય-શિક્ષણ નહીં હોય, પણ એ વિષયો દ્વારા જીવનની સમજ વિકસે, વિદ્યાર્થી

જ્ઞાનનો જીવનમાં ઉપયોગ કરતો થાય અને જીવનને વધુ સંવાદી, મૂલ્યલક્ષી અને હેતુપૂર્ણ બનાવે એ હેતુ રાખશે. એ નજરથી તમામ વિષયોને સમજશે, વિદ્યાર્થીઓ આગળ રજૂ કરશે.

**(ઘ) વર્ગશિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓનું સ્વરૂપ અને સ્થાન**

૧. વિદ્યાર્થીઓનો માત્ર બૌદ્ધિક વિકાસ અપેક્ષિત નથી, પરંતુ તેમના હૃદયનો વિકાસ થાય, સંવેદનશીલતા વિકસે, સંબંધોમાં સંવાદિતા આવે તથા નિરીક્ષણશક્તિ અને પૃથક્કરણશક્તિ વિકસે તે અપેક્ષિત છે. કોઈ પણ બે વસ્તુ, પ્રક્રિયા, વિષય કે સંબંધમાં રહેલી એકતાને પારખે અને સમગ્રના સંદર્ભમાં એને સમજવાની ક્ષમતા કેળવાય તે દૃષ્ટિએ તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

૨. પ્રવૃત્તિ દ્વારા કાર્યકૌશલ વિકસે તે અત્યંત જરૂરી છે. વિવિધ અંગોનાં વિવિધ કાર્યો વિદ્યાર્થીઓ સ્ફૂર્તિથી, ચોક્સાઈથી, વાજબી ગતિથી, ઓછામાં ઓછા બગાડથી અને સમજપૂર્વક કરી શકે તેવી તાલીમ અને કૌશલ મળી શકે તેવું આયોજન કરવું.

૩. સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું વિદ્યાર્થીઓના વિકાસમાં અત્યંત મહત્ત્વ છે તે પારખવું અને સમજવું. (દા. ત., પ્રવાસ, શિબિર, પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો, વાચન શિબિર, પ્રાર્થના, સફાઈ, બાગની સંભાળ, ઉત્સવ ઉજવણી, વનભોજન, રમત આયોજન, પર્વતારોહણ, સ્કાઉટ, શાંતિસેના શિબિર, યોગાસનો વગેરે)

૪. જે તે કાર્યક્રમના આયોજન અને અમલની વધુમાં વધુ જવાબદારી વિદ્યાર્થીઓને સોંપવી. તેમના અભિપ્રાયોને પૂરતું વજન આપવું. મર્યાદા નિવારણની તક આપવી. વિદ્યાર્થીઓને સાથે રાખી કાર્યક્રમને અંતે મૂલ્યાંકન કરી તારણો મેળવવાં - નોંધવાં. પછીથી તે અંગે શી કાળજી લઈ શકીએ તે સ્પષ્ટ કરવું.

૫. અમુક ચપળ, બોલકા, હોશિયાર દેખાતા વિદ્યાર્થીઓ ઉપર જ બધું ધ્યાન ન આપવું કે એને જ માત્ર આગેવાની ન સોંપવી. સૌને યોગ્યતા મુજબ તક મળે તેવું યોજવું.

૬. વિદ્યાર્થીઓની દૃષ્ટિ વિશાળ બને, તેઓ જવાબદાર બને, તેમનામાં નાગરિક ધર્મનો વિકાસ થાય, પોતાના સિવાયનાં સજીવ-નિર્જીવ તમામની કાળજી લેવાની ભાવના જાગે તે દૃષ્ટિએ તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

૭. સ્થાનિક કે રાજ્ય કક્ષાએ કુદરતી આફતો કે અકસ્માતના પ્રસંગોએ વિદ્યાર્થીઓ પોતાની વય મુજબ મદદરૂપ થાય તેવું આયોજન કરવું એ શૈક્ષણિક દૃષ્ટિએ ખૂબ ઇષ્ટ છે.

**(ચ) સંચાલન, વહીવટ, વ્યવસ્થા કક્ષાએ લેવાની કાળજી**

૧. વિદ્યાલય એટલે સંચાલકો, આચાર્ય, શિક્ષકો અને તમામ કાર્યકરગણ. એ તમામ વચ્ચે કાર્યક્રમોના આયોજન, અમલ, મૂલ્યાંકનમાં સંવાદિતા રહે તે જરૂરી છે.

૨. જે કોઈ શૈક્ષણિક પ્રયોગ અમલમાં મૂકવો હોય તેમાં આ તમામ એકમો ભાગીદાર બને તેવું ગોઠવવું.

૩. કોઈ શિક્ષક પ્રયોગમાં સીધા ભાગીદાર ન હોય તોપણ તેમને એ પ્રક્રિયાથી સમયાંતરે પરિચિત રાખવા.

૪. પ્રયોગ સાથે નિષ્ફળતા પણ જોડાયેલી છે. નિષ્ફળતાથી હતાશ ન થવું. એ આપણી સમજ માટે, ગતિ માટે અને વિકાસ માટે ઉપયોગી તબક્કો છે તેમ ગણી નિષ્ફળતાને સમજવી - સ્વીકારવી - પચાવવી.

૫. પ્રશ્નો કે મૂંઝવણ વખતે સંબંધિતો સાથે સમૂહમાં મળીને વિચારણા થશે તો આત્યંતિકતાથી મુક્ત રહી શકાશે, ઔચિત્ય જાળવી શકાશે, ભાગીદારીનો ભાવ દૃઢ થશે.

૬. એક વિદ્યાલયના પ્રયોગોમાંથી મળેલાં ઉત્તમ પરિણામો બીજાં અનેક વિદ્યાલયો માટે પ્રેરક અને માર્ગદર્શક બની શકે છે. માટે અનુભવ-નોંધ સતત લખતા રહેવી ખૂબ જરૂરી છે. એવી નોંધ પ્રગટ કરવી, એનું વિતરણ કરવું.

૭. હાલમાં જેમનો સહકાર મળતો નથી તેવી કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે સહકાર આપવા તૈયાર થાય, ભાગીદારી કરવાની તૈયારી બતાવે તો ભૂતકાળ ભૂલીને સહકાર લેવો, તેમને ભાગીદાર બનાવવા.

૮. શિક્ષણના પ્રયોગો કર્યા હોય તેવાં વિદ્યાલય અંગે વાંચીએ, જાણીએ. તેમના શિક્ષકોને બોલાવીને વક્તવ્ય અપાવીએ. બને તો તે વિદ્યાલયમાં જઈને તેનાં પ્રયોગો અને પરિણામોને અવલોકીએ. તેમાંથી માર્ગદર્શન અને નવું કરવાનું બળ મળે છે.

૯. કાર્ય ગમે તેટલી ઉત્તમ રીતે કરીએ તોપણ એ સંપૂર્ણ કે અંતિમ નથી હોતું. એટલે સુધારણા કે બદલાવ માટે જાગ્રત રહીએ.

૧૦. જે કોઈ કાર્ય કરીએ તે બીજા કોઈ આગળ

બતાવવા માટે નહીં, પણ આત્મસંતોષ માટે કરીએ. તો આપણાં મન-હૃદય પ્રસન્ન રહેશે.

૧૧. દરેક વિદ્યાર્થીની જેમ દરેક શિક્ષક પણ વિશિષ્ટ હોય છે. તેનાં નિજત્વ, પ્રયોગશીલતા, જીવનને જોવાનો દૃષ્ટિકોણ, કાર્યશૈલી આગવાં હોય એ સ્વીકારવું જરૂરી છે.

૧૨. ગમે તેટલી સારી વ્યક્તિની ટીકા-ટિપ્પણ થઈ શકે છે. એનાથી અકળાઈએ નહીં. એ માટેનો આંતરિક આધાર ઊભો કરીએ. એ માટે આત્મનિરીક્ષણ તરફ પ્રેરતી ધ્યાન-પદ્ધતિમાં વર્ષે એક વાર જોડાઈએ.

**(છ) એક પ્રજા તરીકે વિકસિત કરવા જેવાં સંસ્કારો-મૂલ્યો**

૧. નાના માણસો (ડ્રાઇવર, માળી, પટાવાળા વગેરે)નાં વ્યક્તિત્વનું પણ ગૌરવ જળવાય તેની કાળજી રાખવી. ૨. મહિલાઓને સમાનતા અને આદરના ભાવથી જ જોઈએ. ૩. ગંદકી, અસ્વચ્છતા, અવ્યવસ્થા આંખ-મનને ન જ ગમે તેવી માનસિકતા પેદા કરવા પ્રયત્ન કરવો. ૪. સામાન્ય કે અગત્યની કોઈ પણ બાબતમાં ચોકસાઈથી સમયપાલન અને વચનપાલન કરવું. ૫. જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભણતર કે કોઈ પણ બાબત કરતા માણસને વધુ મહત્ત્વનો ગણવાનો સંસ્કાર સ્થિર કરીએ.

નોંધ : આ નોંધ શિક્ષણમાં રસ ધરાવતાં, શિક્ષણમાં કાંઈક વધુ સારું કરવા ઇચ્છતાં સૌ કોઈ માટે છે. સૌ આ નોંધનો ઇચ્છિત ઉપયોગ કરી શકે છે.

**(કેળવણી વિમર્શ, ઑક્ટો.-નવે. ૧૬, પૃ. ૫-૭માંથી સાભાર.)**

**મનસુખ સલ્લા**
**સી/૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટસ, દેવાશિષ સ્કૂલ પાસે, જજીસ બંગલા વિસ્તાર, આંબાવાડી, અમદાવાદ-૧૫.**
**ફોન : ૦૭૯-૨૬૮૭૦૯૮૧**

# મારા વિદ્યાગુરુ

**પ્રિ. કેશુભાઈ પટેલ**

ભારતીય પરંપરામાં ગુરુ શબ્દ ઘણો મોટો છે. (ગુરુ એટલે જ ઊંચો, ગરવો) ભગવાન શંકરે **ગુરુગીता** ગ્રંથમાં મા પાર્વતીજીને ગુરુનો તત્ત્વાર્થ સમજાવ્યો **गुकारस्तु अंधकार: रुकारस्तेजरुच्यते** - એટલે ‘ગુ’ કહેતાં અંધકાર અને ‘રુ’ એટલે પ્રકાશ. આમ અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં દોરી જનાર ગુરુ જ હોય છે. એટલે તો ગુરુનું માહાત્મ્ય સમજાવતાં શિવજીએ કહ્યું : **गुरोब्रह्मैव नापर** ગુરુ પરબ્રહ્મથી જુદો નથી. એટલે કે ગુરુ જ પરમત્ત્વ પરમેશ્વર છે. માન્યતાનો પ્રશ્ન છે - તમારા કોઈ પણ પ્રિય શિક્ષક માટેના આદરમાં ઈશ્વરનાં દર્શન પણ કરી શકો.

હું ઘણી બધી રીતે સદ્ભાગી જીવ છું. આમ તો મારી સ્થિતિ એકલવ્ય જેવી. શાળા કૉલેજમાં ભણવાનું ના મળ્યું પણ વિદ્યાપ્રાપ્તિની – ભણવાની લગની જે પ્રાથમિક શિક્ષણ લેતાં લેતાં જાગી એનો અજંપો મને સતત ચલાવતો રહ્યો. પછી તો નિસરણીનાં પગથિયાં એક પછી એક ચઢતો કૉલેજનો પ્રિન્સિપાલ થયો છતાં પેલી અધૂરપ : સતત મારા વિદ્યાર્થીઓથી વીંટળાઈને એમની સાથે ગાયો-નાચ્યો, કૂદ્યો, રમ્યો અને ધન્ય થયો.

મને મારા શિક્ષણ દરમિયાન ખૂબ જ માયાળુ શિક્ષકો મળ્યા. સ્વપ્નેય કોઈ શિક્ષક માટે ઘૃણા કે અનાદર થયાં નહિ. એકડીમાં, હું બર્માથી આવેલો અને બધું અજાણ્યું લાગે. ભીરુ સ્વભાવ એટલે કુબેરભાઈ પંડ્યા થોડા અતડા લાગેલા, પણ બીજા ધોરણમાં તલાજી ઠાકોરસાહેબ - આધેડ, બાંધી દડીના પણ મારા ઉપર એવું વહાલ વરસાવે - મને કેડમાં તેડીને વર્ગમાં ફેરવે ને ભણાવે. મારી ભીતિ ભાગીને હું સૌની સાથે હળતો-મળતો થયો એનું શ્રેય એ સાહેબને. આવું અકારણ હેત વરસાવનારા માવડી જેવા શિક્ષકો આજે ક્યાં મળશે ? બીજા અને ત્રીજા ધોરણમાં મણિલાલ પંડ્યાસાહેબ. મારા બાપાએ ટ્યૂશનની વાત કરી અને હું સવારે એમના ઘેર જાઉં. પૂજા-પાઠ કર્યા બાદ એકાદ કલાક મને ખાસ તો ગણિત શીખવે. ગણિતમાં મારી દિલચસ્પી વધી અને હોશિયાર વિદ્યાર્થી ગણાયો. બાપાએ ટ્યૂશન માટે ફી લેવાની વાત કરી ત્યારે એ સાહેબે ઉચ્ચારેલા શબ્દો હજી યાદ છે. ‘‘માસ્તરીનો મારો ધંધો અને એનો પગાર તો સરકાર આપે છે, એટલો ઘણો છે. વધારાનું કશું ના લેવાય.’’ આજે અબૂધ વિદ્યાર્થીને Hunting કરી, કનડી, કિન્નાખોરીથી ટ્યૂશન ખાળતા શિક્ષકોને હું આ જ્વલંત ઉદાહરણ આપું છું.

''વિદ્યાને વેચાય નહિ'' ચોથા ધોરણમાં વર્ષોથી ભણાવે જીવાભાઈ સાહેબ. માથે રવિશંકર મહારાજ જેવી ટોપી, ટૂંકો ઝભ્ભો અને ધોતિયું. પાતળા, ઊંચા, નખશિખ શિક્ષકનું સ્વરૂપ. અમારે ત્રીજા અને ચોથા ધોરણમાં અક્ષર સુધારણાની ખાસ વ્યવસ્થા. જીવાભાઈ વર્ગમાં લાકડાની પેટી રાખે, તેમાં શાહીની બોટલ, બરુના કિત્તા, પેન્સિલો વગેરે. નફા વગર વિદ્યાર્થીઓની જરૂરિયાત સંતોષે વળી કોપી રાઇટિંગ માટે બરુનો કિત્તો લઈએ. તો એ બરુને એમની ધારદાર સૂડીથી છોલીને કાપ મૂકી પછી ઝભ્ભા પર ઘસીને તૈયાર કરીને આપે. કશાએ વળતરની આશા વગર આવી વેઠ કોણ કરે ? ક્યારેક ઠોઠ વિદ્યાર્થી પર ખિજાય એટલે ડાબા હાથે બોચી નમાવી જમણા હાથની ઝાપટ મારે. પણ મારતી વખતે એમની ખીજને કારણે, એમના મોંનો આકાર એવો વિકૃત થાય કે અમે ઊંધું ઘાલી હસી પડીએ. પાંચમાના અમારા સાહેબ પુરુષોત્તમ પંડ્યા. સ્કાઉટના ટીચર. પણ અમારા મિત્ર જેવા લાગે. એમણે ભાષાજ્ઞાન, પૂર્વાપર સંદર્ભ, જોડણીનું જ્ઞાન આપ્યું. લેજીમ, લાઠી, દાવ શીખવ્યા. સ્કાઉટનો ગણવેશ પહેરી વટ પાડતા થયા. અને એમનાં શીલ, સૌજન્ય અને સખ્યને કારણે એમની મેડીએ અમે કાયમના ધામા નાખ્યા. ભણાવવા ઉપરાંત અમારી સાથે રમ્યા અને સમારંભ વખતે એમની દોરવણી પ્રમાણે સાથે રહી નાટકો ભજવ્યાં. પછી તો સ્ટેજનો ચસકો એમણે લગાડ્યો. કુબેરભાઈના દીકરા વિષ્ણુકુમાર પંડ્યા મુંબઈની બ્રિટિશ એમ્બસીમાં ગુજરાતી વિભાગના વડા અને વાર્તાલેખક હતા. મારી બે એક વાર મુલાકાત થયેલી. એક હોશિયાર વિદ્યાર્થી તરીકે મારા આ સૌ ગુરુવર્યોના પ્રેમપૂર્વકના પક્ષપાતનો લહાવો મને મળેલો. જેણે મારામાં ગુરુતાગ્રંથિ સીંચી વ્યક્તિત્વની સોળે પાંખડીઓ ખીલવી અને આગળ ઠેઠ સુધી ચાલે એવું સમજણનું ભાથું બંધાવ્યું.

મારા 'આલોક' લેખમાં વિગતવાર નોંધ્યું છે, એમ કેલિકો મિલની ત્રીજી પાળીની નોકરી સાથે ભણવાનું તો માત્ર એસ. એસ. સી.ના વર્ષમાં અમદાવાદની મોડલ હાઈસ્કૂલમાં મળ્યું. શાળાનું રેકગ્નીશન રદ થાય એવો ખતરો વહોરીને પણ માનદમંત્રી પૂ. વિષ્ણુપ્રસાદ ઠાકોરે મને ગેરકાયદે પ્રવેશ આપેલો. પણ ત્યાંયે પ્રિલીમમાં પહેલો નંબર લાવ્યો ને મારા વહાલા આચાર્ય સોલંકીસાહેબની પેલી ધૂવાંધાર પ્રેમવર્ષા હજી વિસરાઈ નથી.

હું મારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સમર્પિત રહીને પણ વિસનગર કૉલેજમાં શનિ-રવિએ ચાલતા એમ. એ.ના વર્ગોમાં જોડાયો. મને ભણાવનારા સાહેબો સાથે મારો નાતો જીવનભર રહ્યો. મુ. જિતેન્દ્ર દવેસાહેબ – એટલે ઘેઘૂર પહાડી અવાજની ગર્જના. અચ્છા વક્તા. વળી દવે સાહેબ દરેક વિદ્યાર્થીને અંગત રીતે મળીને ઘરોબો કેળવે તેવા પ્રેમાળ સ્વભાવના હતા.

હું ભાવનગરમાં અધ્યાપક થયો ત્યારે એક વાર વરસતા વરસાદમાં પણ મારું ઘર ખોળતા મને અભિનંદન આપવા આવેલા. પછીથી વિસનગરમાં ભજવાતી મારી નૃત્યનાટિકાઓ પર આફરીન થઈ એમનો લેખિત પ્રતિભાવ મોકલેલો. મારા અમૃતપર્વ પ્રસંગે 'વાક્પતિ આચાર્ય'ના શીર્ષકથી મારી પીઠ થાબડેલી. ત્રીજા સક્ષમ કવિ, સર્જક અને નિષ્ઠાવાન અધ્યાપક પ્રા. હસિત બૂચસાહેબ, નખશિખ નાગર, ગૌર વર્ણ, વેશવર્તનમાં એ જ મધુર, સુષ્ઠુ આભિજાત્ય. અધ્યાપનની નિષ્ઠા તો અનન્ય. મને યાદ છે પરીક્ષા આવી અને એક પુસ્તક સંસાર અને ધર્મ (કિશોરલાલ મશરૂવાલા) માટે એમણે વધારાનો સમય ફાળવી – એમને ઘેર બોલાવી, નાસ્તા સાથે અમારો અધૂરો અભ્યાસ પૂરો કરાવ્યો. પછીથી તેઓ ગાંધીનગરમાં ભાષા સાહિત્ય નિગમના ડાયરેક્ટર પદે નીમાયેલા અને મારા પ્રથમ વિવેચન સંગ્રહ 'અધ્યયન'ની ગુણદર્શી પ્રસ્તાવના લખી આપેલી. તેમની સર્જકતાની અને વિદ્વત્તાની સરખી નોંધ નથી લેવાઈ એનો મને ખેદ છે.

ત્રીજા મારા ગુરુ પૂજ્ય કે. કા. શાસ્ત્રીજી, ત્રિપૂંડધારી ચુસ્ત વૈષ્ણવ. બે કલાક કે ત્રણ કલાક ઊભા રહીને ભાષાશાસ્ત્ર ભણાવે. પછી અમારા પ્રશ્નોના ઉત્તર આપતા, અમે સાથે સાથે નીકળીએ. બસ સ્ટેન્ડ પાસે આવેલા શીખના ગેરેજની કુવેડીમાંથી ડોલથી પાણી ખેંચી એમને ખોબેથી પાઉં ને પછી ચાર આનાના ચણા લઈ ગાડીમાં મહેસાણા સાથે આવીએ. ભાષાશાસ્ત્રમાં મને હાઈએસ્ટ ગુણ મળેલા જેને લીધે હું ઊંચો બીજો વર્ગ યુનિવર્સિટી પરિણામમાં મેળવી શકેલો. મારી બા ઉપરાંત કે. કા. મને પ્રિય વિદ્યાર્થી તરીકે તૂંકારથી વાત કરે. એમાં સાહજિક નિકટતા વર્તાયેલી એ આજે ક્યાં છે ? હું પ્રિન્સિપાલ થયો ત્યાં સુધી મને પીએચ.ડી. કરવાનો આગ્રહ કરતા રહ્યા. પોતાના શિષ્યનું સદૈવ કલ્યાણ વાંચ્છતા આવા ગુરુજનો એ જ તો મારા જીવનનું અમૂલ્ય સંભારણું છે.

**એ/૪૦ ઉત્સવ બંગલોઝ**
**મહેસાણા-૩૮૪૦૦૨**
**મો. ૯૮૨૪૬૭૯૯૬૩**

# અલ્લડ સંતાનોનો અણઘડ ઉછેર

રણછોડ શાહ

આજે માનવી અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાઈ ગયો છે. એક બાજુ આર્થિક સમૃદ્ધિમાં અત્યંત વધારો થયો તો બીજી તરફ સંતાનો સંસ્કારોથી વિમુખ થતાં હોય તેવું લાગી રહ્યું છે. આલીશાન બંગલાઓથી શહેરો અને ગામડાંઓ ફાટફાટ થઈ રહ્યાં છે. તો બીજી બાજુએ ઘરડાઘર, વૃદ્ધાશ્રમો અને પ્રેમ-લાગણીની શોધમાં ભટકતા માનવોથી સમાજ ઊભરાવવા માંડ્યો છે. સૌ નાના કે મોટા તાણયુક્ત જીવન જીવી રહ્યા હોય તેવું નજરે પડી રહ્યું છે. અમાપ સમૃદ્ધિને કારણે સુખ સગવડની તાણ ન રહી, પરંતુ કાળજી અને લાગણીના અભાવે સંબંધો કથળ્યા. ક્યાંક કશુંક ચૂકાઈ ગયાનો સૌને અનુભવ થવા લાગ્યો છે.

વર્તમાન વાલી તેના સંતાનને તમામ સગવડ – સવલતો ખૂબ જ નાની ઉંમરે પ્રાપ્ત થાય તે માટે વિહ્વળ, બેબાકળો અને આતૂર બન્યો છે. આવી સુવિધા પ્રાપ્ત બાળકો લોભી, લાલચુ અને સંતોષી ન શકાય તેવી અપેક્ષાઓના ભોગ બની રહ્યા છે. તેઓ આળસુ, પ્રમાદી, ઉદાસીન, સંવેદનશૂન્ય જેવા અપગુણોના શિકાર બને છે. જાણે અજાણે માત્ર અને માત્ર ભૌતિકવાદી બની વધુ ને વધુ લાલચુ અને લોભી બની રહ્યા છે. વાલીઓ આ બાબતે ક્યારેક બચાવ કરતા હોય તેવું દેખાય છે. રોજેરોજ અલ્લડ સંતાન ઉછેરતા અનેક વાલીઓનાં ઉદાહરણો મોજૂદ છે. થોડાંક જોઈએ :

● ૨૬ વર્ષનો માનસ મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસપૂર્ણ કરવા માંગતો નથી. હવે તેને ભણવાનું ગમતું નથી. તે તેનાં મમ્મી-પપ્પાને રોજ પૈસા આપવા માટે પજવતો રહે છે. તે જ્યારે નાનો હતો ત્યારે જે કામ કરવાનું તેને ગમતું નહીં તે છોડી દેવા માટે તેના વાલી તેની સાથે મોટા ભાગે સંમત થઈ જતા. જ્યારે તે મોટો થઈ રહ્યો હતો ત્યારે પણ તેના વાલી તેને કોઈ પણ પ્રકારનું દબાણ કરવા માંગતા નહોતા. તેને જે કરવું હોય તે કરવાની છૂટ હતી. જો હોટેલમાં જાય અને ખાવાનું મંગાવે પણ ન ભાવે તો તરત જ તેને બીજું મંગાવી લેવાની છૂટ હતી. જાતે પસંદ કરીને ખૂબ મોંઘા બ્રાન્ડેડ કપડાં કે બૂટ લઈ આવે અને થોડા દિવસ પછી ન ગમે તો ફેંકી દઈ શકતો હતો. આ કુટેવ તેના જીવનનો ભાગ બની જતાં આજે તે અભ્યાસ અધૂરો છોડી દેવા માંગે છે.

● ૩૪ વર્ષનો રાઘવ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેનાં લગ્ન બે વર્ષ પહેલાં થયાં છે, પરંતુ તેની પત્ની તેની સાથે રહેવા તૈયાર નથી. રાઘવ પાસે ઉચ્ચકક્ષાની ડિગ્રી છે, પરંતુ તે કોઈ પણ જગ્યાએ ત્રણ માસ કરતાં વધારે સમય નોકરીમાં ટકી શકતો નથી. આ કારણે પતિ-પત્ની વચ્ચે હંમેશાં તનાવયુક્ત પરિસ્થિતિ રહે છે. કામ ઉપરથી તે પરત આવે છે અને ઘરનાને પોતાની સમસ્યાઓના ઉકેલ શોધવા માટે દબાણ કરે છે. જ્યારે તે નાનો હતો ત્યારે વારંવાર કોઈ પણ કારણ વિના શાળાએ જતો નહીં. જાય તો કોઈ ને કોઈ બહાનું બતાવી શાળામાંથી ઘેર પાછો આવી જતો. આ સમયે તેનાં મમ્મી-પપ્પા તેને કાંઈ પણ કહેતાં નહીં. તેના બહાનાને સાચું કારણ માની તેને પ્રોત્સાહન આપતાં. એટલું જ નહીં પોતાના પુત્રનો પક્ષ લઈ શાળાના શિક્ષકો અને આચાર્ય સાથે વારંવાર ઝઘડો કરતાં. રાઘવને આ વાત અનુકૂળ આવતી. તે સમજણો થયો ત્યારથી માની લીધું કે કોઈ પણ પ્રકારની પ્રતિકૂળતા આવે તો તે કામ તરત જ છોડી દેવાનું. એટલું જ નહીં તમામ બાબતે અનુકૂળતા હોય તો પણ 'મને ગમતું નથી' માટે તે પ્રવૃત્તિ છોડી દેવાની ટેવ તેના જીવનમાં ઘર કરી ગઈ. આ કુટેવના કારણે તેનું દામ્પત્ય જીવન આજે ભંગાણને આરે આવી પહોંચ્યું છે.

● ૨૮ વર્ષની અનુષ્કા તેના સાસરેથી પરત આવી ગઈ છે. તે કોઈ પણ સંજોગોમાં સાસરે જવા તૈયાર જ નથી. તેને લાગે છે કે નોકરી કરતાં કરતાં ઘરનું સંચાલન કરવાની બેવડી જવાબદારી ઉઠાવવી ખૂબ કઠિન અને અશક્ય છે. આ બંને જવાબદારી તે એકસાથે નિભાવી

શકે તેમ નથી. તે તેની માતાને સાસરે લઈ જઈ ઘરની કામગીરી તે નિભાવે તેવી અપેક્ષા રાખે છે. તે જ્યારે શાળામાં હતી ત્યારે તેનાં મમ્મી-પપ્પા અભ્યાસની સાથે ઘરની કામગીરી સોંપતાં ત્યારે તે મોંઢે સંભળાવી દેતી કે ક્યાં તો ભણી શકીશ અથવા ઘરનું કામ કરીશ. તે મમ્મી-પપ્પાને પૂછતી કે બોલો હું બેમાંથી શું કરું ? પ્રત્યુત્તરમાં અભ્યાસ કરવાની વાત જ સૌ સ્વીકારી લેતાં. જ્યારે જ્યારે બે કાર્યની જવાબદારી નિભાવવાની આવે ત્યારે તે એક જ કામ કરી શકશે તેમ જણાવતી. તેની ઇચ્છા પ્રમાણે તેને કરવા દેવામાં આવતું હતું. રાત્રે કોઈ પાર્ટી કે લગ્નમાં જવાનું હોય તો તે સ્પષ્ટપણે જણાવી દેતી કે મોડી રાત્રી સુધી જાગવાનું થશે તો બીજે દિવસે શાળામાં જઈ શકાશે નહીં. વાલી તે બાબતે સહમત થઈ જતા. શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધા બાદ શાળામાં બીજા દિવસે રજા ન હોય તોપણ તે શાળામાં ગેરહાજર રહેતી. આ બાબતે તેના વાલી તેને કોઈ પણ પ્રકારનો ઠપકો આપતા નહીં, ટોકતા પણ નહીં. આ રીતે એક સાથે બે કામ ક્યારેય કરવાનાં નહીં તેની તેને ટેવ પડી જતાં તે સાસરેથી પરત આવી ગઈ.

અતિઉત્સાહી વાલીઓ બાળપણથી જ તેમનાં સંતાનોને નાનામાં નાની પ્રતિકૂળ પરિસ્થિતિમાં મુકાવવું ન પડે તેનું કાળજીપૂર્વક ધ્યાન રાખે છે. વાલીઓએ તેમનાં સંતાનોને જરૂરથી વહાલ કરવું જ જોઈએ, પરંતુ તેમને એટલું બધું સુરક્ષાકવચ પણ પૂરું ન પાડવું જોઈએ કે જેથી બાળકો ભાવિ જીવનમાં આવનારી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો જ ન કરી શકે. આજે તો વાલીઓ તેમના બાળકોનો ઉછેર અત્યંત જડબેસલાક કવચની વચ્ચે કરે છે. બાળકને દુઃખ, મુશ્કેલી, તકલીફ કે સમસ્યા પણ જીવનનો ભાગ છે તેવી કલ્પના સુધ્ધાં આવતી નથી.

આને પરિણામે બાળકો જ્યારે દુનિયાદારીના દરિયામાં પ્રવેશે ત્યારે તેમના ગળામાં પટ્ટો બાંધી તેમને તેમની પ્રતિકાર શક્તિનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે. તેઓ અત્યંત જર્જરિત અને સાવ ઘસાઈ ગયેલી માનસિક સ્થિતિમાં હોવાથી વર્તમાન પરિસ્થિતિમાંથી ભાગી છૂટી કોઈ પણ પ્રકારની સગવડતા શોધવા માટે સતત હાંફળા-ફાંફળા અને અંધારામાં બાચકા ભરતા નજરે પડે છે. બાળકોએ આ જ દુનિયામાં તેમના વાલીઓથી દૂર રહી જીવનમાં આગળ વધવાનું છે. સાચે જ વાલીઓ બાળકોને ખરેખર પ્રેમ કરે છે કે તેઓ પોતાની જાતને વધારે ચાહે છે ? પ્રત્યેક વાલી બાળકને માધ્યમ બનાવી પોતાની સફળતાના ગુણગાન ગાવામાં રચ્યોપચ્યો થઈ ગયો છે. જો વાલીઓ બાળકોને ખરેખર સાર્થક અને સફળ બનાવવા માંગતા હોય અને તેમનું ભવિષ્ય ઉજ્જ્વળ બને તેમ ઇચ્છતા હોય તો તેમને સમસ્યાઓનો સામનો કેવી રીતે કરવો તે શીખવવાનું છે. પ્રશ્નો અને કઠિનતાઓની ચર્ચા કરી બાળકો પાસેથી ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમને ટેકો જરૂર આપવો, પરંતુ તેમની ટેકણ લાકડી બનવાનું નહીં. તેમને અભ્યાસની, વ્યવહારિક, સામાજિક અને અન્ય તમામ પ્રકારની પ્રતિકૂળતાઓનો સામનો કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. સમસ્યાથી ભાગવાની રીતે ન શીખવો. તેમને બરાબર સમજાવવું જોઈએ કે ધન તો મર્યાદિત માત્રામાં જ પ્રાપ્ત થશે. જીવનમાં ડગલે અને પગલે 'ના' સાંભળવાની તૈયારી પણ રાખવી પડશે.

આ રીતે જ તેમને ભવિષ્ય માટે સજ્જ કરી શકાય. સવારે ઊઠીને પ્રાતઃ ક્રિયા કરી દિવસભરની કામગીરીની વિચારણા કરવામાં તો સવારની ચા ઠંડી પડી જ જવાની છે. ઑફિસની અનેક પ્રકારની કામગીરી કરવામાં અને સાચી-ખોટી રીતે રૂપિયા કમાવવામાં બપોરના ટિફિનમાંનું ખાવાનું ઠંડું પડી જ જવાનું છે. જે પ્રાપ્ત થયું તે ભુલાઈ જાય છે અને ન મળ્યું તેની બળતરામાં સંધ્યા થઈ જતાં ઊગેલો સૂરજ પણ અસ્ત થઈ જ જાય છે. રાત્રે આકાશને નીરખતાં નીરખતાં તારા-ચંદ્ર નજરે પડે છે, ઠંડો પવન લહેરાય છે, દિલમાં ક્યાંક ઠંડકનો અનુભવ થાય ત્યાં તો અધૂરાં સપનાઓ સાથે આંખ મીંચાઈ જઈ, જિંદગીની સફર પૂર્ણ થઈ જાય છે, જીવનલીલા સંકેલાઈ જાય છે. આવી પરિસ્થિતિ ન થાય તે માટે બાળકને યોગ્ય અને જરૂરી માત્રામાં જ સગવડો પૂરી પાડવી જોઈએ. તેમની સમક્ષ તમામ સગવડોનો ઢગલો કરવાનું ટાળવું જોઈએ. મુશ્કેલ ભરી પરિસ્થિતિનો સામનો કરવાનું શિક્ષણ આપવાનો ઉત્તમ સમય બાળપણ છે. વ્યક્તિ જીવનમાં આવતી સમસ્યાના ઉકેલ કેવી ઉત્તમ રીતે લાવે છે તેના ઉપર જ તેના જીવનની સફળતાનો આધાર રહેલો છે.

**રણછોડ શાહ**
**એમિટી સ્કૂલ ભરૂચ,**
**સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧**

# બૈજિક અને બીજાતીત સંખ્યાઓ

## (Algebraic and Transcendental Numbers)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રાસ્તાવિક**

આપણે વાસ્તવિક સંખ્યાઓના બે ગણ સંમેય સંખ્યાઓ અને અસંમેય સંખ્યાઓના જોયા. સંમેય સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત છે જ્યારે અસંમેય સંખ્યાઓનો ગણ અગણ્ય અનંત છે. આ જ રીતે વાસ્તવિક સંખ્યાઓને બીજી રીતે પણ જોઈ શકાય. આપણે પૂર્ણાંક સહગુણકવાળુ બહુપદી સમીકરણ લઈએ જેવું કે $x^2 - 2 = 0$. આના ઉકેલો $\sqrt{2}$ અને $-\sqrt{2}$ છે. આ સંખ્યાઓ અસંમેય સંખ્યાઓ છે, સાથે સાથે $x^2 - 2 = 0$ સમીકરણના ઉકેલો પણ છે. આવા બહુપદી સમીકરણના ઉકેલોને બૈજિક સંખ્યાઓ (Algebraic Numbers) કહેવામાં આવે છે. આથી $\sqrt{2}$ અને $-\sqrt{2}$ બૈજિક સંખ્યાઓ પણ છે. બધી જ વાસ્તવિક સંખ્યાઓ જેવી કે $\pi$ કે $e$, પૂર્ણાંક સહગુણકવાળા બહુપદી સમીકરણોના ઉકેલો નથી, આવી વાસ્તવિક સંખ્યાઓને બિજાતીત (Transcendental) સંખ્યા તરીકે ઓળખવામાં આવે છે. આપણે કોઈ પણ વાસ્તવિક સંખ્યાઓ લઈએ તો તે સંખ્યા જો પૂર્ણાંક સહગુણકવાળા બહુપદી સમીકરણનો ઉકેલ હોય, તો તે સંખ્યાને બૈજિક સંખ્યા તરીકે ઓળખીએ છીએ અને જો તે કોઈ પણ પૂર્ણાંક સહગુણકવાળા બહુપદી સમીકરણનો ઉકેલ ન હોય, તો તે સંખ્યાને બીજાતીત સંખ્યા કહીશું. આ રીતે વાસ્તવિક સંખ્યાઓના બે અગત્યના ભાગો પાડ્યા : બૈજિક અને બીજાતીત સંખ્યાઓ. આ સંખ્યાઓ સંમય કે અસંમેય સંખ્યા હોઈ શકે.

**બૈજિક સંખ્યાઓ (Algebraic Numbers)**

વાસ્તવિક સંખ્યા બૈજિક સંખ્યા (Algebraic Numbers) કહેવાય જો તે સંખ્યા પૂર્ણાંક સહગુણકવાળા બહુપદી સમીકરણનો ઉકેલ હોય. એટલે કે $x_0$ બૈજિક સંખ્યા કહેવાય. જો તે બહુપદી સમીકરણ $P(x) = ax^n + bx^{n-1} + cx^{n-2} + ... + gx + h = 0$ નો ઉકેલ હોય. અહીંયાં $a, b, c, ..., h$ પૂર્ણાંક છે. અને $P(x_0) = 0$ છે. $\sqrt[3]{2}$ બૈજિક સંખ્યા છે કારણ તે $x^2 - 2 = 0$નો ઉકેલ છે. આ બૈજિક સંખ્યાઓ સિવાયની બીજી સંખ્યાઓ ખરી? જો સંખ્યા બૈજિક ન હોય, તો તે સંખ્યા બીજાતીત સંખ્યા તરીકે ઓળખાય છે.

જો $x_0 = \frac{b}{a}$ સંમેય સંખ્યા હોય તો $x_0$, એકઘાતી સમીકરણ $ax - b = 0$નો ઉકેલ છે. આથી બધી જ સંમેય સંખ્યાઓ બૈજિક સંખ્યાઓ છે.

$\sqrt{2}$ અસંમેય સંખ્યા છે અને બૈજિક સંખ્યા પણ છે કારણ કે $\sqrt{2}$, દ્વિઘાતી સમીકરણ $x^2 - 2 = 0$નો ઉકેલ પણ છે. આથી આપણે જોઈ શકીએ છીએ કે અસંમેય સંખ્યાઓ પણ બૈજિક સંખ્યાઓ છે. બૈજિક સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત કે અગણ્ય અનંત કે બેમાંથી એકે નહિ હોય. આનો જવાબ કેન્ટરે આપ્યો. તેમણે સાબિત કરી બતાવ્યું કે બૈજિક સંખ્યાઓને શ્રેણીમાં ગોઠવી શકાય. આ કામ પહેલી નજરે તો ખૂબ જ અઘરૂ લાગે, પણ યાદ રાખો કે કેન્ટર સામાન્ય ગણિતશાસ્ત્રી નથી. કેન્ટરે નવો વિચાર રજૂ કર્યો.

વ્યાખ્યા $P(x) = ax^n + bx^{n-1} + cx^{n-2} + ... + gx + h$

$n$ પદી છે. આ $n$ પદીની ઊંચાઈ $= (n - 1) + |a| + |b| + |c| + ... + |g| + |h|$ લઈએ.

ધારો કે $P(x) = x^2 - x + 1$ છે. આ દ્વિપદીની ઊંચાઈ $= (2 - 1) + |1| + |-1| + |1| = 4$ હોઈને, આ દ્વિપદીની ઊંચાઈ 4 છે.

ઊંચાઈ 1 : $P(x) = x$. આની ઊંચાઈ $= (1 - 1) + |1| = 1$. $P(x) = x = 0$નો ઉકેલ $x = 0$ હોઈને પહેલી બૈજિક સંખ્યા 0 છે. $a_1 = 0$.

ઊંચાઈ 2 : $P_1(x) = x^2$, $P_2(x) = 2x$, $P_3(x) = x + 1$, $P_4(x) = x - 1$. દરેક ઊંચાઈ 2 છે. આના ઉકેલો $x = 0, -1, 1$ છે. $x = 0$. આગળ આવી ગયો, આથી $a_2 = -1$, $a_3 = 1$ છે.

ઊંચાઈ 3 : $P_1(x) = x^3$, $P_2(x) = 2x^2$, $P_3(x) = x^2 + 1$, $P_4(x) = x^2 - 1$, $P_5(x) = x^2 + x$, $P_6(x) = x^2 - x$, $P_7(x) = 3x$, $P_8(x) = 2x + 1$, $P_9(x) = x + 2$, $P_{10}(x) = x - 2$, $P_{11}(x) = 2x - 1$.

આપણે વાસ્તવિક સંખ્યાઓ શોધતા હોઈને, $P_3(x) = x^2 + 1 = 0$નો ઉકેલ કામ ન લાગે. $0, \pm 1, 0, -1, 0, 1, 0, -\frac{1}{2}, -2, 2, \frac{1}{2}$ ઉકેલો છે. અગાઉ $0, -1, 1$ આવેલા હોઈને $a_4 = -\frac{1}{2}$, $a_5 = -2$, $a_6 = 2$, $a_7 = \frac{1}{2}$.

આ પ્રમાણે આપણે ઊંચાઈ વધારતા જઈએ, અને દરેક ઊંચાઈએ આપણને સીમિત (Finite) નવી બૈજિક સંખ્યાઓ મળશે. આપણે બધા જ પૂર્ણાંક માટે ઊંચાઈ લઈને દરેક પૂર્ણાંકે નવી સીમિત બૈજિક સંખ્યાઓ મેળવી શકીએ. અને આ બધી બૈજિક સંખ્યાઓને પૂર્ણાંકો જોડે અનુપમ રીતે જોડી શકાય. આથી બૈજિક સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત ગણ છે.

બધી જ વાસ્તવિક સંખ્યાઓના બે ભાગ પાડ્યા. બૈજિક સંખ્યાઓ અને બીજાતીત સંખ્યાઓના ગણો. આ બંને ગણોના જોડાણથી વાસ્તવિક સંખ્યાઓનો અગણ્ય અનંત ગણ મળે. બૈજિક સંખ્યાઓનો ગણ ગણ્ય અનંત ગણ છે. અગાઉના પ્રમેયનો ઉપયોગ કરીને આપણે સાબિત કરી શકીએ કે બીજાતીત સંખ્યાઓનો ગણ અગણ્ય અનંત ગણ મળે.

**બીજાતીત સંખ્યાઓ :** જ્યારે $\pi$ કે $e$ બીજાતીત સંખ્યાઓ હોવાની માત્ર શંકા હતી, તેઓ બીજાતીત સંખ્યાઓ છે તે સાબિત થયું ન હતું. અરે એક પણ બીજાતીત સંખ્યા શોધાઈ ન હતી, તે પહેલાં કેન્ટરે સાબિત કરેલું કે બીજાતીત સંખ્યાઓનો ગણ અગણ્ય અનંત ગણ છે. પણ, કોઈ બીજાતીત સાબિત કરેલી કોઈ સંખ્યા ન હતી.

લિઓવિલીએ (Liouville) 1844માં સૌથી પહેલી બીજાતીત સંખ્યા સાબિતી સાથે આપી અને 1851માં સરળ સાબિતી આપી.

**પ્રમેય :** વાસ્તવિક સંખ્યા $x_0 = \sum_{k=1}^{\infty} = \frac{1}{10^{k!}} = \frac{1}{10} + \frac{1}{10^2} + \frac{1}{10^6} + \frac{1}{10^{24}} + \ldots$ બીજાતીત સંખ્યા છે. આ સંખ્યા લિઓવિલી બીજાતીત સંખ્યા તરીકે ઓળખાય છે.

**સાબિતી :** આની સાબિતીમાં ત્રણ ભાગ છે.

પહેલો ભાગ $x_0$ની વ્યાખ્યા આપતી શ્રેણી અભિસારી (Convergent) છે તે તુલના પરીક્ષણથી (Comparision test) સાબિત થઈ શકે. $k! \geq k$ આથી $10^{k!} \geq 10^k$.

$$\therefore \quad \frac{1}{10^k} \geq \frac{1}{10^{k!}}.$$

$\sum_{k=1}^{\infty} \frac{1}{10^k}$ સમગુણોત્તર શ્રેઢી હોઈને તેનો સરવાળો $\frac{\frac{1}{10}}{1 - \frac{1}{10}} = \frac{1}{9}$ છે. આથી આ શ્રેઢી અભિસારી છે. $\frac{1}{10^k} \geq \frac{1}{10^{k!}}$ હોઈને શ્રેઢી $\sum_{k=1}^{\infty} \frac{1}{10^{k!}}$ પણ અભિસારી શ્રેઢી છે.

બીજો ભાગ $x_0$ અસંમેય સંખ્યા છે. $x_0$ ની કિંમત દશાંશમાં લખતાં $x_0$ = 0.110001000.... જ્યાં, અશૂન્ય જગ્યાઓ એક, બે, છ, ચોવીસ વગેરે. આમાં દશાંશની જગ્યાઓનું પુનરાવર્તન થતું ન હોઈને તે અસંમેય સંખ્યા છે.

હવે આપણે $x_0$ સંખ્યા બીજાતીત સંખ્યા છે તે સાબિત કરવા માટે ધારીએ કે $x_0$ બૈજિક અસંમેય સંખ્યા છે અને તેના માટેનું સમીકરણ ઓછામાં ઓછું દ્વિપદી સમીકરણ હોય. બૈજિક અસંમેય ઉકેલોના ગુણધર્મોનો ઉપયોગ કરીશું.

**લિયોવિલી અસમીકરણ (Liouville Inequality)**

$x_0$ બૈજિક અસંમેય સંખ્યા છે. અંતરાલ $[x_0 - 1, x_0 + 1]$ માં $\frac{p}{q}$ સંમેય સંખ્યા હોય તો આપણે A > 0 મેળવી શકીએ કે જેથી $\left|\frac{p}{q} - x_0\right| \geq \frac{1}{Aq^n}$ થાય.

**સાબિતી :** $x_0$ બૈજિક અસંમેય સંખ્યા હોઈને તે લઘુઘાતી સમીકરણ $P(x) = ax^n + bx^{n-1} + cx^{n-2} + ... + gx + h = 0$નો ઉકેલ છે. અહીંઆં $a, b, c,..., g$ અને $h$ પૂર્ણાંકો અને $n \geq 2$ છે. છે.

$P'(x) = nax^{n-1} + b(n-1)x^{n-2} + ... + g$. આ બહુપદી અંતરાલ $[x_0 - 1, x_0 + 1]$ માં સીમિત હોઈને $|P'(x)| \leq B$ થશે.

અંતરાલ, $\left[\frac{p}{q} - x_0\right]$ માં P(x)નું વિકલન મળતું હોઈને, અંતરાલમાં $\left[\frac{p}{q} - x_0\right]$ એવું C બિંદુ છે કે જેથી મધ્યકમાનના પ્રમેયથી (The Mean Value Theorem).

$$\frac{P\left(\frac{p}{q}\right) - P(x_0)}{\frac{p}{q} - x_0} = P'(C)$$

$P(x) = 0$ હોઈને $\left|P\left(\frac{p}{q}\right)\right| = |P'(C)| \left|\frac{p}{q} - x_0\right|$ છે.

બંને બાજુએ સાદુરૂપ આપવા માટે $q^n$ ગુણતાં,

$$\left|P\left(\frac{p}{q}\right)q^n\right| \leq B\left|\frac{p}{q} - x_0\right| q^n$$

$P\left(\frac{p}{q}\right) q^n$ પૂર્ણાંક હોઈને,

$$\left|\frac{p}{q} - x_0\right| \geq \frac{\left|P\left(\frac{p}{q}\right) q^n\right|}{B} \cdot \frac{1}{q^n}$$

$\frac{1}{A} = \left|\frac{P\left(\frac{p}{q}\right) q^n}{B}\right|$ લેતાં આપણને $\left|-\frac{p}{q} - x_0\right| \geq \frac{1}{Aq^n}$ મળે.

આપણે પૂર્ણાંક $m > n$ લઈએ અને $\sum_{k=1}^{m} \frac{1}{10^{k!}} = \frac{1}{10^1} + \frac{1}{10^2} + \frac{1}{10^6} + ... + \frac{1}{10^m}$

$$= \frac{10^{m-1} + 10^{m-2} + ... 10^m}{10^m} = \frac{Pm}{10^m}$$

અહીંયાં $p_m = 10^{m-1} + 10^{m-2} + ... + 10^m$ પૂર્ણાંક છે. આથી $\frac{Pm}{10^m}$ સંમેય સંખ્યા છે.

આથી, $\left|\frac{Pm}{10^m} - x_0\right| = \sum_{k=m+1}^{\infty} \frac{1}{10^{k!}} = \frac{1}{10^{(m+1)!}} + \frac{1}{10^{(m+2)!}} + \frac{1}{10^{(m+3)!}} + ...$

$$\leq \frac{1}{10^{(m+1)!}} + \frac{1}{10^{(m+1)!}} + \frac{1}{10^{(m+1)!}} + ...$$

$$= \frac{1}{10^{(m+1)!}}\left(1 + \frac{1}{10} + \frac{1}{10^2} + \frac{1}{10^3} + ...\right)$$

$$= \frac{1}{10^{(m+1)!}}\left(\frac{10}{9}\right) < \frac{2}{10^{(m+1)!}}$$

લિયોવિલી અસમીકરણથી, $\left|\frac{Pm}{10^m} - x_0\right| \geq \frac{1}{A(10^{m!})^n}$

$$\therefore \quad \frac{1}{A} \leq (10^{m!})^n \left|\frac{Pm}{10^m} - x_0\right|$$

$$< (10^{m!})^n \cdot \frac{2}{10^{(m+2)!}} = \frac{2}{10^{(m+2)!}} - m!\,n$$

$$= \frac{2}{10^{m!}(m+1-n)} < \frac{2}{10^{m!}} \quad m > n$$

હોઈને $m + 1 - n > 1$ છે.

$$\therefore \quad \frac{1}{A} < \frac{2}{10^{m!}} \quad \therefore 2A > 10^{m!}$$

2A નિશ્ચિત સંખ્યા છે જ્યારે $m$ વધે ત્યારે $10^{m!}$ ખૂબ જ મોટો થાય જે યોગ્ય ન હોઈને આપણી ધારણા $x_0$ બૈજિક અસંમેય સંખ્યા છે તે ખોટી હોઈને $x_0$ બીજાતીત સંખ્યા છે. 1873માં ચાર્લ્સ હર્મિટે (Charles Hermite) સાબિત કર્યું કે $e$ બીજાતીત સંખ્યા છે. આ પછી નવ વર્ષે ફર્ડિનાન્ડ લિન્ડમેને (Ferdinand Lindemann) સાબિત કર્યું કે $\pi$ પણ બીજાતીત સંખ્યા છે. 1934માં એ. ઓ. ગેલફોન્ડે (A. O. Gelfond) સાબિત કર્યું કે જો $a$ 0 અને 1 વગરની કોઈ પણ બૈજિક સંખ્યા હોય અને $b$ અસંમેય સંખ્યા હોય, તો $a^b$ બીજાતીત સંખ્યા છે. જેમકે $3^{\sqrt{2}}$, $\sqrt{3}^{\sqrt{7}}$ વગેરે બીજાતીત સંખ્યાઓ છે. ઘણી બધી સંખ્યાઓ બીજાતીત સંખ્યાઓ છે તે સાબિત કરવાનું બાકી છે.

આ લેખ નીચેના પુસ્તકના આધારે લખાયો છે :

(1) William Dunham, The Calculus Gallery Masterpieces From Netwon to Lebesgue, Princeton University Press, 2005

– વિઠ્ઠલભાઈ અં. પટેલ

નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જિ. ગાંધીનગર, મો : 9428019042

●

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**સિવિલ સોલ્જર જે. બી. વોરા : કાંકીડી ગામની કેડીથી કલેક્ટર, કમિશનર સુધીની સફર / રાજ ભાસ્કર અને કનુભાઈ આચાર્ય, અમદાવાદ : બુક શેલ્ફ, ૨૦૧૭, ૨૪, ૨૬૭ પૃ., કિંમત : રૂ. ૩૦૦**

સંસ્કૃત સૂક્તિ **'कुलं पवित्रं, जननी कृतार्था वसुन्धरा भाग्यवती च तेन'** જેને યથાર્થ રીતે લાગુ પડે છે તેવા એક સેવાનિવૃત્ત સનદી અધિકારી - પોતાને વિનમ્રભાવે સિવિલ સોલ્જર તરીકે ઓળખાવનાર જે. બી. વોરા કે જેણે સમાજના છેવાડાના વ્યક્તિનાં દુઃખ-દર્દ અને મનોવ્યથાને અનુભવીને સરકારી નિયમોના જડ ચોકઠામાં પણ પારદર્શિતા સાથે ઉમદા માનવીય મૂલ્યોની પ્રસ્થાપના કરીને સમાજજીવનના વિવિધ સ્તરનાં વ્યક્તિઓ ઉપરાંત સવિશેષતઃ વહીવટીય સેવાઓમાં જોડાયેલાં કર્મચારીઓ તથા અધિકારીઓ માટે એક રોલ મોડેલ સમાન જીવન જીવ્યું છે, તેનું આ એક બળૂકું અને સત્ત્વશીલ જીવનચરિત્ર છે. આ મૂઠી ઊંચેરા વ્યક્તિત્વની પુષ્ટિ - endorsement - પ્રસ્તુત ગ્રંથને આવકારતાં ગુજરાત રાજ્યના પ્રવર્તમાન મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંગ અને સેવાનિવૃત્ત પૂર્વ-મુખ્ય સચિવ પ્રવીણ લહેરીએ વોરાના માનવીય અભિગમ અને લોકાભિમુખ વહીવટીય દક્ષતાને સ્વાનુભવના આધારે હૃદયના ઉમળકાભેર ઉજાગર કરતાં નોંધેલ શબ્દોમાં મળી રહે છે. ડૉ. સિંગે નોંધ્યું છે કે : 'શ્રી જે. બી. વોરા મારા જિલ્લા પુરવઠા અધિકારી હતા, તેમણે જૂનાગઢ જિલ્લામાં જાહેર વિતરણની કામગીરી શ્રેષ્ઠ રીતે બજાવી હતી. તેમની કાર્ય પ્રત્યેની નિષ્ઠાને જાણું છું. તેમની નસેનસમાં નિષ્ઠા ધબકે છે. સમગ્ર સર્વિસ દરમિયાન અધિકારીપણું ઓછું અને માનવતા વધારે દાખવી છે. સત્તાનો ઉપયોગ લોકહિતાર્થે થાય તેની એમણે હંમેશાં દરકાર કરી છે.' આ જ બાબતનો પ્રતિઘોષ પ્રવીણ લહેરીના શબ્દોમાં સાંભળવા મળે છે : 'મારા વતન રાજુલા-મહુવાની નજીકના એક અંતરિયાળ ગામ કંકોડીથી એક ધરતીપુત્રે શરૂ કરેલી કૂચ તેમને રાજ્ય સરકારના મહત્ત્વના હોદ્દાઓ સુધી લઈ ગઈ તેનું વર્ણન એટલે ખળખળ વહેતું નિર્મળ ઝરણું. તેમના જીવનના સાફલ્યમાં હોદ્દાઓ કરતાં કામગીરીનું, સત્તા કરતા સહજતાનું, અધિકાર કરતાં કર્તવ્યનું અને સ્વાર્થ કરતાં પરમાર્થનું પ્રાધાન્ય રહ્યું છે. સરકારી નોકરી એટલે કાજળની ભરેલી કોટડી. ૩૬-૩૬ વર્ષ તેમાં જળકમળવત રહેવું તેનાથી વધારે ભવ્ય સિદ્ધિ શું હોઈ શકે ? શ્રી જે. બી. વોરાએ આ પંથકનું નામ ઉજાળ્યું છે.' જ્યારે કૉલેજકાળમાં તેમના વિદ્યાગુરુ તથા સંઘર્ષો અને મથામણોના સાક્ષી રહી ચૂકેલા અને જીવનઘડતરના દ્રષ્ટા અને સ્રષ્ટા એવા જાણીતા સર્જક રતિલાલ બોરીસાગર વોરાના જીવનને 'તળેટીથી શિખર સુધીની જીવનયાત્રા ખરે જ રોમાંચક છે. રોમાંચક છે એટલી જ પ્રેરણાદાયી'... ગણાવે છે.

અહીં આવા નિષ્કામ કર્મઠ કર્મયોગી જાદવ બી. વોરા - પ્રજાપતિ (૧૯૫૪) આઈ. એ. એસ. (સેવાનિવૃત્ત) કે જેમણે મામલતદાર, જિલ્લા પુરવઠા અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર અને કમિશનર સુધીના અનેકવિધ હોદ્દાઓ દીપાવ્યા છે – ગૌરવાન્વિત કર્યા છે અને નિવૃત્તિ બાદ સરકાર દ્વારા રાજ્ય મહેસૂલી કોર્ટની ન્યાયિક કામગીરી માટે મહેસૂલ વિભાગ (વિવાદ)ના અધિક સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવતાં હાલમાં આ હોદ્દા ઉપર કાર્યરત છે તેમનું ચરિત્રાલેખન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત ગ્રંથના ભાગ-૧ જીવનકથામાં તેમના જીવનવિકાસના વિવિધ પડાવોને કાળક્રમાનુસાર ૪૦ જેટલાં કાવ્યાત્મક શીર્ષકો હેઠળ વિભાજિત કરીને રસળતી શૈલીમાં વર્ણિત કરવામાં આવ્યા છે. પ્રત્યેક પડાવનો ઉઘાડ જે તે સ્થળવિશેષની ઐતિહાસિક સાંસ્કૃતિક તથા

પ્રાકૃતિક સંપદા કે ઘટનાવિશેષની આછેરી ઝલક સાથે પ્રસ્તુત કરવામાં તેમજ પ્રસંગોપાત્તનાં વર્ણનોમાં નવલકથા-શૈલીનો પ્રભાવ જોવા મળે છે. આ બધાં પ્રકરણોમાં ચરિત્રનાયકે પોતાના ભજનિક દાદા દ્વારા ગવાતાં ભજનોના ભાવને - સંસ્કારવારસાનું તથા મામલતદાર તરીકે નિયુક્તિ મળતાં પિતાએ આપેલ શીખ : 'જો બેટા, વરસોના સંઘર્ષો વેઠીને તેં અમારું સપનું સાકાર કર્યું છે. ખેડૂતોને ગ્રામ્ય નોકરિયાતો હેરાન કરે છે. તલાટી, મામલતદારનો તને કડવો અનુભવ થયો છે. તારા થકી કોઈને હેરાનગતિ ના થાય તેનું ચોક્કસ ધ્યાન રાખજે. કોઈની આંતરડી કકળાવીશ નહીં. પ્રામાણિકપણે કામ કરજે'નું કેટલી સહજતા અને સરળતાથી 'અધિકારી' હોવાના ગર્વને વિગલિત કરીને તેમજ પોતાની જાતને Low Profile રાખીને તથા 'નોકરી મારા માટે ઈશ્વરની ભક્તિ હતી' તેમ સ્વીકારીને પાલન કર્યું તેનું બાલ્યવયે વેઠેલ સંઘર્ષો, સમાજજીવનની રીતિ-નીતિઓ અને નોકરીના કાર્યકાળ દરમિયાન શ્રેષ્ઠતમ કામગીરી ઉ. દા. તરીકે મોરબીની મચ્છુ હોનારત, માંગરોળનું વાવાઝોડું, સુરપાણેશ્વર વિસ્તારના આદિવાસીઓને સમજાવીને તથા સુયોગ્ય સગવડો પૂરી પાડીને સ્થળાંતરિત કરવા, જૂનાગઢ જિલ્લામાં પુરવઠા સંબંધી તથા ગ્રામવિકાસની શ્રેષ્ઠ કામગીરી, ધરતીકંપ, સુરતમાં રેલ સંકટ, રૂપજીવિનીઓ વગેરે માટે ઉદાહરણ સ્વરૂપ કાર્ય વગેરેનું દસ્તાવેજી માહિતી સાથે સરસ ચિત્રણ કરવામાં આવ્યું છે. આ બધી ઘટનાઓનાં વર્ણનો સાથે આપણને શિક્ષકત્વના ગુરુશિખર સમાન આચાર્ય શ્રી પ્રતાપભાઈ પંડ્યા અને રતિલાલ બોરીસાગર જેવા ગુરુજનોનાં રેખાચિત્રો, વાટલિયા પ્રજાપતિ સમાજનો ઇતિહાસ, ગણોતપ્રથા અને તલાટીઓની માનસિકતા, લોકહિતની અવગણના કરીને નિયમોની જડતાને વરેલા અધિકારીઓની રુગ્ણ મનોદશા, વહીવટી તંત્ર, છેલ્લા ચારેક દસકનો બહુઆયામી ઇતિહાસ જેવી બહુમૂલ્ય આડ-પેદાશ પણ મળી રહે છે. આ સાથે જ વોરાના વિકાસમાં જેમનો અણમોલ ફાળો રહ્યો છે તેવાં તેમનાં ખરા અર્થમાં સહધર્મચારિણી-પત્ની શ્રીમતી સુનીતાબહેનનું ચરિત્ર આદર્શ ભારતીય નારીનું પ્રતિનિધિ સ્વરૂપ રહ્યું છે. તેમનાં માનવીય સંવેદનશીલતા, ગુણરાશી અને સમાજધર્મિતાને લેખકોએ સુપેરે ઉદ્ઘાટિત કરી આપ્યાં છે. ગ્રંથના ભાગ : ૨ સત્ત્વકથાઓની સરિતા ચરિત્રનાયકના જીવનમાં ઘટેલ સંવેદનશીલ ઘટનાઓ કે જેને ભાગ-૧માં સંક્ષેપમાં નોંધવામાં આવેલ છે, તે પૈકીની પસંદગીની ૧૮ સત્ય ઘટનાઓ, પ્રેરકપ્રસંગો વગેરેને રસિક વાર્તા સ્વરૂપમાં રૂપાંતરિત કરીને વિસ્તારથી વર્ણિત કરવામાં આવી છે. આ બધી કથાઓ હૃદયસ્પર્શી હોઈ વાંચવી ગમે તેવી છે.

પ્રસ્તુત ચરિત્રાલેખન માટે લેખકોનો ચરિત્રનાયકના વતન તથા નોકરીનાં સ્થળોની તેમજ સહકર્મચારીઓ - અધિકારીઓ વગેરેની મુલાકાત લઈ દસ્તાવેજી સામગ્રી એકઠી કરવાનો પ્રવાસ સરાહનીય છે. કારણ કે જીવનચરિત્ર પણ ઇતિહાસનો એક ભાગ છે, જેની કાળજી લેવામાં આવી છે.

સમગ્રતયા એક લોકાભિમુખ સંવેદનશીલ ઉમદા સનદી અધિકારી કે જેણે કાયદાની મર્યાદામાં રહીને સાથી કર્મચારીઓ/અધિકારીઓનો સહકાર મેળવીને અને તેની સાથે સાથે નરસિંહ મહેતાને અભિપ્રેત એવા 'વૈષ્ણવજન' બની રહીને પોતાની ફરજોનું યથાર્થ પાલન કરનાર જે. બી. વોરાના ઉદાહરણસ્વરૂપ ચરિત્રને ઉજાગર કરી આપવા બદલ લેખકો વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. ગ્રંથની સાજસજાવટ – getup આકર્ષક અને નયનરમ્ય. શાળા-કૉલેજ અને સાર્વજનિક ગ્રંથાલયો માટે આ ગ્રંથ ઉપાદેય બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

**વચન/સંપા. મૂળ કન્નડ : ડૉ. એમ. એમ. કલબુર્ગી; સંપા. ગુજરાતી અનુવાદ : ડૉ. શરીફા વીજળીવાળા, મુખ્ય અનુવાદકો : ડૉ. શરીફા વીજળીવાળા અને ડૉ. નીના ભાવનગરી. બેંગલૂરુ : બસવ સમિતિ, ૨૦૧૬ XIII, ૮૭૮ પૃ. કિં. રૂ. ૩૫૦.૦૦ ISBN : ૯૭૮-૯૩-૮૧૪૫૭-૧૯-૧**

કન્નડ ભાષાનું 'વચન' સાહિત્ય એ મૂલતઃ લિંગાયત સંપ્રદાયનું ભક્તિ સાહિત્ય છે કે જેમાં શિવશરણો અર્થાત્ લિંગાયત સંપ્રદાયના ભક્તકવિઓ – દાર્શનિકોની આત્માભિવ્યક્તિ શબ્દબદ્ધ છે. વચન સાહિત્યને વ્યાખ્યાયિત કરતાં ડૉ. કલબુર્ગી નોંધે છે કે 'વચન' એટલે સાધકોએ સ્વાનુભાવે અભિવ્યક્ત કરેલું

વિધાન... વચન સાહિત્યમાં 'વચન' અને 'રચના' એમ બે શબ્દો પ્રયોજાય છે. કવિનું આચરણ ગમે તેવું હોય, પણ તેની વાણી સુંદર હોય તો તે 'રચના' કહેવાય, પણ સુંદર આચરણવાળા કવિની સુંદર રચના 'વચન' કહેવાય... સદાચરણ કરનારાઓની અભિવ્યક્તિ - વાણીને જ વચન કહેવાય.' કન્નડની આ એક સમૃદ્ધ વૈચારિક સાંસ્કૃતિક પરંપરા છે. આ સંપ્રદાયનો ઉદય ૧૨મી સદીમાં શિવશરણોના આંદોલનમાંથી થયો. આ આંદોલન તત્કાલીન સમયના સમાજમાં પ્રચલિત વર્ગભેદ, વર્ણભેદ, લિંગભેદ વગેરેના કારણે થતા અન્યાઓના પ્રતિકાર માટે જેહાદ સમાન હતું. આ આંદોલનના પ્રવર્તક યા કહો કે 'વચન' સાહિત્યના આદિપુરુષ હતા કલચુરી સમ્રાટ બિજ્જળના નાણામંત્રી બસવણ્ણ (૧૨મી સદી). તેમણે સ્વયં રાજસત્તા દ્વારા થતા અન્યાયો સામે વિરોધ નોંધાવતાં મંત્રીપદ ત્યજીને કહ્યું કે : 'રાજગૃહે રાણીપદ કરતાં ભક્તગૃહે દાસીપદ ભલું' (૧૯). આ સાથે તેમણે કર્મકાંડી શૈવબ્રાહ્મણ સંસ્કૃતિનો પણ વિરોધ કરી સમાજમાં સમાનતા, સ્વતંત્રતા અને ભાઈચારાની પ્રસ્થાપના હેતુ કુડલસંગમક્ષેત્રમાં નિવાસ કરીને 'કુડલસંગમક્ષેત્ર' ઉપનામ ધારણ કરીને અસંખ્ય વચનોની રચના કરી હતી. આ પૈકી ૧૪૧૪ વચનો ઉપલબ્ધ છે. તેઓશ્રી આ સંપ્રદાયના 'યુગપુરુષ' તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. શિવશરણો પૈકી બસવણ્ણ, અકક મહાદેવી, અલ્લમપ્રભુ, સિદ્ધરામેશ્વર, ષણ્મુખસ્વામી વગેરે શરણોનું વચનસાહિત્ય વિશેષ સમૃદ્ધ અને ઉલ્લેખનીય છે.

હાલમાં શરણોનાં ૨૧૦૦૦ જેટલાં વચનો ઉપલબ્ધ છે. આ બધાં શરણો – સમાજની બહુવિધ જ્ઞાતિઓ ઉદા. તરીકે બ્રાહ્મણ, જૈન, વૈષ્ણવ, વણકર, મોચી, ચમાર, સુથાર, સોની, કુંભાર, ભરવાડ, હજામ, માછીમાર, કેવટ, ધોબી, મૃદંગ વગાડનાર, વાંસની ટોપલી બનાવનાર, દોરડાં બનાવનાર વગેરે તથા વિવિધ વર્ગો વૈદ્ય, વેશ્યા, ખેડૂત, રાજા, રાણી, સેનાપતિ વગેરેનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં ૩૦ જેટલી ભક્ત કવયિત્રીઓ (શરણો) પણ છે. આ બધા શરણો પ્રાચીન કર્ણાટક પ્રદેશ ઉપરાંત સૌરાષ્ટ્ર (ગુજરાત)ના આદય્ય ઈ. સ. (૧૧૬૫), અફઘાનિસ્તાનના મરુબશંકરદેવ (ઈ. સ. ૧૧૬૦) કાશ્મીરનાં રાજા-રાણી મોળિગે મારય્ય અને મોળિગે મહાદેવી - ગંગાદેવી (૧૧૬૦), કાશીની પંડિત પરંપરાના શિવલેંક મચણ્ણ (૧૧૬૦) વગેરે પ્રદેશોમાંથી કર્ણાટકમાં સ્થાનાન્તરિત થયા હતા. અહીં ઉપલબ્ધ વચનોમાંથી 'વચન'નાં દાર્શનિક, આધ્યાત્મિક અને સામાજિક પરિમાણ જળવાય તેવાં અને સાહિત્યિક ગુણવત્તાવાળાં વચન સાહિત્યનાં પ્રતિનિધિ સ્વરૂપ ૨૫૦૦ વચનો બસવ સમિતિ દ્વારા પસંદ કરવામાં આવ્યાં છે. આ જ્ઞાનપ્રકાશ કન્નડ ભાષા – સાહિત્ય સુધી સીમિત ન રહે તે હેતુસર ભારતીય અને વિદેશી ભાષાઓમાં અનુવાદ થકી તેના પ્રચાર-પ્રસાર માટે અને જનસમુદાયના લાભાર્થે કર્ણાટક સરકાર અને બસવ સમિતિના સંયુક્ત ઉપક્રમે 'વચન સાહિત્ય : બહુભાષા અનુવાદ પ્રકલ્પ'ની સ્થાપના કરવામાં આવી છે. આ યોજના અન્વયે વચનોનું ગુજરાતી સંસ્કરણ સુલભ થયું છે. ગ્રંથસ્થ વચનોમાં વિષયવૈવિધ્ય પણ ભરપૂર માત્રામાં જળવાયેલું જોવા મળે છે, જેમ કે લિંગ મહિમા, લિંગ-અંગનું સામરસ્ય, શિવની સર્વોપરિતા, વૈરાગ્યબોધ, ભક્તનાં લક્ષણો, સાકાર-નિરાકાર, જાતિવાદની ટીકા, સ્ત્રી-પુરુષ સમાનતા, આચાર, દાંભિકતાની નિંદા, કથની - કરણીની સુસંવાદિતા, સદાચાર, વ્રતાચાર, કર્મકાંડનો નિષેધ, મનની ચંચળતા, ધર્મતત્વજિજ્ઞાસા, દાંપત્યધર્મ વગેરે. એક નોંધપાત્ર બાબત એ કે આ બધા શરણો, અલગ અલગ જાતિઓમાંથી આવતા હોવાથી તેમના વ્યવસાય કે રીતિ-નીતિઓની સંજ્ઞાઓને પ્રબોધન માટે તેમનાં વચનોમાં ઉપયોગમાં લીધેલ જોવા મળે છે. ઉદા. તરીકે કુંભાર જ્ઞાતિનાં કેતલાદેવી માટી, ઘડો, કુંભેશ્વર પદોનો, પશુપાલનનો વ્યવસાય કરતા કોલશાંતય્ય કોઢ, ઢોરઢાંખર વગેરે, સૂતર કાંતતાં કદિર રેમ્મવ્વે ચરખો, તકલી, સૂતર વગેરે - સંશોધકોને અભ્યાસ માટે રસપ્રદ નીવડે તેવાં છે. પ્રસ્તુત સંપાદના પ્રારંભમાં વચન સાહિત્યના આકંઠ અભ્યાસી અને આધિકારિક વિદ્વાન અને મૂળ કન્નડપાઠના સંપાદક ડૉ. એમ. એમ. કલબુર્ગીની 'માણિક્યદીપ્તિ' શીર્ષક હેઠળની પ્રસ્તાવના વચન સાહિત્યના મર્મને પામવા માટે ગાગરમાં સાગર સમાન છે. પરિશિષ્ટમાં અહીં પસંદ કરવામાં આવેલાં ૨૫૦૦ વચનોના ૧૭૨ વચનકારોનો પરિચય

લાઘવતાપૂર્ણ છતાં તેમનાં જીવન, વિશેષતાઓ, મર્યાદાઓ, વિષય નિરૂપણ, ઉપલબ્ધ વચનોની સંખ્યા વગેરેને કાળજીપૂર્વક ઉજાગર કરી આપે છે. આ ઉપરાંત વચનકારોનાં ઉપનામ - નામ, પારિભાષિક શબ્દકોશ અને અંતર્કથાકોશ સંબંધી પરિશિષ્ટો પણ સૂઝબૂઝપૂર્વક આપવામાં આવ્યાં છે.

પ્રસ્તુત ગુજરાતી સંસ્કરણ મૂળ કન્નડમાંથી હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતમાં અનુવાદિત સંસ્કરણો તથા મૂળ કન્નડના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. મૂળમાં પદ્ય સ્વરૂપે રચાયેલાં આ વચનો અનુવાદની પ્રક્રિયા દરમિયાન ગદ્યમાં પ્રવેશી ચૂકેલાં છે તેની સભાનાત સાથે અનુવાદની સંપાદિકા અને મુખ્ય અનુવાદિકા ડૉ. શરીફાનું મંતવ્ય, ‘અમે અનુવાદ દરમિયાન મૂળ અર્થની નજીક જવાની મથામણ વધુ કરી પરિણામે એનું પદ્યપણું જાળવવાની ઝાઝી ખેવના અમારાથી પણ થઈ શકી નથી’ તથા ‘પ્રમાણભૂત અનુવાદ આપવાની અમારી પ્રામાણિક મથામણ છે એવું હું ચોક્કસ કહીશ’ શબ્દોમાં અભિવ્યક્ત થતો આત્મવિશ્વાસનો રણકો અને પ્રતિબદ્ધતા ધ્યાનાર્હ બની રહે છે. આ ઉપરાંત તેમણે લિંગાયત સંપ્રદાયની કેટલીક સંજ્ઞાઓ જેમ કે કાયક, દાસોહ, અનુભવમંડપ, લિંગ વગેરેના ગુજરાતી પર્યાયો અશક્ય હોવાથી મૂળરૂપમાં જ પ્રયોજવાનું ઇષ્ટ ગણ્યું છે જે સાચી દિશાનો નિર્ણય બની રહ્યો છે. સ્વરૂપને ધ્યાને ન લેતાં તેના મૂળ અર્થ અને ભાવને સુયોગ્ય રીતે અભિવ્યક્ત કરવાનો તથા કેટલીક સંજ્ઞાઓના ભદ્રંભદ્ર અનુવાદના બદલે યથાતથ પદો ઉપયોગમાં લેવાનું વલણ આવકાર્ય બની રહે છે. આ કહેવાતી મર્યાદાઓ વચ્ચે પણ અન્ય મુખ્ય અનુવાદિકા અને સુપ્રસિદ્ધ સંસ્કૃતજ્ઞ ડૉ. નીના ભાવનગરીના ભાવવાહી કંઠે આ વચનોનો પાઠ એકચિત્તે સાંભળીને બસવ સમિતિના અધ્યક્ષ અરવિંદ જત્તીનો હૃદયોદ્ગાર – ‘હવે પછી મૂળ પાઠ તરીકે અમે ગુજરાતી અનુવાદ સ્વીકારીશું એવું લાગે છે’. – આ અનુવાદની સાર્થકતા સિદ્ધ કરી આપે છે અને હકીકતે પણ અનુવાદિત વચનો ગદ્ય મુક્તકો સમાન સોહી રહ્યાં છે. ભાવ અને ભાષાની દૃષ્ટિએ ક્યાંય કૃતકતા ડોકાતી નથી. આ ઉમેરણથી ગુજરાતી ભક્તિસાહિત્ય વધુ સમૃદ્ધ અને રળિયાત બન્યું છે. આ ભગીરથ કાર્યમાંથી પસાર થતાં ડૉ. શરીફા વીજળીવાળાને સ્ફુરેલ વિચાર ‘આપણું મધ્યકાળનું સાહિત્ય, સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ આટલું ચઢિયાતું હોવા છતાં આપણે ત્યાં કેમ કદી આવા બહુભાષી અનુવાદ પ્રકલ્પ અમલમાં નથી આવતા ? ન તો સાહિત્યિક સંસ્થાઓ દ્વારા, ન સરકારી ધોરણે...’ આપણી આંખ ઉઘાડનાર બની રહે છે, અને સાથે સાથે તેમની પારગામી વિચારશક્તિનો પરિચાયક બની રહે છે. ઉલ્લેખનીય છે કે ડૉ. શરીફા વીજળીવાળા સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા ગુજરાતી અનુવાદ માટેના પુરુસ્કારથી વિભૂષિત સર્જક છે. આ સાથે આ અનુવાદ – પ્રકલ્પમાં સહભાગી થયેલાં અન્ય અનુવાદકો સર્વશ્રી ડૉ. મીનળ દવે, પ્રા. ઈમરાન સુરતી, પ્રા. વૈશાલી બિરાદર, શિવ બિરાદર અને ડેનિશ જરીવાલા પણ વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

**Student's Treasure : Powerful Tools for a Successful Life / by Dr. Jaykrishna S. Patel, M. D. (U. S. A.) Printed by Prabhu Printers, Ahmedabad, 2017. 80p.US $ 6.50. Free for India. E-mail : greatfuljsk@gmail.com**

સર્વ વિદ્યાલય, કડી તથા તેના વિદ્યાર્થી આશ્રમ – છાત્રાલયના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી અને અમેરિકામાં સ્થાયી થયેલા પ્રસ્તુત ગ્રંથના લેખક ડૉ. જયકૃષ્ણ એસ. પટેલ વ્યવસાયે તબીબ છે. આમ છતાં, આ પુસ્તકના વાચન બાદ તેના લેખક એક કુશળ બાળમનોચિકિત્સક, શિક્ષણવિદ – શિક્ષણનો આકંઠ જીવ અને કિશોરોના ઘડતરના અનુભવી પ્રશિક્ષક તથા અભ્યાસી હોવાની સ્પષ્ટ પ્રતીતિ કરાવી જાય છે. આ પુસ્તક તેના વિષયવસ્તુની તર્કબદ્ધ તથા લાઘવતાપૂર્ણ રજૂઆત અને સરળ તથા પ્રવાહી ભાષાભિવ્યક્તિ તેમજ વિદ્યાર્થીઓને ધ્યાને લઈને કાળજીપૂર્વક પ્રયોજેલ બોધગમ્ય અંગ્રેજી ભાષા, નાનાં-નાનાં વાક્યો અને સરળ શબ્દો સહજમાં સ્પર્શી જાય તેવાં છે. આ ઉપરાંત લેખકની લેખનરીત સાથે સ્વાભાવિક રીતે જ સંકળાઈ ગયેલ અનુભવજન્ય અને સુબોધગમ્ય સૂક્તિઓ – વચનો ઉદા. તરીકે ‘By failing to plan, you are

planning to fail','The higher the concentration, the better is larning', 'Focus on your studies which in turn is going to devlop your abilities and apptitudes' વગેરે ધ્યાનાર્હ બની રહે છે. લેખકે આ પુસ્તક વિદ્યાર્થીઓ કઈ રીતે પોતાના અભ્યાસમાં અહીં દર્શાવેલ વિવિધ તરકીબો – Skills- અપનાવીને એકાગ્રતા કેળવી કઠોર પરિશ્રમ થકી સિદ્ધિનાં ઉચ્ચતમ શિખરો હાંસલ કરી શકે તેને કેન્દ્રમાં રાખીને તૈયાર કર્યું હોવા છતાં સૌપ્રથમ તેનું વાંચન પ્રત્યેક વાલી અને શિક્ષકે કરવા જેવું છે, જેનાથી પોતાના પાલ્ય / વિદ્યાર્થીના ઘડતરમાં પોતાની ભૂમિકા સમજી શકશે અને તેની સાથે સાથે પોતે પણ પોતાના જીવનઘડતર માટે શીખ મેળવી શકશે. કારણ કે શીખવા માટે કોઈ વય હોતી નથી.

અહીં સરેરાશ ત્રણ પેજ ધરાવતાં નાનકડાં-રૂપકડાં ૨૫ પ્રકરણો પૈકી પ્રારંભનાં ૭ પ્રકરણોમાં આ પુસ્તિકાની જરૂરિયાત સ્પષ્ટ કરીને શિક્ષણ એટલે શું ? શિક્ષણ : માનવજીવનનો મૂળ આધાર, શિક્ષણ શા માટે, શિક્ષણ થકી હર્યુંભર્યું જીવન અને અમર્યાદ તકો વિશે સમજાવ્યું છે. ત્યારબાદ આ પુસ્તિકાનો મૂળભૂત હેતુ વિદ્યાર્થીઓના અભ્યાસને અને સવિશેષતઃ અભ્યાસમાં મધ્યમસ્તરના અને નિરુત્સાહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેઓ વધુ ને વધુ તેજસ્વી બની ઉચ્ચતમ સફળતા મેળવવા માટે તેમને પ્રેરવાનો રહ્યો છે. આ માટે બાકીનાં પ્રકરણો વિદ્યાર્થીઓના વ્યક્તિત્વવિકાસ, અભ્યાસમાં એકાગ્રતા કેળવીને શ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરી શકે તે માટેનાં કૌશલ્યો અને શારીરિક સૌષ્ઠવ કેળવવા સંબંધી છે. આ અંતર્ગત સુટેવોનું ઘડતર, સ્વયંશિસ્ત, ધ્યેય નક્કી કરી તેની પ્રાપ્તિ માટે કૃતસંકલ્પ બનવું, પોતાનામાં ઉપલબ્ધ કુદરતી શક્તિઓને ઓળખવી અને તેને કેળવવી, કુશળતાપૂર્ણ અભ્યાસ કરવો, પાઠ્યપુસ્તકોનું વાચન કઈ રીતે કરવું, કઈ રીતે યાદ રાખવું, લાંબા સમય સુધી સ્મૃતિ તાજી રાખવા માટે સમયાન્તરે સમીક્ષા = સમયાન્તરે પુનરાવર્તન, નોંધો તૈયાર કરવી, અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવું, જાતે જ કસોટી લેવી, સમયપત્રકનું પાલન, અવરોધો ખાળવા અને અંગ્રેજીમાં વાતચીતની કળા હસ્તગત કરવા સંબંધી સમજણ આપવામાં આવી છે. ગ્રંથસ્થ પ્રત્યેક પ્રકરણ સુપાઠ્ય, સુપથ્યકારક અને રસપ્રદ હોઈ તેના વાચકને નવી ચેતનાનો સંચાર પેદા કરાવી ચીંધેલ માર્ગે પ્રવૃત્ત થવા પ્રેરે તેટલું સંતર્પક છે. આ પૈકી પ્રકરણ-૮ સુટેવોનું ઘડતર, ૯, સ્વયંશિસ્ત કેળવવી, ૧૦ : ધ્યેય નક્કી કરવો, ૧૩ કુશળતાપૂર્વક અભ્યાસ કરવો અને ૧૬ : યાદદાસ્તની સમયાન્તરે સમીક્ષા = સમયાન્તરે પુનરાવર્તન પ્રકરણો આ ગ્રંથનાં ચાવીરૂપ પ્રકરણો છે. ઉદા. તરીકે સ્વયંશિસ્ત પ્રકરણમાં સ્વયંશિસ્તને પ્રત્યેક સાહસની સફળતાની ચાવી ઓળખાવીને સ્વયંશિસ્ત એટલે શું ? ઇચ્છાશક્તિ અને સ્વયંશિસ્તની ભેદરેખા સમજાવીને તેના બહુવિધ ફાયદા : નિર્ણયમાં અડગ રહેવાની શક્તિ, આત્મવિશ્વાસ, આત્મગૌરવ અને સંતોષની ભાવના પેદા થવી, કઠિનતમ ધ્યેય પ્રાપ્ત કરી શકાય વગેરે દર્શાવ્યા છે. પ્રકરણ-૧૬માં સ્મૃતિ તાજી રાખવા માટે વિજ્ઞાન આધારિત કેટલાંક સૂચનો કર્યાં છે, જેમ કે શીખવા દરમિયાન સતર્ક અને ધ્યાનમગ્ન બની રહો, માહિતી સમજો, જે જ્ઞાન / માહિતી પ્રાપ્ત કરી રહ્યા છો તે લાંબા સમય માટે છે તે તમારી જાતને કહો અને સ્મૃતિ અપાવો, પ્રાપ્ત માહિતીનું વારંવાર પુનરાવર્તન કરો વગેરે. આ સાથે લેખકે સમયાન્તરની સમીક્ષા માટે ચાર સિદ્ધાંતો તારવી આપ્યા છે : પર્યાપ્ત રીતે વારંવાર સમીક્ષા કરવામાં ન આવે તો પ્રાપ્ત માહિતી ક્રમશઃ સ્મૃતિશેષ થઈ જશે, જેટલી ટૂંકા સમયમાં સમીક્ષા હાથ ધરવામાં આવે તેટલી વધુ સ્મૃતિ જળવાશે, પ્રથમ સમીક્ષા પ્રાપ્ત જ્ઞાન / માહિતીના મહત્તમ ૨૪ કલાકમાં કરવી અને ત્યાર બાદ પ્રત્યેક સમીક્ષા ક્રમશ : ત્રણ દિવસે, એક સપ્તાહ, બે-ત્રણ સપ્તાહ અને ૬ સપ્તાહમાં કરવી. આ રીતે કરતાં યાદદાસ્ત તાજી કરવાના સમયનો વ્યય પણ ઘણો ઘટી જશે, જે ફાયદાકારક બની રહેશે.

આ સાથે લેખક વ્યવસાયે શરીરવિજ્ઞાની હોવાથી વિદ્યાપ્રાપ્તિ માટે સાધનરૂપ સ્વસ્થ શરીર – દેહની અનિવાર્ય આવશ્યકતા મહાકવિ કાલિદાસની સૂક્તિ 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'ને આત્મસાત કરીને જીવનમાં નિયમિત કસરત, આહાર-વિહાર અને ધ્યાનનું મહત્ત્વ ત્રણ પ્રકરણોમાં દર્શાવ્યું છે. પર્યાપ્ત ઊંઘ લેવી અને તે પણ નિયત સમયે જ ઊંઘવા - જાગવાનું રાખવું, પરિસ્થિતિવશાત્ મોડેથી સૂવાનું થયું હોય તોપણ નિયત

સમયે જ ઊઠવું, ભરપેટ ન જમવું, ઊંઘવાના સમય પૂર્વે મનોરંજનાત્મક કે લલચામણી ધારાવાહિકો ન જોવાં, ધ્યાન ધરવાથી થતા ફાયદા જેમ કે સ્મૃતિમાં વધારો, મગજના અંદરના પડની જાડાઈ વધવી, સર્જનાત્મક વિચારો પેદા થવા, ઉદાસીનતા, તાણ અને ચિંતામાં ઘટાડો થવો વગેરે બાબતો વિશે સાધાર સમજાવ્યું છે. અંતિમ પ્રકરણ - ૨૬માં શિક્ષકોને Exceptional Teacher – એક અસાધારણ અપવાદસ્વરૂપ પ્રતિબદ્ધ શિક્ષક બની રહેવા તેમજ 'Please take your noble work seriously and not yourself seriously' માટે અપીલ કરી છે. શિક્ષકોને વિદ્યાર્થી અભિમુખ બની રહેવા માટે દર્શાવેલ વિવિધ યુક્તિ-પ્રયુક્તિઓ પૈકી અભ્યાસમાં મધ્યમ, પરંતુ જીવનમાં અસાધારણ સફળતા પ્રાપ્ત કરનાર ઉમદા ચરિત્રોના અંશોનું પ્રસંગોપાત્ત કથન કરવા, પ્રસન્નવદને અધ્યાપન, વિદ્યાર્થીઓની નાની-મોટી સિદ્ધિઓ – પ્રવૃત્તિઓને બિરદાવવી અને સવિશેષતઃ મધ્યમસ્તરના વિદ્યાર્થીઓને 'હું જાણું છું કે તમે આથી ઘણું સારું કરી શકવા સમર્થ છો અને સારું કરી શકશો', 'તમારી પાસે આથી વિશેષ અપેક્ષા સેવું છું' વગેરે લાગણીસભર શબ્દોમાં પ્રોત્સાહિત કરવા, વિદ્યાર્થીઓમાં રહેલી સંભવિતતાઓ જોવી અને તેને સિદ્ધ કરવા પ્રેરવા, પ્રશ્નો પૂછવા અભિપ્રેરિત કરવા, વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિશેષ રસ-રુચિ દાખવવી તથા તેમની પરિસ્થિતિ અને સમસ્યાઓ સંવેદનશીલતા સાથે સમજવી, કોઈની હાજરીમાં ઠપકો ન આપવો, અભ્યાસમાં ટેક્નોલૉજીનો ઉપયોગ કરવા પ્રેરવા વગેરે વિશેષ નોંધપાત્ર બની રહે છે. આમ, અહીં દર્શાવવામાં આવેલ પ્રયુક્તિઓ સમજીને વ્યવહારમાં અમલીકૃત કરવામાં આવે તો કોઈ પણ વિદ્યાર્થી તેના અભ્યાસને વધુ પ્રભાવક બનાવીને તેના જીવનને સમૃદ્ધ અને સફળતાપૂર્ણ બનાવવાની તકમાં વિપુલ વધારો કરશે તેવી લેખકે આપેલ ખાતરીમાં સૂર પુરાવવો જ રહ્યો.

ખાસ ઉલ્લેખનીય બાબત એ કે લેખક પોતાના જ્ઞાનનો – ચિંતનનો લાભ પ્રત્યેક વિદ્યાર્થી, વાલી, શિક્ષક કે જિજ્ઞાસુ સુધી પહોંચાડવા માટે પ્રસ્તુત પુસ્તકનું જાતે પ્રકાશન કરીને ભારતમાં વિના મૂલ્યે વિતરણ કરી રહ્યા છે, તેમજ ગુજરાતી ભાષી વિદ્યાર્થીઓના લાભાર્થે તેનું ગુજરાતી સંસ્કરણ તૈયાર કરી રહ્યા છે. તેમનો પોતીકો આ શિક્ષણયજ્ઞ પ્રેરણાદાયી હોઈ તેમજ સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાના નાતે તેના ધ્યેયમંત્રો 'કર ભલા, હોગા ભલા' અને 'શિક્ષણ એ જ સાચી સેવા' ને ખરા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા હોઈ સર્વ વિદ્યાલય પરિવાર પોતાના આ ભૂતપૂર્વ છાત્રધનને ખાસ અભિનંદન પાઠવતાં ગર્વ અનુભવે છે. આ હેતુ તેમને આર્થિક સહયોગ પૂરો પાડનાર 'જન સેવા પ્રભુ સેવા ટ્રસ્ટ' અને 'નવકાર ટ્રસ્ટ' પણ આપણાં અભિંદનનાં અધિકારી બની રહે છે. પ્રસ્તુત પુસ્તકની વિનામૂલ્યે નકલ મેળવવા માટે લેખકનો e-mail address : greatfuljsk@gmail.com ઉપર સંપર્ક કરવો.

**મણિભાઈ પ્રજાપતિ**

*ગાંધીજી રાષ્ટ્રવાદની ભૂમિકાએ રહીને કામ કરે છે; એટલે તેઓ વર્ગવિગ્રહની દષ્ટિએ વિચાર નથી કરતા, ને વર્ગ વર્ગ વચ્ચેના કજિયાની પતાવટ કરાવવા ઇચ્છે છે; એ સાચું છે. પણ જે અમલી કામ તેમણે પોતે કર્યું છે, ને જે કામ કરતાં તેમણે લોકોને શીખવ્યું છે, તેનાથી જનસમૂહમાં પ્રચંડ જાગૃતિ આવી છે, અને સામાજિક પ્રશ્નોને ઘણું જ મહત્ત્વ અપાવા લાગ્યું છે. વળી, જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં, ધનિક વર્ગના જામી પડેલા સ્વાર્થોનો ભોગ આપીને પણ ગરીબ જનતાનું કલ્યાણ સાધવાનો જે આગ્રહ તેમણે રાખ્યો છે. તેને લીધે રાષ્ટ્રીય હિલચાલમાં જનસમૂહના કલ્યાણની સાધનાને ઘણું અગત્યનું સ્થાન મળ્યું છે...*

*તેઓ ભારતવર્ષના આત્માની, તેના સ્વમાનની, તથા તેનાં દીનદલિત કરોડોની અગણિત બોજાઓમાંથી છૂટવાની ઝંખનાની, સાક્ષાત મૂર્તિ છે, એમ અમે માનીએ છીએ; અને બ્રિટિશ સરકાર કે બીજું કોઈ તેમનું અપમાન કરે, તો તેને અમે ભારતવર્ષનું તથા તેની પ્રજાનું અપમાન લેખ્યું છે.*

**જવાહરલાલ નહેરુ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આઈ. એ. એસ. મુખ્ય પરીક્ષા

● ૩થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૬માં લેવાયેલ સિવિલ સર્વિસિઝની મુખ્ય પરીક્ષામાં મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરનાં નીચે દર્શાવેલ ૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયાં. ૧. પંકજ દેસાઈ, ૨. ચિરાગ ભોરણિયા, ૩. રાજતનિલ સોલંકી, ૪. હિમાલા જોશી, ૫. દેવેન કેશવાલા, ૬. અંકુર દેસાઈ, ૭. સંદીપ વર્મા

### ઔદ્યોગિક મુલાકાત

● એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા એમ.કોમ - સેમેસ્ટર ૨ અને ૬ના વિદ્યાર્થીઓ માટે તા. ૩૦-૩૧ જાન્યુઆરી, ૨૦૧૭ના દિવસોમાં અદાણી પોર્ટ, મુંદ્રા ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મુલાકાત દરમિયાન મુંદ્રા ખાતે અદાણી કંપની, મુંદ્રા પોર્ટ રિફાઇનરી અને મુંદ્રા પાવર પ્રોજેક્ટની મુલાકાત લઈ ઉત્પાદન પ્રક્રિયા, ઉત્પાદન સ્થળ વગેરે સંબંધી જાણકારી મેળવી હતી. એમ.કોમ. પાર્ટ-૨ના વિદ્યાર્થીઓએ તા. ૩૧-૧૨-૧૬ના રોજ ઇન્ફોસિટી ગાંધીનગરમાં સ્થિત HDFC લાઈફ ઇન્ડસ્ટ્રીમાં એક દિવસીય ઔદ્યોગિક તાલીમ મેળવી હતી.

### કરાટે બ્લેક બેલ્ટ અવૉર્ડ

● આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગરના મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા તા. ૨૪-૧૨-૨૦૧૬ના રોજ ખીમજી વિશરામ ઍન્ડ સન્સ સંસ્કારભવન હૉલમાં 'કરાટે બ્લેક બેલ્ટ મહોત્સવ-૨૦૧૬' યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના – ભરતનાટ્યમ નૃત્ય બાદ સંચાલિકા શ્રીમતી દીનાબહેન ડોડિયાએ મહેમાનોનું સ્વાગત કરીને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનશ્રીઓ પારુલબહેન પરમારે (અર્જુન અવૉર્ડ વિજેતા, રોલ મોડલ વિજેતા અને બેડ મિન્ટન વર્લ્ડ રેન્ક પ્લેયર) અને દિપાલીબહેન જોષીએ (પ્રિન્સિપાલ, એસ. કે. પટેલ બાલમંદિર) પ્રસંગોચિત ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવી હતી. કરાટે કોચ રેન્સી સેલ્વાકુમાર દ્વારા કરાટે સંબંધી વિવિધ મુદ્દાઓને આવરી લેતું પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું, તેમ જ વિદ્યાર્થીઓ દ્વારા કરાટે ટેક્નિક તથા કરતબો રજૂ કરવામાં આવ્યાં હતાં. કરાટે બ્લેક બેલ્ટની ડિગ્રી પર્વ નિમાવત, અંશ ઝંકાટ, કમલ ગોવાણી, કુમારી હિયા દવે, સત્યમ પ્રજાપતિ, તરંગ પરમાર અને નિહાર ઝંકાટને સેલ્વાકુમાર દ્વારા અર્પણ કરવામાં આવી હતી. મહેમાનશ્રીઓના વરદહસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા મેમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા.

### કાર્યશિબિર

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી તેમ જ એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી દ્વારા 'ગુજરાતી ભાષામાં જોડણી સજ્જતા' વિશે કાર્યશિબિરનું આયોજન તા. ૧૬-૧૨-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વિષય નિષ્ણાત તરીકે શ્રી જેઠાભાઈ એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં મહેમાનશ્રીનું સ્વાગત તથા સંસ્થા-પરિચય પ્રિ. ડૉ. બી. આર. પટેલે આપ્યો હતો. તાલીમાર્થી બહેનો સાચી જોડણી કરી શકે, માતૃભાષા પ્રત્યે ગૌરવ અને ગુજરાતી ભાષાની સમૃદ્ધિ વિશે તજજ્ઞશ્રીએ ચર્ચા કરી હતી.

### ગાંધીનિર્વાણ દિન

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં ગાયત્રી પરિવાર, કડી દ્વારા તા. ૩૦-૧-૧૭ના રોજ ગાંધીનિર્વાણદિન ઉજવવામાં આવ્યો. આ અન્વયે ગાંધીજીના સત્ય અને અહિંસા તથા તેમનાં મૂલ્યો આધારિત વિવિધ કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી, તેમ જ 'શહીદ દિન' નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે મૌન પાળવામાં આવ્યું હતું.

### નાતાલ પર્વ

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં તા. ૨૩-૧૨-૧૬ના રોજ નાતાલ પર્વની ઉજવણી અંતર્ગત

તાલીમાર્થી બહેનો દ્વારા નાટક, સમૂહગીત, ડાન્સ અને બાઈબલનું વાચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે મહેમાનશ્રીનું સ્વાગત કરી તાલીમાર્થી બહેનોને ભગવાન ઈસુનો સંદેશો જણાવ્યો હતો. મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત કૉમર્સ કૉલેજ, કડીના પ્રિ. ડૉ. કપિલભાઈ ત્રિવેદીએ પ્રસંગોચિત વક્તવ્ય થકી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓએ અમદાવાદના પરીક્ષિત નગરમાં આવેલી સંસ્થા માનવ સાધના કેન્દ્રનાં બાળકોમાં બિસ્કિટ તથા કપડાંનું વિતરણ કર્યું હતું.

### પરિસંવાદ

● વિશ્વવિદ્યાલયની ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, ગાંધીનગરમાં તા. ૭-૧-૧૭ના રોજ 'ઈનોવેશન ઈન હાયર એજ્યુકેશન' વિષય પર નૅશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં સેમિનારના કન્વીનર ડૉ. સંજયભાઈ ગુપ્તાએ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરી સંસ્થાનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ મંડળના પ્રેસિડન્ટ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ડી.ટી. કાપડિયા વગેરેએ પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં. NITTR, અમદાવાદના પ્રો. શશીકાન્ત ગુપ્તાએ ચાવીરૂપ વ્યાખ્યાનમાં ઈનોવેશન દ્વારા નાવીન્ય સભર પરિવર્તન કેવી રીતે લાવી શકાય તેની માહિતી આપી હતી. પરિસંવાદમાં ગુજરાત અને અન્ય રાજ્યોના અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ગુણાવત્તાયુક્ત પેપર રજૂ કર્યાં હતાં. આ પરિસંવાદના ડાયરેક્ટર તરીકે ડીન ડૉ. વીણાબહેન પટેલે સેવાઓ આપી હતી.

### પૂર્વ વિદ્યાર્થી સંમેલન

● વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગરમાં તા. ૧૮ ડિસેમ્બરના રોજ ૨૦૦૬થી ૨૦૦૮ દરમિયાન પ્રવેશ મેળવેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં ૧૦૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા, પ્રિન્સિપાલ પ્રોફે. એ. જે. પટેલ, વિવિધ વિદ્યાશાખાઓના વડા અને અધ્યાપકગણ હાજર રહેલ. પ્રારંભમાં પ્રિન્સિપાલશ્રીએ કૉલેજની પ્રગતિ અને પ્રવૃત્તિઓની માહિતી રજૂ કરીને સૌનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાનાં સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે તેમના જીવન અને કારકિર્દીમાં વીપીએમપી પોલિટેક્નિકનું વિશેષ યોગદાન રહ્યું છે. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### પ્લેસમેન્ટ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા T.Y.B.Comના સેમેસ્ટર-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ અપાવવાના હેતુથી વિવિધ કેમ્પસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૪-૧૨-૧૬ના રોજ ગ્રીન ફિલ્ડ પ્રા. લિ. કંપની દ્વારા કૉલેજની મુલાકાત લેવામાં આવી. જેમાં બે વિદ્યાર્થીઓને એકાઉન્ટન્ટના હોદ્દા માટે માસિક રૂપિયા ૧૨,૦૦૦ના પગાર સાથે અને એક વિદ્યાર્થીને માસિક રૂપિયા ૭,૦૦૦ના પગાર સાથે બૅંક ઑફિસ કામકાજ માટે પસંદગી કરવામાં આવી હતી. તા. ૨૪-૧૨-૧૬ના રોજ પારસ ફાઈનાન્સ સર્વિસિસ એ ૧૪ વિદ્યાર્થીઓની તાલીમ માટે અને ૮ વિદ્યાર્થીઓની નોકરી માટે પસંદગી કરી હતી, જેમને ૧૧,૦૦૦થી ૧૪,૦૦૦ પગાર મળશે.

### બૅન્કિંગ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા T.Y.B.Comના વિદ્યાર્થીઓ માટે તા. ૮થી ૨૨-૧૨-૧૬ દરમિયાન બૅંક ઑફ બરોડા એકેડેમી, ગાંધીનગર ખાતે સર્ટિફિકેટ કૉર્સ ઑફ બૅંકિંગ ઍન્ડ ફાઈનેન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિષય નિષ્ણાત તરીકે એકેડેમીના શ્રી દીપક ચાવલા, શ્રી કુલકર્ણી અને શ્રી શ્રીવાસ્તવે સેવાઓ આપી હતી.

### મહિલા કાનૂની શિબિર

● જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૨૭-૧-૧૭ના રોજ મહિલા અધિકારો અને મહિલાઓની જાતીય સતામણી વિષયક કાનૂની શિબિર યોજવામાં આવી હતી, જેમાં લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પેરાલીગલ સ્વયંસેવક શ્રી સુધીર દેસાઈએ મહિલા અધિકારો વિશે માહિતી આપી હતી અને શ્રીમતી વિમલાબહેન દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં કાર્યો અને મહિલા જાતીય સતામણી વિશેની વિગતોની ઝીણવટપૂર્વક છણાવટ કરી હતી. સેલ્ફ ડિફેન્સ ટ્રેનર શ્રી યજ્ઞેશભાઈ મેસરિયાએ મહિલાઓના સેલ્ફ ડિફેન્સ માટેની તરકીબો બતાવીને નિદર્શન કર્યું હતું.

### યાહુ-૨૦૧૭

● એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા

તા. ૬-૭ ફેબ્રુઆરીના દિવસોમાં 'યાહુ ઇન્ટર ક્લાસ કોમ્પિટિશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ બહાર લાવવા માટે સ્પર્ધાત્મકતા ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે વિનોદ નૃત્ય, ગીત, સમૂહનૃત્ય, પરંપરાગત લોકનૃત્ય વગેરેમાં ભાગ લીધો હતો.

### રમતગમત

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિની કુ. નિરાલી આર. સુવા હિમાચલ પ્રદેશના ધર્મશાલા મુકામે યોજાયેલ નૅશનલ ટેકવોન્ડો કપ જુનિયર વિભાગમાં ૫૦ k. g. વજન ગ્રૂપમાં ગોલ્ડમેડલ મેળવી વિજેતા થયેલ છે. અભિનંદન. આ કૉલેજમાં તા. ૨૧-૧-૧૭ના રોજ સ્પોર્ટ્સ-ડેની ઉજવણી અંતર્ગત દોડ, ગોળા ફેંક, લાંબીકૂદ, રસ્સાખેંચ અને સ્લોસાઇકલિંગ જેવી આઉટ ડોર રમતોની સાથે સાથે ચૅસ, કૅરમ અને ટેબલટેનિસ જેવી ઇન્ડોર રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રશક્તિ નારી

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં ગાયત્રી પરિવાર, કડી દ્વારા 'રાષ્ટ્રશક્તિ નારી અને અસ્મિતા જાગરણ' તેમ જ તમારા મનની અગાધ શક્તિઓ અને ધ્યાન વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિષય નિષ્ણાત તરીકે ગાયત્રી પરિવાર મહેસાણાના શ્રી પ્રવીણભાઈ પંચાલ, શ્રી નટુભાઈ પટેલ અને શ્રી જયંતીભાઈ ઓઝા દ્વારા વૈદિકકાળમાં સ્ત્રીઓની ભૂમિકા તેમ જ વર્તમાન સમયમાં સ્ત્રીઓનું યોગદાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

### રાષ્ટ્રીય બાલિકા દિવસ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં ૨૪ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય બાલિકા દિવસ (National Save Girl Child day)ની ઉજવણી સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ''સ્માર્ટ વર્ક અને ટાઇમ મૅનેજમેન્ટ' વિષય ઉપર વીડિયો લેક્ચર વિદ્યાર્થિનીઓને દર્શાવવામાં આવ્યું. આચાર્યશ્રી ડૉ. અમૃતાબહેન પટેલ તેમ જ પ્રા. પાર્થભાઈ જોશીએ પ્રેરણાદાયી વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે સ્ત્રી એક શક્તિ છે. સ્ત્રી પોતાના નિસર્ગદત્તગુણોને ખીલવી સમાજમાં આમૂલ પરિવર્તન લાવી શકે છે. આ ઉપરાંત સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ તડવી અને મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. રીટાબહેન ગાંધીએ સમાજમાં મહિલાઓની ભૂમિકા વિશે વિદ્યાર્થિનીઓ સાથે સઘન વાર્તાલાપ કર્યો હતો.

### વક્તૃત્વ સ્પર્ધા

● નહેરુ યુવા કેન્દ્ર, ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત 'દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણ' વિષય ઉપર રાજ્યકક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની એન. એસ. એસ.ની વિદ્યાર્થિની અંજલી પટેલે પ્રથમ નંબર મેળવ્યો. આ અગાઉ જિલ્લાસ્તરની વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવી રૂ. ૫૦૦૦/- અને ત્યાર બાદ રાજ્યમાં પ્રથમ આવી રૂ. ૨૫૦૦૦/-નું ઇનામ મેળવ્યું. અભિનંદન.

### વૃદ્ધાશ્રમની મુલાકાત

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીની તાલીમાર્થીઓએ પ્રા. જગદીશભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વૃદ્ધાશ્રમ તથા મમતા વિકલાંગ કેન્દ્રની મુલાકાત લઈને વૃદ્ધો તથા વિકલાંગ બાળકોની મનોવ્યથાથી પરિચિત થયાં તેમ જ તેમને ફળ અને બિસ્કિટનું વિતરણ હતું.

### વ્યાખ્યાન

● એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૩૦, ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ દરમિયાન એમ. કોમ, સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેટ પ્રોટોકોલ વિષય પર અમરીશભાઈ પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૨-૧૨-૧૬ના રોજ આયોજિત હકારાત્મક નેતૃત્વ વિષયક વ્યાખ્યાનમાં અમદાવાદ મૅનેજમેન્ટ એસોસિએશનના ટ્રેનર શ્રી અનુરાગ મહેતાએ હકારાત્મક નેતૃત્વ કરવા તથા જીવનમાં સફળ થવા માટે હકારાત્મક અભિગમ, કૌશલ્ય અને જ્ઞાનની જરૂર પડે છે તેવું જણાવી સેલ્ફ અવેરનેસ, લાઈફ વિઝન ઍન્ડ ગોલ્સ, પાવર ઑફ સેલ્ફ ડિફેન્સ, ઇન્ટર પર્સનલ સ્કિલ્સ ટાઇમ મૅનેજમેન્ટ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

● વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગરમાં લાયન્સ ક્લબ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૫ ડિસેમ્બર,

૨૦૧૬ના રોજ 'જીવન એક ઉત્સવ' વિષય ઉપર પ્રસિદ્ધ ભાગવત કથાકાર શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે માનવીના દુ:ખ અને સુખનું મૂળ કારણ માનવી પોતે જ છે. આપણાં સુખ કે દુ:ખની મહામૂલી ચાવી આપણી પાસે જ છે, પરંતુ આપણે આ કુંચી અન્યના હાથમાં આપીએ છીએ. આથી જ દરેક વ્યક્તિ પોતાનો સુખદુ:ખનો વિધાતા છે. આપણી મુશ્કેલીઓનો આરંભ ત્યારે જ થાય છે, જ્યારે કોઈ અન્ય આપણા સ્વભાવ અને લાગણીઓને દિશા આપવાનું શરૂ કરે છે. આ પ્રસંગે પ્રિન્સિપાલશ્રી એ. જે. પટેલ, લાયન્સ ક્લબ ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી નિમેશભાઈ રાવલ વગેરેએ પૂજ્ય ગુરુજીનું સ્વાગત-સન્માન કર્યું હતું.

### શૈક્ષણિક પ્રવાસ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના તાલીમાર્થીઓ માટે થોળ પક્ષી અભયારણ્ય, શંખલપુર, બહુચરાજી, તેમ જ મોઢેરાનું સૂર્યમંદિર વગેરે સ્થાનોની મુલાકાતનું આયોજન તા. ૧૯-૧૨-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું.

### સર્વ નેતૃત્વ-૨૧

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્વ-૨૧ (લીડરશીપ ટ્રેઈનિંગ પ્રોગ્રામ) સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમાં ગાંધીનગર અને કડી કેમ્પસની ૧૪ કૉલેજોના ૬૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં નેતૃત્વ સંબંધી વિવિધ પ્રકારની તાલીમ શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી, તેમ જ જાણીતા યોગાચાર્ય અને ટ્રેનર શ્રી જે. સી. પટેલ દ્વારા સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંસ્કાર વિશે પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. શિબિરાર્થીઓને રક્તપિતગ્રસ્તો તથા માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે કાર્યરત એવી 'સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ', રાજેન્દ્રનગર ચોકડી, જિ. સાબરકાંઠાની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ અને કડી કેમ્પસના ડાયરેક્ટર ડૉ. અજય ગોરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પ્રોગ્રામના અંતે વિદ્યાર્થીઓએ કૉલેજ અનુસાર ગ્રૂપમાં સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ રજૂ કરી, તે પ્રોજેક્ટસ નિયત સમયમાં પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો હતો. શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે પ્રા. દિવ્યેશ શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

### સાહિત્યદર્શન

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી ખાતે તા. ૧૯-૧૨-૧૬ના રોજ સાહિત્યદર્શન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી, જેમાં તાલીમાર્થીઓએ હેમચંદ્રાચાર્ય, મીરાંબાઈ, કવિકાન્ત, દુલાભાયા કાગ, રમણભાઈ નીલકંઠ, હંસાબહેન મહેતા, જ્યોતીન્દ્ર દવે, ઝવેરચંદ મેઘાણી, કાજલ ઓઝા વૈદ્ય અને વર્ષા અડાલજા વગેરે સર્જકોનો અભિનય કરી તેમના સાહિત્યની ઝાંખી કરાવી. મહેમાનશ્રી આચાર્ય ખોડાભાઈ પટેલે પ્રેરક ઉદ્‌બોધન કરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### સાંસ્કૃતિક મહોત્સવ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર તા. ૨-૧-૧૭થી ડોનેશન ડે, મેસેજ ડે, લાઇબ્રેરી ડે, સાડી ડે, પર્યાવરણ ડે, ફનફેર ડે, બેક ટુ સ્કૂલ ડે વગેરે જેવા ડે વિદ્યાર્થિનીઓએ ભારે ઉત્સાહપૂર્વક ઉજવ્યા. ફનફેર ડેમાં વિવિધ વાનગીઓ, મોતીકામ, હસ્તકલા વગેરેના સ્ટોલ આકર્ષક રહ્યા હતા. પર્યાવરણ ડે નિમિત્તે વિદ્યાર્થિનીઓને ''The earth-Home'' નામની ફિલ્મ બતાવવામાં આવી હતી. 'ડોનેશન ડે' નિમિત્તે વિદ્યાર્થિનીઓએ અકલ્પ્ય ફાળો આપ્યો હતો, જે સમાજોપયોગી કાર્યમાં મદદરૂપ થશે.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૫ અને ૧૬ ડિસેમ્બર દરમિયાન વિવિધ પ્રકારના ડેની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે કોર્પોરેટ ડેની ઉજવણી અંતર્ગત પોસ્ટ ઑફિસ કલ્ચર, બૅંકિંગ લોન્ચ, ડિમોનેટાઇઝેશન, બૅંકિંગ ઇન્સ્ટ્રુમેન્ટ્સ, કન્ઝ્યુમર રાઇટ્સ, ઇન્સ્યોરન્સ પોલિસી, ઈ-કૉમર્સ, કેશલેસ ટ્રાન્સફર, ઓનલાઇન બૅંકિંગ, સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, મોબાઈલ બૅંકિંગ, ટેક્ષ સિસ્ટમ વગેરે અંગે ચાર્ટ્સ વીડિયો પ્રેઝન્ટેશન, બ્લેક બૉર્ડ ડેકોરેશનના માધ્યમથી કરી હતી, જેની મુલાકાત કેમ્પસની સ્કૂલોમાં અભ્યાસ કરતા ધો. ૧૧ અને ૧૨નાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લીધી હતી.

### હાસ્યસાહિત્ય શિબિર

● વિશ્વવિદ્યાલયની ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના

સંયુક્ત ઉપક્રમે હાસ્યસાહિત્ય શિબિરનું તા. ૨૨-૧૨-૧૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના પ્રારંભમાં પ્રા. નરેન્દ્રભાઈ નાઈએ સૌનું સ્વાગત કરી મહેમાનશ્રીનો પરિચય આપી સાહિત્યક્ષેત્રે તેમને આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી, ત્યાર બાદ શ્રી ખોડાભાઈ પટેલે હાસ્ય સાહિત્ય એટલે શું ? હાસ્યસાહિત્યમાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી અને સંઘર્ષ કેવો હોવો જોઈએ વગેરે સંબંધી ઝીણવટપૂર્વકની સમજણ આપીને વિવિધ હાસ્યલેખો સંબંધી ચર્ચા કરી હતી.

## શાળા વિભાગ

### આઈના તથા મેગ્નેટ-૨૦૧૬

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા તારીખ ૮થી ૧૦-૧૨-૧૬ દરમિયાન આઈના અને મેગ્નેટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા સેકન્ડરી ઍન્ડ શ્રીમતી એસ. બી. પટેલ કન્યા હાયર સેકન્ડરી શાળા, ગાંધીનગરની ધોરણ ૧૧ આર્ટ્સ-કૉમર્સ અને વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ પૈકી ૧. મહેંદી સ્પર્ધા : પટેલ અમી એન. (૧૧/ઈ) – પ્રથમ, ૨. વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા : પવાર સેજલ આર. (૧૧/ક) – પ્રથમ તથા જોષી હર્ષુતી એસ. (૧૧/ક) – રનર અપ, ૩. વક્તૃત્વ સ્પર્ધા : માનસી પટેલ (૧૧/એફ) – પ્રથમ તથા ગામીત આરાધના (૧૧/એફ) – દ્વિતીય અને ૬. ભક્તિ રામાનુજ (૧૧/એફ)એ રમતગમતમાં ટ્રૉફી મેળવી હતી.

### આનંદોત્સવ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલ, ગાંધીનગર દ્વારા તા. ૨૫-૧૨-૧૬ના રોજ ધોરણ-૬થી ૯ની વિદ્યાર્થિનીઓની પિકનિક બાલોદ્યાન ખાતે યોજવામાં આવી હતી, જેમાં ૨૦૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. વિદ્યાર્થિનીઓને રેલી સ્વરૂપે ‘કર ભલા હોગા ભલા’ના સૂત્રોચ્ચાર સાથે હૉસ્ટેલમાંથી સેક્ટર-૨૮ ખાતે બાલોદ્યાનમાં લઈ જવામાં આવી હતી. જ્યાં વિવિધ રાઈડસનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે સમૂહ નાસ્તાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ધોરણ-૧૨ તથા કૉલેજની તમામ ૩૬૦ વિદ્યાર્થિનીઓને કડી મુકામે તા. ૧-૧-૧૭ના રોજ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી તથા ગૌ શાળાની મુલાકાતે લઈ જવામાં આવી હતી. આ વિદ્યાર્થિનીઓને ગૃહમાતા લતાબહેન, મધુબહેન, લલીતાબહેન અને બ્રિંદાબહેન દ્વારા બાલમંદિરથી પી. જી. સુધી સંસ્થાઓનાં ભવનો, ઓડેટોરિયમ હૉલ, ટોય હાઉસ, અશ્વશાળા, બોયઝ હૉસ્ટેલ, ગર્લ્સ હૉસ્ટેલ વગેરેનાં દર્શન અને પરિચય કરાવવામાં આવ્યો હતો. ગૌ શાળાની મુલાકાત લેવામાં આવી હતી. અહીં વિવિધ રમતગમતનાં સાધનો દ્વારા વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતો ચેસ, કેરમ, ક્રિકેટ, બેડમિન્ટન, ફ્લાઇંગ ડિસ વગેરે રમતો રમવાનો તથા મ્યુઝિક સિસ્ટમ થકી ડાન્સ અને ગરબા યોજી આનંદ માણ્યો હતો. આ પ્રસંગે માનનીય ચેરમૅનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે વિદ્યાર્થિનીઓના આનંદને પ્રત્યક્ષ નિહાળી સંતોષ વ્યક્ત કર્યો હતો. પિકનિકનું સંચાલન સુપરિટેન્ડેન્ટ શ્રી કૌશલ્યાબહેન તેમ જ વાઈસ સુપરિટેન્ડેન્ટ વસંતીબહેને કર્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધો. ૧ અને ૨ની ૨૩૫ વિદ્યાર્થિનીઓને સેક્ટર-૨૮ના બગીચામાં આનંદોત્સવ માટે તા. ૨૯-૧૨-૧૬ના રોજ લઈ જવામાં આવતાં વિવિધ રાઈડ્સમાં બેસવાની મજા માણી હતી.

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગરના ધોરણ ૧થી ૪ વિદ્યાર્થીઓ માટે અમદાવાદમાં બોપલ ખાતે આવેલ પ્લેઝર ક્લબમાં પિકનિકનું આયોજન તા. ૨૦ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું, જેમાં ૫૫૭ બાળકોએ ભાગ લીધો હતો. બાળકો સાથે શાળાના ૨૫ શિક્ષકો પણ જોડાયા હતા. આ પિકનિકમાં બાળકોએ જુદીજુદી રાઇડ્સ, નૃત્ય તેમ જ એડવેન્ચર કેમ્પની મજા માણી હતી.

### આંખ નિદાન

● લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર તથા જિલ્લા અંધત્વ નિવારણ સોસાયટી-સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર દ્વારા શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ૨૬૨ વિદ્યાર્થિનીઓની આંખની તપાસ કરીને આંખના નંબર ધરાવનારને ચશ્માંનું તા. ૧૧-૧-૧૭ના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ચિકિત્સામાં ડૉ. ચતુરભાઈ પટેલ તથા ડૉ. ઉર્વિશભાઈ પારેખે સેવાઓ

આપી હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબનાં પ્રમુખ શ્રી દેવલબહેન જોષી, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી પ્રિયાબહેન માણેક તથા સેક્રેટરી શ્રી મિતલબહેન રાણા, એરિયા ચેરપર્સન શ્રી વૈશાલીબહેન જોષી તથા ક્લબની બહેનો ઉપસ્થિત રહી હતી. આચાર્યશ્રી નીરૂબહેન પટેલે અંગત રસ લઈને વધારેમાં વધારે વિદ્યાર્થિનીઓ આંખ ચેક કરાવે તે માટે પ્રોત્સાહિત કરી હતી.

### ક્વિઝ

● તા. ૨૯-૧૨-૧૬ના રોજ મહાત્મા મંદિર 'દાંડી કુટિર' ખાતે મહાત્મા ગાંધી જીવન આધારિત ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લેનાર ગાંધીનગરની ૮ શાળાઓમાંથી શ્રી જે. બી. પ્રાથમિક શાળાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

### ખેલ મહાકુંભ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં જુદીજુદી રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી રૂ. ૧ લાખ ૧૦ હજારનું રોકડ ઇનામ મેળવેલ છે. અભિનંદન.

### ગણિત દિવસ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૨-૧૨-૧૬ના રોજ ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી. જેના ભાગરૂપે ધોરણ ૮ના વિદ્યાર્થીઓમાં ગણિતમાં રસ પડે તે માટે ગણિતશાસ્ત્રીઓ વિશે તેમના નામ, જન્મ, મૃત્યુ અને તેમણે કરેલ શોધોની પ્રોજેક્ટર રૂમમાં વીડિયો દ્વારા માહિતી આપવામાં આવી. આ બધી માહિતી શાળાના સુપરવાઈઝર શ્રી અશોકભાઈ તથા ધોરણ ૮ના વિદ્યાર્થીઓ વાઘેલા ધ્રુવી, પટેલ મૈત્રી, દંતાણી મયૂર, ઓઝા પ્રેમ, હડિયોલ સૂરજ, રાઠોડ ક્રિસ અને કલ્યાણી રાજેએ ઇન્ટરનેટ પરથી મેળવી હતી.

### ચિત્રસ્પર્ધા

● બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર પ્રેરિત અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઊર્જા બચત અને પુનઃ પ્રાપ્ય ઊર્જા અંગે જિલ્લાસ્તરની ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થી વિહોલ દિવ્યરાજ નરેન્દ્રસિંહ દ્વારા તૈયાર કરવામાં આવેલ ચિત્રે જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી પ્રમાણપત્ર અને ૫૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિની કુ. હેતવી મકવાણાએ પ્રથમ નંબર મેળવી રૂપિયા પાંચ હજારનું ઇનામ મેળવ્યું. અભિનંદન.

● ગાંધીનગરના ઉદ્યોગભવન સ્થિત કોસ્ટગાર્ડ દરિયાઈ તટરક્ષક દળ, પશ્ચિમ વિભાગ દ્વારા તેના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની બે વિદ્યાર્થિનીઓનાં ચિત્રો શ્રેષ્ઠ-૭માં પસંદગી પામ્યાં.

### પૂ. છગનભા રમતોત્સવ

● તા. ૨૪-૧૨-૧૬ના રોજ કડી ખાતે યોજાયેલ 'પૂ. છગનભા રમતોત્સવ'માં શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ પૈકી ૧૦૦મી દોડમાં ભાભોર પીનલ-પ્રથમ નંબરે, ગોળાફેંકમાં ચુડાસમા દેવાંશી-બીજા નંબરે તથા બેડમિન્ટનમાં રબારી બીનલ-ત્રીજા નંબરે વિજેતા થયાં. કબડ્ડી ટીમે બીજો નંબર પ્રાપ્ત કરી શિલ્ડ મેળવ્યો. એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ કબડ્ડી, ૧૦૦ મીટર દોડ, ગોળા ફેંક, કરાટે, સ્કેટિંગ, રાઇફલ શૂટિંગ લોંગ જમ્પ, બેડમિન્ટન વગેરે રમતોમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શિલ્ડ મેળવ્યો.

### જિમ્નેસ્ટિક સ્પર્ધા

● તાજેતરમાં અંડર-૧૯ સ્કૂલ ગૅમ જિમ્નેસ્ટિક રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા હરિયાણા મુકામે યોજાયેલ જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ભાવના દશરથસિંહ સિસોદિયા (ધોરણ ૧૧/બી)એ ભાગ લીધો.

### પૂ. દાસકાકા યુવક મહોત્સવ તથા રમતોત્સવ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર ખાતે તા. ૧૦-૧-૧૭ના રોજ પૂ. દાસકાકા યુવક મહોત્સવ અંતર્ગત માધ્યમિક અને ઉ. મા. કક્ષાએ ફૅશન-શો, બ્યુટી ક્વિન, જનરલ નૉલેજ, ફેસ પેઇન્ટિંગ, અંતાક્ષરી અને ગ્રૂપ ડાન્સ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ફૅશન ડિઝાઈનર શ્રીમતી એશાબહેન શાહ અને ફૅશન ડિઝાઈનર શ્રીમતી આશાબહેન પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

મહેમાનશ્રીઓના સ્વાગત-સન્માન બાદ પૂ. દાસકાકાના જીવન અને કાર્યોની આછેરી ઝલક ઉ. મા. વિભાગના શિક્ષક અને યુવક મહોત્સવના કન્વીનર શ્રી જશુભાઈ સુતરિયાએ આપી હતી. વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારી વિદ્યાર્થિનીઓને પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરો આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૧૧-૧-૧૭ના રોજ આયોજિત પૂ. દાસકાકા રમતોત્સવમાં કોથળા દોડ, અને રીલે ડ્રિબ્લીંગ રમતો, વન મિનિટ ગેમ-શો વગેરેનું આયોજન કરવામાં આવ્યું.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ રમતોત્સવ મુખ્ય મહેમાન તરીકે નાયબ સચિવશ્રી, (રમતગમત યુવા સાંસ્કૃતિક) શ્રી ભાવેશભાઈ એરડાએ દીપ પ્રાગટ્ય કરી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. તેમણે બાળકોને રમતોનું જીવનમાં મહત્ત્વ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રમતોત્સવમાં જુદીજુદી રમતો જેવી દોડ, ગોળાફેંક, યોગસ્પર્ધા, લીંબુ ચમચી, લાંબી કૂદ, દડાફેંક, ઊંચીકૂદ, ફુગ્ગાફોડ, કોથળાદોડ, જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વ્યાયામવીર તરીકે પટેલ આર્યન મુકેશભાઈ (ધોરણ ૮/ઈ) અને વીરબાળા તરીકે રાઠોડ જ્યોતિ પ્રવીણભાઈ (ધોરણ ૭/સી) જાહેર કરવામાં આવ્યા હતા.

### દાંડી કુટિર

● તા. ૨, ૩ ફેબ્રુઆરીના રોજ શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૭ના ૪૭૦ વિદ્યાર્થીઓએ દાંડી કુટિરની મુલાકાત લઈ ગાંધીજીવન વિશેની રસપ્રદ માહિતી મેળવવા ઉપરાંત આ પ્રદર્શનને નિહાળી મહાત્મા ગાંધીનાં જીવનમૂલ્યોને પોતાના જીવનમાં સ્થાન આપવાની શીખ મેળવી હતી.

### નાતાલ પર્વ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૨-૧૨-૧૬ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત વિદ્યાર્થીઓએ સાન્તા ક્લોઝની વેશભૂષામાં સજ્જ થવા ઉપરાંત કાવ્યગાન અને વાર્તાકથન સ્પર્ધામાં

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગરમાં તા. ૨૪-૧૨-૧૬ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી, જેમાં બાલમંદિરના શિક્ષકોએ સાન્તાક્લોઝનાં કપડાં પહેરીને સાન્તાક્લોઝ બનીને બાળકોને નૃત્ય કરવા પ્રોત્સાહિત કર્યાં હતાં. આ પ્રસંગે જુદાંજુદાં ગીતો જેવાં કે જિન્ગલ બેલ જિન્ગલ બેલ ગીતો પર ડાન્સ કરી આનંદપૂર્વક નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

### નૅશનલ વર્લ્ડ ચાઈલ્ડ ડે

● જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ઉપક્રમે શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના દ્વારા નૅશનલ વર્લ્ડ ચાઈલ્ડ-ડેની ઉજવણી તા. ૧૮થી ૨૪-૧૨-૧૬ દરમિયાન કરવામાં આવી હતી. આ અન્વયે ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. વધુમાં, આ શાળામાં કેશલેસ વ્યવહારો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રારંભમાં આચાર્યશ્રી બચુભાઈ પટેલે સર્વને આવકારી કાર્યક્રમનું મહત્ત્વ સમજાવ્યું હતું. ત્યાર બાદ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડે વધુ ને વધુ પ્રમાણમાં ઈ-મની ટ્રાન્જેકશન માટે તૈયાર થવા અને ઈ-બૅંકિંગ સિસ્ટમનો લાભ લેવા અને પ્રાંત ઑફિસર શ્રી વ્યાસે સુશાસન દિવસ, ઈ-ગવર્નન્સ અને કેશલેસ વ્યવહારો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### પરિસંવાદ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા ધોરણ ૬થી ૮ની વિદ્યાર્થિનીઓ તથા વાલીમિત્રો માટે 'તરુણ અવસ્થાની સમસ્યાઓ' વિશે પરિસંવાદનું આયોજન સંસ્થાના સભાગૃહમાં તા. ૨૩-૧૨-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. વક્તા ડૉ. રાજેન્દ્ર આનંદે તરુણ અવસ્થામાં જોવા મળતા ફેરફારો સાથે વર્તન, સ્વભાવ, અભ્યાસની સરખામણી, વધારે પડતી અપેક્ષાઓ જેવા અગત્યના મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક છણાવટ કરી હતી તેમ જ બાળકો તથા વાલીશ્રીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નોના ઉત્તરો આપીને તેમણે મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

### પ્રકૃતિ ઉદ્યાન

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૮ના ૪૮૫ જેટલા વિદ્યાર્થીઓએ તા. ૧૦-૧૧, જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લઈ પ્રકૃતિ વિષયક માહિતી પ્રાપ્ત કરી હતી.

## પ્રજાસત્તાક પર્વ

● તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ રાષ્ટ્રના ૬૮મા ગણતંત્ર દિવસનો સમારોહ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શાળા-કૉલેજો અને યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૩ના કેમ્પસમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળ સંચાલિત કડીની પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનાં દાતાશ્રી શ્રીમતી પ્રભાવતીબહેનના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ડૉ. કનુભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સ્વતંત્રતા પ્રાપ્તિના સંઘર્ષો અને બલિદાનોનો ઉલ્લેખ કરી દેશની ઉન્નતિ માટે સહુને નાગરિક ધર્મનું આચરણ કરવાની અપીલ કરી હતી, જેમાં સ્વચ્છતા અભિયાન, ટ્રાફિક રુલ્સનું પાલન, ઊર્જા ઇત્યાદિ સ્રોતોની બચત તેમ જ સમયનું મૂલ્ય, પર્યાવરણની જાળવણી ઇત્યાદિ બાબતો પર ખાસ ભાર મૂક્યો હતો. આ નિમિત્તે ૧૧ જેટલી શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ દ્વારા દેશની ભાતીગળ સંસ્કૃતિનું દર્શન કરાવતાં નૃત્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના તમામ કર્મચારીગણ, હૉસ્ટેલનાં અઢી હજાર જેટલાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તેમ જ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના વાલીશ્રીઓ મળી કુલ ૪૦૦૦ જેટલા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા જે. બી. પ્રાથમિક શાળા અને બી.સી.એ. કૉલેજ, ગાંધીનગર દ્વારા સંયુક્ત રીતે સંભાળવામાં આવ્યું હતું.

## બાલોત્સવ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૨-૧૨-૧૬ના રોજ બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રુત લેખન, યાદશક્તિ ચકાસણી, કેશકલાગૂંથન તથા નૃત્ય જેવી વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૭૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમ, ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૮ અને ૨૯-૧૨-૧૬ના રોજ રમતોત્સવ અને બાલોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બુદ્ધિપ્રતિભા શોધ

● એસ. જી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધોરણ પથી ૮ના વિદ્યાર્થીઓ માટે બુદ્ધિપ્રતિભા શોધ વિશે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બુદ્ધિકસોટી આધારિત વિવિધ પ્રકારના પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાન અને વર્તમાન પ્રવાહના જ્ઞાનની ચકાસણી કરવા ઉપરાંત તેમને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા.

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા

● શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા'નું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ૫૨૫ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. આ પૈકી ઉર્વિશ આર. દરજી (ધોરણ ૮)ની રાજ્ય કક્ષાની પરીક્ષા માટે પસંદગી થઈ.

## મતદાન અધિકાર દિવસ

● '૨૫ જાન્યુઆરી મતદાન અધિકાર દિવસ' અન્વયે શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરમાં શ્રી નારણભાઈ બારોટે મતદાન કરવું એ આપણી ફરજ છે તે અંગે તા. ૨૫ જાન્યુઆરીના રોજ રસપ્રદ શૈલીમાં સમજણ આપી હતી. આ પ્રસંગે મતદાન પ્રતિજ્ઞાપત્રનું વાચન પણ કરવામાં આવ્યું હતું.

## મોક પાર્લામેન્ટ

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધો. પથી ૮નાં બાળકો માટે મોક પાર્લામેન્ટનું આયોજન તા. ૮ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. આ અન્વયે બાળકોએ સંસદસભ્યો બનીને સંસદની કાર્યવાહી કરી હતી. જેમાં બાળકોએ દેશમાં એક અભ્યાસક્રમ, નારી સશક્તિકરણ, સ્વાસ્થ્ય તેમ જ સ્વચ્છતા વગેરે વિષયો પર ચર્ચા કરી હતી. આ કાર્યક્રમનું સ્કૂલની વેબસાઈટ દ્વારા પ્રસારણ કરવામાં આવ્યું હતું.

## રમતોત્સવ

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગરનો વાર્ષિક રમતોત્સવ તા. ૩૧-૧૨-૧૬ના રોજ સેક્ટર-૧૫ના સાઈ ફૂટબૉલ મેદાન ખાતે યોજાયેલ, જેને મુખ્ય મહેમાન હેંડબૉલ કોચ શ્રી ધ્રુમાલ, ફૂટબૉલ કોચ શ્રી સોલંકી, મ્યુનિસિપલ કૉર્પોરેટર શ્રી કાર્તિક પટેલ, મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, નર્સિંગ કૉલેજના કેમ્પસ ડાયરેક્ટર શ્રી આર. જે. વ્યાસ અને આચાર્યા શ્રીમતી મિલીસિંહે દીપપ્રાગટ્ય કરી ખુલ્લો મૂક્યો હતો. આ રમતોત્સવમાં પરેડ, વિવિધ દોડ, ડંબેલ્સ, એરોબિક્સ, દેડકા દોડ, વેજિટેબલ રેસ, લીંબુ ચમચી, બૂક બેલેન્સ રેસ, હરડલ્સ, હાઈજમ્પ, ગોળાફેંક, કોથળા દોડ, રિલે રેસ,

રસ્સાખેંચ વગેરે રમતો યોજવામાં આવી હતી. વિજેતા ખેલાડીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ સાથે પ્રમાણપત્ર અને મેડલ મહેમાનશ્રીઓના હસ્તે એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક શાળા, ગાંધીનગરનો રમતોત્સવ મુખ્ય મહેમાન શ્રી મેઘાબહેન કોરડે તથા આચાર્યા શ્રી નીરૂબહેન પટેલે મશાલ પ્રજ્વલિત કરી તા. ૨૧-૧૨-૧૬ના રોજ ખુલ્લો મૂક્યો હતો. જેમાં દોડ, દડાફેંક, દોરડા કૂદ, લીંબુ-ચમચી, સંગીતખુરશી, લાંબીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછીફેંક, સ્લોસાઇકલ જેવી વિવિધ રમતોમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ધો. ૧થી ૪માં મકવાણા સીમરન એન તથા ધો. ૫થી ૮માં ભાભોર પીનલ આર. વીરબાળા બન્યાં.

● રાજ્યકક્ષાની શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધા દેવગઢબારિયા મુકામે તા. ૧૦-૧૧-૧૨-૧૬ના દિવસોમાં યોજાયેલ, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિની ભુવનેશ્વરી એચ. ચૌહાણ U-૧૯ ગ્રૂપમાં ગોળાફેંકમાં ૯-૯૪મી ગોળોફેંકીને પ્રથમ નંબર મેળવી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. યાત્રી એચ. પટેલ (ધો. ૯/C) U-૧૭ ગ્રૂપમાં ૧૦૦મી હડલ્સ રનિંગમાં બીજો નંબર મેળવી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. તેમજ તા. ૨૧થી ૨૩-૧૨-૧૬ દરમિયાન વડોદરા મુકામે વેસ્ટ ઝોન જુનિયર નૅશનલ ચૅમ્પિયનશિપ એથ્લેટિક્સ સ્પર્ધામાં હાઈ-જમ્પ સ્પર્ધામાં નૅશનલ કક્ષાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી કાંસ્યચંદ્રક પ્રાપ્ત કર્યો. રાજ્ય કક્ષાની વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક ચૅમ્પિયનશિપ સ્પર્ધા U-૧૬માં ચંપાવત ભાગ્યશ્રી સંજયસિંહ (ધોરણ-૯/એ)એ ફેંક-કૂદ-દોડની ત્રણેય સંયુક્ત રમતો (ટ્રપાથ્લોન)માં ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો.

● પૂનામાં સ્કૂલગૅમ અંડર ૧૯ લૉન ટેનિસની રાષ્ટ્રીય સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ ચૌધરી વૈદેહી સુરેશભાઈ અને ચૌધરી ઋત્વિ રમેશભાઈ (ધો. ૧૧/એ)એ ગોલ્ડ મેડલ મેળવ્યો. આ બંને વિદ્યાર્થિનીઓએ આંતરરાષ્ટ્રીય લૉન ટેનિસ સ્પર્ધામાં પણ આ વર્ષે ગોલ્ડમેડલ મેળવ્યો હતો.

## રંગોલી

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, ગાંધીનગરની ધો-૬થી ૮ની વિદ્યાર્થિનીઓએ તા. ૨૯-૧૨-૧૬ના રોજ દાંડીકુટીર મહાત્મા મંદિર ખાતે રંગોલી તથા ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રંગોલી સ્પર્ધામાં ધો.-૬/કની વિદ્યાર્થિની મોતીવારસ હેન્સીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.

## વાર્ષિકોત્સવ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત ચાર સરકારી માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓ : ૧. સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨, ૨. સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલય, સેક્ટર-૭, ૩. મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ અને ૪. ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય, પાલજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને પ્રથમ વાર્ષિકોત્સવ તા. ૩૧-૧૨-૧૬ના રોજ શેઠશ્રી ખિમજી વિશ્રામ ઍન્ડ સન્સ સંસ્કારભવન હૉલમાં યોજાઈ ગયો. આ સમારંભના અધ્યક્ષ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલ, સમારંભના ઉદ્‌ઘાટક તરીકે મંડળના ચેરમૅનશ્રી તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ. એમ. બારડ ઉપસ્થિત રહ્યા હતા. ચારેય સરકારી શાળાઓના કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો તથા નૃત્ય, પ્રાચીન ગરબા અને સર્વધર્મ સમભાવ તથા માતા-પિતા વંદન થીમ આધારિત હૃદયસ્પર્શી નાટક રજૂ કર્યું હતું. પ્રત્યેક શાળાના ધોરણ ૯થી ૧૨ સુધીના કુલ ૨૯ તેજસ્વી વિદ્યાર્થીઓને પૂજ્ય છગનભા રૌપ્યચંદ્રક તથા સર્ટિફિકેટ, પૂજ્ય દિવાળીબા, પૂજ્ય દાસકાકા અને પૂજ્ય માણેકલાલ પટેલ સાહેબ સ્કૉલરશિપ પેટે રૂપિયા ૩૯,૩૫૨/- એનાયત કરવામાં આવ્યા હતા. મહેમાનશ્રીઓએ બાળકોને તેમની ભાવિ કારકિર્દીના ઘડતર માટે આશીર્વાદ પાઠવ્યા હતા. મંડળના પ્રમુખશ્રીએ જાહેર કર્યું કે આ ચાર સરકારી શાળામાં અભ્યાસ કરતા ધો. ૧૨ સામાન્ય પ્રવાહના પ્રત્યેક સ્કૂલમાં પ્રથમ આવેલ એક-એક વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કોઈ પણ કૉલેજમાં ગ્રેજ્યુએટ થાય ત્યાં સુધી ફી લીધા સિવાય અભ્યાસ કરવાની તક આપવામાં

આવશે. સમારંભમાં સર્વ વિદ્યાલયની ભગિની શાળાના આચાર્યશ્રીઓ, ડાયરેક્ટરશ્રીઓ, વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું માર્ગદર્શન અને સંચાલન કૉ-ઓડિનેટરશ્રી કૌશલ્યાબહેને કર્યું અને સંયોજન સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારના આચાર્યશ્રી આર. કે. ત્રિવેદીએ કર્યું હતું. મહાત્મા ગાંધી વિદ્યામંદિરના આચાર્યશ્રી જી. જે. ગઢવીએ આભારવિધિ કરી હતી.

### વાલીસભા

● તા. ૨૭-૧૦-૧૬ના રોજ ધો. ૧૦ની પ્રથમ પરીક્ષામાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના જે વિદ્યાર્થીઓનું પરિણામ નબળું હતું એવા વિદ્યાર્થીઓના વાલીઓની મીટિંગ યોજવામાં આવતાં ૧૫૦ વાલી હાજર રહ્યા હતા, જેમાં પોતાનું બાળક આવનાર પરીક્ષામાં સારા ગુણ મેળવી પાસ થાય તેવું પરીક્ષાલક્ષી માર્ગદર્શન અને શાળાકીય કાર્યક્રમની જાણકારી આપવામાં આવી હતી, તેમ જ બોર્ડની પરીક્ષામાં બાળક હતાશ ન થાય અને પદ્ધતિસરની મહેનત કરે તેવાં સૂચનો કરવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૦નું પરિણામ સુધારવા માટે શાળા દ્વારા નબળા વિદ્યાર્થીઓના વાલી સાથે બેઠક, નબળા વિદ્યાર્થીઓનું અલગ હાજરીપત્રક બનાવી નિયમિત શાળામાં આવે અને ગૃહકાર્ય નિયમિત કરે તેવું આયોજન, માધ્યમિક શાળા સંઘ તરફથી આવેલ એસાઈમેન્ટ દિવાળી વૅકેશન પહેલાં આપીને ફરજિયાત લખાવવાનો આગ્રહ, દરેક વર્ગ શિક્ષકો/વિષય શિક્ષકોને જે તે વિષયના નબળા પરિણામવાળા વિદ્યાર્થીઓનાં પરિણામ સુધારવા શિક્ષકને વિદ્યાર્થીઓ દત્તક સોંપવા તથા જાન્યુઆરી માસમાં અલગ વર્ગ કરી અલગથી માર્ગદર્શન આપવું, અત્યંત તેજસ્વી વિદ્યાર્થીઓ માટે પણ જાન્યુઆરી માસમાં અલગ વર્ગ બનાવી શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવું, નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે અવાર-નવાર ટેસ્ટનું આયોજન વગેરે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

### વિજ્ઞાનપ્રદર્શન

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ તૈયાર કરેલ વિજ્ઞાન કૃતિઓનું ડૉ. હોમી ભાભા વિજ્ઞાન પ્રદર્શન તથા ઉલ્લાસ બાલનગરીનું આયોજન કરવામાં આવ્યું હતું, ઉદ્ઘાટક તરીકે શ્રી ડી. આર. પટેલ (વિજ્ઞાન સલાહકાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન) તથા અતિથિવિશેષ પદે ડૉ. સોમાભાઈ પટેલ (કેમ્પસ ડાયરેક્ટર), ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનમાં ૭૫ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ઉલ્લાસ બાલનગરીમાં નાસ્તાના વિવિધ સ્ટોલ ઊભા કરીને વિવિધ વાનગીઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ અન્વયે પ્રાપ્ત થયેલ નફામાંથી જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવશે. પ્રદર્શન અને બાલનગરીની લગભગ ૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ મુલાકાત લીધી હતી.

### વિધાનસભા મુલાકાત

● તા. ૩-૧૨-૧૬ના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદની જન્મજયંતી નિમિત્તે તેમની છબીને પુષ્પાંજલિ અર્પણ કરવા શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ૫૦૦ વિદ્યાર્થિનીઓ, શાળાના આચાર્યશ્રી અને ૨૫ જેટલા શિક્ષકો વિધાનસભાની મુલાકાતે ગયાં હતાં. પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ વિધાનસભા ગૃહની બેઠક વ્યવસ્થા, કાર્યપદ્ધતિ, ધારાસભ્યશ્રીઓ પ્રશ્નની રજૂઆત કઈ રીતે કરે છે તથા તેની ચર્ચા કઈ રીતે થાય છે, કઈ રીતે ખરડો પસાર થઈ કાયદો બને છે વગેરે અંગે વિધાનસભાગૃહના કાર્યકર શ્રી મોદીભાઈએ સમજાવ્યું હતું.

### વિદ્યાપીઠની મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, ગાંધીનગરની ધો.-૪ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૪-૧-૧૭ના રોજ રાંધેજા વિદ્યાપીઠની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વિદ્યાર્થિનીઓએ ખેતીનાં આધુનિક ઓજારો તથા વર્મી કંપોસ્ટ ખાતર વિશે માહિતી મેળવી હતી, તેમ જ ઘઉં, દિવેલ, આમળાનાં ખેતર તથા આંબા અને ચીકુની વાડીઓ જોઈ આનંદ માણ્યો હતો.

### વૈદિક ગણિત

● વિદ્યાર્થીઓ ઝડપી ગણતરી કરી શકે તેમ જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ વૈદિક ગણિતનું જ્ઞાન ઉપયોગી થાય તે હેતુને ધ્યાનમાં રાખીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે વૈદિક ગણિતના

ખાસ વર્ગોનું આયોજન કરવામાં આવે છે, જેનો લાભ લગભગ ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે. આ કામગીરી મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે.

### વ્યાખ્યાન

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓમાં ઇચ્છાશક્તિ, આત્મશક્તિ તથા માનસિક શક્તિઓને કેવી રીતે જાગ્રત કરી શકાય તે વિશે શ્રી શૈલેશકુમાર એમ. પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થિનીઓમાં અભ્યાસ પ્રત્યે રુચિ રહે, શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે, રોગમુક્ત જીવનશૈલી બનાવે તે માટે દૃઢ સંકલ્પશક્તિનો ઉપયોગ કરવો, માનસિક શક્તિને જાળવવા સારાં પુસ્તકોનું વાચન, લક્ષ્ય પ્રાપ્તિ ધ્યેય, યોગ્ય નિર્ણયો કેવી રીતે કરી શકાય તે વિશે સમજાવ્યું હતું.

### શૈક્ષણિક પ્રવાસ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરના વિવિધ વર્ગોની વિદ્યાર્થિનીઓ માટે તા. ૨થી ૪ જાન્યુઆરી દરમિયાન એક-એક દિવસના કેવડિયા કોલોની – સરદાર સરોવર, પોઈચાના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થિનીઓએ પક્ષીઘર, નૌકાવિહાર, હિરણ્યકશિપુ અને પ્રહલાદની વાર્તાનો વોટર-શો નિહાળ્યો હતો, તેમ જ એન્જોય પાર્કમાં રાઈડોમાં બેસી આનંદ માણ્યો હતો. લગભગ ૫૦૦ વિદ્યાર્થિનીઓ ઉપરાંત શાળાનાં આચાર્યા સુધાબહેન પટેલ તથા ત્રણેય વિભાગના સુપરવાઈઝરશ્રીઓ અને શિક્ષકો - કર્મચારી ગણ આ પ્રવાસમાં સહભાગી બન્યાં હતાં. આ ઉપરાંત આ શાળાના વિજ્ઞાનપ્રવાહ – એ ગ્રૂપની વિદ્યાર્થિનીઓને એલ. ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજની મુલાકાતે તા. ૭-૧-૧૭ના રોજ લઈ જવામાં આવી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, ગાંધીનગર દ્વારા ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૧૭-૧-૨૦૧૭ના રોજ સાયન્સ સિટીની મુલાકાત ગોઠવવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થિનીઓએ હૉલ ઑફ સાયન્સ, થ્રીડીફિલ્મ, પ્લેનેટ અર્થ, ઊર્જાપાર્ક, થ્રીલરાઈડ, ફોર ડી નેચરલ ડિજાસ્ટર વગેરેની મુલાકાત લઈ વૈજ્ઞાનિક શોધો સંબંધી માહિતી મેળવી હતી.

### સાહિત્ય પર્વ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૭-૧૨-૧૬ના રોજ વિદ્યાર્થિનીઓ દ્વારા પાઠ્યપુસ્તકો આધારિત અભિનિત કાવ્યો તથા અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી તથા ગુજરાતી ભાષાનાં નાટકોનો રસાસ્વાદ કરાવવામાં આવ્યો હતો. મહેમાનશ્રી ગીજુભાઈ દવેએ પ્રસંગોચિત વક્તવ્યમાં વિદ્યાર્થિનીઓના પ્રયાસોને બિરદાવીને જીવનમાં સાહિત્યના મહત્ત્વ વિશે સમજાવ્યું હતું.

### સ્કાઉટ-ગાઇડ

● બ્રાઈટ સ્કૂલ, વલાદ, તા. જિ. ગાંધીનગર ખાતે ડિસેમ્બર માસમાં યોજાયેલ સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિઓમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો, જેમાં કેમ્પ ફાયરમાં પ્રથમ નંબર અને છાવણી નિરીક્ષણમાં બીજો નંબર મેળવતાં શાળાને ટ્રૉફી એનાયત કરવામાં આવી હતી, જ્યારે વ્યક્તિગત ધોરણે દેસાઈ નીકી (ધોરણ ૯/સી)એ ગાંઠ સ્પર્ધામાં તૃતીય અને જોશી સીમા (ધોરણ-૯/ડી) અવલોકન સ્પર્ધામાં તૃતીય નંબરે વિજેતા થયાં.


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૭, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૭, સળંગ અંક : ૩૭**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



દાતાશ્રી વિષ્ણુભાઈ પી. પટેલ ઉદ્બોધન કરી રહ્યા છે...



દાતાશ્રી પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ ઉદ્બોધન કરી રહ્યા છે...



દાતાશ્રી બાબુભાઈ પટેલ ઉદ્બોધન કરી રહ્યા છે...



કુલસચિવશ્રી એસ. કે. મંત્રાલા આભારવિધિ કરી રહ્યા છે.





એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા આયોજિત રમતોત્સવને ખુલ્લો મૂકી રહેલા મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ તથા અન્ય મહાનુભાવો અને રમતોત્સવનું દ્રશ્ય.





રાષ્ટ્રના ૬૮મા ગણતંત્ર પર્વની ઉજવણી પ્રસંગે રજૂ કરવામાં આવેલ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં બે દ્રશ્યો

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 7, Issue No. 1 January-February 2017**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા સંચાલિત શાળા-કૉલેજોના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રના ૬૮મા ગણતંત્ર પર્વની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કરાવતાં શ્રીમતી પ્રભાવતીબહેન ભરતકુમાર પટેલ.

